અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ જૂન ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૮ | અંક : ૩૩૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૧૯૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


## ન્યૂઝ બ્રિફ

### મને મોટા પ્રસંગોએ રમવાનું ગમે છે : શ્રેયસ અય્યર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

પંજાબ કિંગ્સની ટીમે મુંબઈ ઈન્ડિયન્સને હરાવીને IPL 2025 ની ફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. રવિવારે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટે હરાવ્યું. પંજાબ કિંગ્સની ટીમે મુંબઈ ઈન્ડિયન્સના ૨૦૩ રનના લક્ષ્યાંકને ૧૯ ઓવરમાં જ હાંસલ કરી લીધો. શ્રેયસ ઐયરે ૪૧ બોલમાં ૮૭ રનની અણનમ ઈનિંગ રમી. પંજાબ કિંગ્સની જીત બાદ શ્રેયસ ઐયરે એક મોટો ખુલાસો કર્યો છે. શ્રેયસ ઐયરે કહ્યું, મને મોટા પ્રસંગોએ રમવાનું ગમે છે, હું હંમેશા મારા સાથી ખેલાડીઓને કહું છું કે મોટા પ્રસંગોએ તમે જેટલા શાંત રહેશો, તેટલું સારું પ્રદર્શન કરવાની શક્યતા વધુ રહેશે.

### અમેરિકામાં યહૂદીઓના કાર્યક્રમમાં ફરી હુમલો

। (એજન્સી) કોલોરાડો, તા.૨ ।

અમેરિકાના કોલોરાડોમાં એક શખ્સે યહૂદી કાર્યક્રમ દરમિયાન હુમલો કરી દીધો હતો. મોલોટોવ કૉકટેલ(જ્વલનશીલ પદાર્થ ભરેલી બોટલ)થી કરવામાં આવેલા આ હુમલામાં આશરે ૬ લોકો દાઝી ગયા હતા. મળતી માહિતી મુજબ, આ દરમિયાન ફ્રી પેલેસ્ટાઈન જેવા નારા લગાવવામાં આવ્યા હતા. હાલ, પોલીસે આરોપીની અટકાયત કરી લીધી છે. FBI(ફેડરલ બ્યૂરો ઑફ ઈન્વેસ્ટિગેશન) આ ઘટનાને આતંકવાદી હુમલો ગણાવી રહી છે.

### ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૪૦૦૦ નજીક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતમાં કોવિડ-૧૯ના એક્ટિવ કેસ વધીને ૩૯૬૧ થઈ ગયા છે. જેમાં કેરળમાં સૌથી વધારે ૧૪૩૫ કેસ સામે આવ્યા છે. જોકે, મહારાષ્ટ્ર ૫૦૬ કેસ સાથે બીજા નંબર પર છે. સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (MoHFW)ના આંકડા અનુસાર, સોમવાર (૨ જૂન) સુધી ૨૪ કલાકમાં ૩૭૦ નવા કેસ દાખલ કરવામાં આવ્યા છે. જોકે, WHOની પૂર્વ ચીફ વિજ્ઞાની સૌમ્ય સ્વામીનાથનનું કહેવું છે કે, વધતા કેસના કારણે ડરવાની જરૂર નથી. આંકડા અનુસાર, ગત ૨૪ કલાકમાં દિલ્હીમાં કોવિડથી એક મોત નિપજ્યું છે.

# છત્તીસગઢઃ સુકમામાં ૧૬ નક્સલીઓનું આત્મસમર્પણ

## નક્સલમુક્ત જાહેર થયેલ કેરલાપેંદા ગ્રામ પંચાયતને વિકાસ પ્રોજેક્ટ માટે એક કરોડ રૂપિયા આપવામાં આવશે

। (એજન્સી) સુકમા, તા.૨ ।

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે (૨ જૂન) વધુ ૧૬ નક્સલવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ તમામ નક્સલીઓ પર ૧૬ લાખનું ઈનામ હતું. પોલીસ અધિકારીઓએ કહ્યું કે, આ ૧૬ પૈકી નવ નક્સલી કેરલાપેંદા ગ્રામ પંચાયતના રહેવાસી છે. તેમના આત્મસમર્પણ બાદ આ ગ્રામ પંચાયત નક્સલમુક્ત જાહેર કરવામાં આવી છે. રાજ્ય સરકારની નવી યોજના મુજબ નક્સલમુક્ત જાહેર થયેલ કેરલાપેંદા ગ્રામ પંચાયતને વિકાસ પ્રોજેક્ટ માટે એક કરોડ રૂપિયા આપવામાં આવશે. સુકમા જિલ્લાના પોલીસ અધિક્ષક ચવ્હાણે કહ્યું કે, એક મહિલા સહિત ૧૬ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. તેઓએ અમાનવીય વિચારધારાથી પ્રેરાઈ તેમજ સ્થાનિક આદિસીઓ પર નક્સલીઓના અત્યાચારથી પરેશાન થઈને પોલીસના વરિષ્ઠ અધિકારીઓ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. અધિકારીઓએ કહ્યું કે, નક્સલીઓ રાજ્ય સરકારની 'નિયદ નેલ્લાર'



યોજના એટલે કે 'તમારું સારુ ગામ' યોજનાથી પ્રભાવિત થયા છે. આ યોજનાનો ઉદ્દેશ્ય દૂરના ગામડાંનો વિકાસ કરવાનો છે. અધિકારીએ કહ્યું કે, આત્મસમર્પણ કરનારામાં નક્સલવાદીઓની કેન્દ્રીય ક્ષેત્રીય સમિતિની બીજા નંબરની ૩૬ વર્ષીય સભ્ય રીતા ઉર્ફે ડોડી સુક્કીએ તેમજ નક્સલવાદીઓની પીએલજીએ બટાલિયનની ૧૮ વર્ષિય એક સભ્ય રાહુલ પુનમે પણ આત્મસમર્પણ કર્યું છે. આ બંને પર ૮-૮ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરાયું હતું. પોલીસે કહ્યું કે, '૨૮ વર્ષીય લેખમ લખમા, જેના પર ત્રણ લાખનું ઈનામ, અન્ય ત્રણ નક્સલવાદીઓ, જેમના પર બે-બે લાખનું ઈનામ હતું. તેઓએ પણ આત્મસમર્પણ કર્યું છે.

### ૬ જવાન ગુમ, સર્ચ ઓપરેશન શરૂ

## સિક્કિમમાં આર્મીનો કેમ્પ ભૂસ્ખલનમાં દબાયો : 3 મોત

। (એજન્સી) સિક્કિમ, તા.૨ ।

પૂર્વોત્તર ભારતના રાજ્યોમાં વરસાદ અને ભૂસ્ખલનથી ભારે તબાહી મચી ગઈ છે. રવિવાર (પહેલી જૂન) સાંજે સિક્કિમમાં આર્મી કેમ્પમાં ભૂસ્ખલનથી ત્રણ જવાનોના મૃત્યુ થયા હતા. જો કે, મૃતકોની ઓળખ હજુ સુધી થઈ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૬ સૈનિકો પણ ગુમ છે, જેમની શોધખોળ ચાલી રહી છે. અહેવાલો અનુસાર, રવિવાર (પહેલી જૂન ૨૦૨૫)ના રોજ સાંજે ૭ વાગ્યે ઉત્તર સિક્કિમના ચટ્ટનમાં આર્મી કેમ્પમાં ભૂસ્ખલન થયું હતું, જેના કારણે આસપાસના વિસ્તારોમાં ઘરોને ભારે નુકસાન થયું હતું. આ ભૂસ્ખલનમાં ત્રણ જવાનોના મૃત્યુ થયા છે, જ્યારે અનેક લોકો



ગુમ પણ છે. મૃતકોની ઓળખ અને ગુમ થયેલા લોકોની ઓળખ કરવાની પણ કામગીરી હાથ ધરાઈ છે. ઉત્તર સિક્કિમમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે લોચેન અને લાચુંગ વિસ્તારોમાં લગભગ ૧૫૦૦ પ્રવાસીઓ ફસાયા છે. મંગન જિલ્લાના એસપી સોનમ દેચુ ભૂટિયાએ જણાવ્યું હતું કે, ૧૧૫ પ્રવાસીઓ લાચેનમાં અને ૧૩૫૦ પ્રવાસીઓ લાચુંગમાં રોકાયા છે. ભૂસ્ખલનને કારણે બંને બાજુથી રસ્તા બંધ થઈ ગયા છે. લાચુંગ સાથેનો માર્ગ સંપર્ક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે અને આજથી પ્રવાસીઓનું સ્થળાંતર શરૂ થશે. બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન (BRO) ટીમે ભૂસ્ખલનથી જમા થયેલા કાટમાળને દૂર કર્યો છે, ક્ષતિગ્રસ્ત ભાગોને ફરીથી બનાવાયા છે, જ્યારે ફિડાંગમાં સસ્પેન્શન બ્રિજ નજીક તિરાડો ભરવાનું કામ પણ કરાયું છે, જેથી લાચુંગ-ચુંગથાંગ-શિપ્યારે-શાંકલાંગ-ડિક્ચુ રોડ દ્વારા ફસાયેલા પ્રવાસીઓને બહાર કાઢવાનો માર્ગ મોકળો થયો છે.

### બે પુલ તૂટી પડતાં બે ટ્રેનો પાટા પરથી ઉતરી ગઈ હતી, અનેક લોકો ઘાયલ

## રશિયામાં પ્રચંડ વિસ્ફોટમાં બે પુલ ધરાશાયી, સાતનાં મોત

### સરકારી એજન્સીઓએ અકસ્માત પછી ઘણી તસવીરો શેર કરી છે, આ તસવીરોમાં જોઈ શકાય છે કે ટ્રેનના ઘણા ડબ્બા ક્ષતિગ્રસ્ત થયા છે

। (એજન્સી) મોસ્કો, તા.૨ ।

પશ્ચિમ રશિયામાં વિસ્ફોટોને કારણે બે પુલ તૂટી પડતા મોટી દુર્ઘટના સર્જાઈ હતી. બે ટ્રેન પાટા પરથી ઉતરી જતાં સાત લોકોના મોત તેમજ ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત યુક્રેનિયન સરહદને અડીને આવેલા વિસ્તારમાં થયો હતો. રશિયન તપાસ સમિતિએ જણાવ્યું હતું કે વિસ્ફોટોને કારણે બંને પુલ તૂટી પડ્યા હતા, પરંતુ વિસ્ફોટની વિગતો આપી નથી. યુક્રેનિયન સરહદ પર બ્રાયન્સ્ક પ્રદેશમાં એક પેસેન્જર ટ્રેન પર ૫



હેલો પુલ તૂટી પડ્યો હતો, જેના કારણે જાનહાનિ થઈ હતી. થોડા કલાકો પછી કુર્સ્ક પ્રદેશમાં એક પુલ તૂટી પડતાં બીજી ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. સ્થાનિક કાર્યકારી ગવર્નર એલેક્ઝાન્ડર ખિન્શ્ટેઈને જણાવ્યું હતું કે માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી.અકસ્માત અંગે, બ્રાયન્સ્કના ગવર્નર એલેક્ઝાન્ડર બોગોમાઝે જણાવ્યું હતું કે રાહત અને બચાવ કામગીરી ચાલુ છે. પીડિતોને શક્ય તેટલી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે દેશની કટોકટી સેવાઓના કર્મચારીઓ ઘટનાસ્થળે હાજર છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા છે. સરકારી એજન્સીઓએ અકસ્માત પછી ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં જોઈ શકાય છે કે ટ્રેનના ઘણા ડબ્બા ક્ષતિગ્રસ્ત થયા છે. પુલનો કાટમાળ ટ્રેનના કોચ પર પડ્યો છે. બીજા એક વીડિયોમાં જોઈ શકાય છે કે, કેટલાક વાહનો પુલ નીચેથી પસાર થવાના હતા, પરંતુ વાહન ચલાવવાનું ટાળતા ઘણા લોકો બચી ગયા હતા.

### IPL ફાઇનલના દિવસે અમદાવાદમાં વરસાદની આગાહી

## રોયલ ચેલેન્જર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ફાઈનલ રમાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

IPL 2025 હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. સિઝનની છેલ્લી અને ટાઈટલ મેચ ૩ જૂન, મંગળવારના રોજ રોયલ ચેલેન્જર્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે. આ બંને ટીમો ફાઈનલ જીતીને પોતાનો પહેલો ખિતાબ જીતવાનો પ્રયાસ કરશે. આવી સ્થિતિમાં ચાહકોને એક રોમાંચક મેચ જોવા મળી શકે છે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી છે, જ્યાં પંજાબ કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સની ક્વોલિફાયર ૨



વરસાદનું વિઘ્ન નડ્યું હતું અને મેચ લગભગ અઢી કલાક મોડી શરૂ થઈ હતી. શું વરસાદ મંગળવારે IPLની ફાઈનલમાં વિક્ષેપ પાડી શકે છે ? ત્યારે એ જાણી લઈએ કે ૩ જૂને અમદાવાદમાં હવામાન કેવું રહેશે ? અને જો મેચ રદ થાય છે, તો કઈ ટીમ વિજેતા બનશે ? મંગળવારે અમદાવાદમાં વરસાદની ૬૪ ટકા શક્યતા છે.

### ઈન્ડિગોની ફ્લાઈટ આંધીમાં સપડાઈ, પાયલટે લેન્ડિંગ ટાળ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હીના હવામાનમાં એકાએક પલટો આવતા રવિવારે ઈન્ડિગોની રાયપુર-દિલ્હી ફ્લાઈટ લેન્ડ થાય તે અગાઉ ધૂળના તોફાનમાં સપડાતા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. પાયલટે સયમસુચકતા દર્શાવી હતી અને વિમાનનું લેન્ડિંગ ટાળ્યું હતું. બાદમાં પરિસ્થિતિમાં સુધારો થતા સુરક્ષિત લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ઈન્ડિગોની રાયપુર-દિલ્હી રૂટની ફ્લાઈટ ૬ઈ ૬૩૧૩ના મુસાફરોને રવિવારે કડવો અનુભવ થયો હતો.

### જન કલ્યાણના કાર્યક્રમોની સમીક્ષા કરશે

## ચોથી જૂને મોદીની અધ્યક્ષતામાં યોજાશે મંત્રી પરિષદની બેઠક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પોતાના ત્રીજા કાર્યકાળના એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં યુનિયન કાઉન્સિલ ઓફ મિનિસ્ટર્સની એક મહત્ત્વની બેઠક ૪ જૂનના આયોજિત થશે. આ બેઠક સાંજે ૪.૩૦ વાગ્યે સુષ્મા સ્વરાજ ભવનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ યોજાશે.

વડાપ્રધાન પોતાના ત્રીજા કાર્યકાળને એક વર્ષ પૂર્ણ થાય તે પહેલાં જ તમામ કેન્દ્રીય મંત્રીઓ સાથે મહત્ત્વપૂર્ણ બેઠક યોજી વિવિધ મુદ્દા પર ચર્ચા કરશે. સુત્રો અનુસાર, આ બેઠકમાં કેન્દ્ર સરકાર છેલ્લા ૧૧ વર્ષની ઉપલબ્ધિઓ, યોજનાઓ અને જન કલ્યાણના કાર્યક્રમોની સમીક્ષા કરશે. તેની સાથે આગામી દિવસોમાં જનતા વચ્ચે જઈ સરકારની નીતિઓ અને કાર્યોને અસરકારક રીતે રજૂ કરવાની યોજના પર પણ વિચારણા કરશે.

બેઠકમાં હાલમાં જ હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર મુદ્દે પણ વિશેષ ચર્ચાઓ થવાની સંભાવના છે. વડાપ્રધાન મોદી સેનાના આ અભિયાનને સરકારની નિર્ણાયક નેતૃત્વ ક્ષમતા અને રાષ્ટ્રીય સુરક્ષામાં સશક્ત યોગદાન રૂપે પ્રજા સમક્ષ રજૂ કરવા પર ભાર મૂકશે.

### ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણે કહ્યું

## ઓપરેશાન સિંદૂરથી ભારતે આતંકવાદ વિરૂદ્ધ એક નવી લક્ષ્મણ રેખા બનાવી

### અમે દાયકાઓથી આતંકવાદનો સામનો કરી રહ્યા છીએ : અમે અમારા અનેક લોકોને ગુમાવ્યા છે : હવે અમે તેને ખતમ કરવા માગીએ છીએ : CDS જનરલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ અને પાકિસ્તાનના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફ કમિટીના અધ્યક્ષ જનરલ સાહિર શમશાદ મિર્ઝાએ સિંગાપોરમાં શાંગરી-લા ડાયલૉગના અનેક સેશનમાં ભાગ લેતાં ભારત-પાકિસ્તાન તંગદિલી વચ્ચે એક-બીજાને ખુલ્લેઆમ ચેતવણી આપી છે. જેમાં જનરલ અનિલ ચૌહાણે જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરથી



ભારતે આતંકવાદ વિરૂદ્ધ અસહિષ્ણુતાની એક નવી લક્ષ્મણ રેખા બનાવી છે. જેને પાર કરવાનો પ્રયાસ ન કરવામાં જ ભલાઈ છે. CDS જનરલ અનિલ ચૌહાણે પાકિસ્તાન વિરૂદ્ધ ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ભારતે જે કર્યું છે, તે રાજકીય રૂપે કર્યું છે. તેણે આતંકવાદ વિરૂદ્ધ અસહિષ્ણુતાની એક નવી લક્ષ્મણ રેખા બનાવી છે. મને આશા છે કે, આ વિશેષ ઓપરેશન મૂળ રૂપે સૈન્ય ક્ષેત્રમાં છે. અમારા વિરોધીઓને બોધપાઠ આપનારુ રહ્યું છે. તેઓ હવે સમજી ગયા હશે કે, ભારતની સહનશીલતાની એક મર્યાદા છે. અમે દાયકાઓથી આતંકવાદનો સામનો કરી રહ્યા છીએ. અમે અમારા અનેક લોકોને ગુમાવ્યા છે.

### રજિત ગુપ્તાએ ૩૬૦માંથી ૩૩૨ ગુણ મેળવ્યા છે

## JEE એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ સત્તાવાર રીતે જાહેર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

એન્જિનિયરિંગની દુનિયામાં કારકિર્દી બનાવવાનું સ્વપ્ન જોતા લાખો વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર છે. JEE એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ આજે સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓ હવે jeeadv.ac.in વેબસાઈટ પર જઈને પોતાનો સ્કોરકાર્ડ ચકાસી શકે છે. આ સાથે અંતિમ આન્સર કી પણ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે.

આ વર્ષે ૧ લાખ ૯૦ હજારથી વધુ વિદ્યાર્થીઓએ JEE એડવાન્સ્ડ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. પરીક્ષા બે પેપર - પેપર-૧ અને પેપર-૨ માં લેવામાં આવી હતી, જે બંને ૧૮૦-૧૮૦ ગુણના હતા, એટલે કે કુલ પરીક્ષા ૩૬૦ ગુણની હતી.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) કાનપુરે ૨ જૂન, ૨૦૨૫, સોમવારના રોજ JEE એડવાન્સ્ડ ૨૦૨૫નું પરિણામ જાહેર કર્યું છે. આ વખતે IIT દિલ્હી ઝોનના રજિત ગુપ્તાએ ટોપ કર્યું છે. તેણે ૩૬૦માંથી ૩૩૨ ગુણ મેળવ્યા છે. પરીક્ષામાં બેઠેલા તમામ ઉમેદવારો પોતાનું પરિણામ જોવા માટે સત્તાવાર વેબસાઈટ jeeadv.ac.in ની મુલાકાત લઈ શકે છે. અરજી નંબર અને જન્મ તારીખ ત્યાં લૉગિન કરવાની રહેશે.

### INDIA ગઠબંધનમાં તિરાડ!

## બિહાર વિધાનસભામાં AAP તમામ ૨૪૩ બેઠકો ઉપર લડશે ચૂંટણી

। (એજન્સી) પટણા, તા.૨ ।

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં વિપક્ષ ગઠબંધન INDIAને મોટો ઝટકો વાગ્યો છે. INDIA ગઠબંધનમાં સામેલ AAP એ બિહારમાં એકલા હાથે ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. બિહારમાં આમ આદમી પાર્ટી પોતાના જોરે તમામ ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડશે. દિલ્હીમાં કારમી હાર બાદ આમ આદમી પાર્ટી હવે ફરી રાષ્ટ્રીય સ્તરે વર્ચસ્વ જમાવવા એડીચોટીનું જોર લગાવી રહી છે. અરવિંદ કેજરીવાલ, મનિષ સિસોદિયા સહિત પક્ષના દિગ્ગજ નેતાઓ પ્રચાર માટે રણનીતિ ઘડી રહ્યા છે.

મીડિયા સાથેની વાતચીતમાં AAPના રાષ્ટ્રીય મીડિયા સંયોજક અનુરાગ ઢાંડાએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી કોઈપણ ગઠબંધનમાં સામેલ નથી. અમારી પાસે અમારી પોતાની તાકાત છે. અમે તેના જોર પર જ આગળ વધી રહ્યા છીએ. INDIA ગઠબંધન લોકસભા ચૂંટણી માટે હતું. હવે અમે કોઈપણ ગઠબંધનનો ભાગ નથી. આમ આદમી પાર્ટી વિધાનસભા ચૂંટણી માટે સંગઠનને મજબૂત બનાવવા પર કામ કરી રહી છે. હાલમાં જ તેણે સ્ટુડન્ટ વિંગની સ્થાપના કરી હતી. પક્ષે રાજ્યોને બે કેટેગરીમાં વહેંચી દીધા છે. એ કેટેગરીમાં મોટી ટિકિટ પર મુકાબલો લડશે. જ્યાં તેના રાષ્ટ્રીય અધ્યક્ષ અરવિંદ કેજરીવાલ પણ સક્રિય બનશે. જેમાં ગુજરાત, હિમાચલ પ્રદેશ, આસામ, ઉત્તરાખંડ, પંજાબ, દિલ્હી અને ગોવા સામેલ છે. જ્યારે બી કેટેગરીમાં પ્રદેશ અધ્યક્ષ ચૂંટણીનું નેતૃત્વ કરશે.

### હારથી નિરાશ ટેબલ પર મુક્કા માર્યા

## નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં ડી ગુકેશે મેગ્નસ કાર્લસનને હરાવ્યો

। (એજન્સી) નોર્વે, તા.૨ ।

વર્લ્ડ ચેમ્પિયન ડોમારાજુ ગુકેશે નોર્વે ચેસ ૨૦૨૫ ટુર્નામેન્ટના છઠ્ઠા રાઉન્ડમાં પૂર્વ વર્લ્ડ નંબર વન મેગ્નસ કાર્લસનને પોતના કરિયરમાં પ્રથમ વખત ક્લાસિકલ ટાઈમ કંટ્રોલમાં હરાવીને શાનદાર જીત હાંસલ કરી. સફેદ મહોરાઓ સાથે રમતા યુવા ભારતીય ખેલાડીએ દબાણમાં પણ રમત પર પોતાની પકડ જાળવી રાખી અને અંતિમ રાઉન્ડમાં ૩૪ વર્ષીય નોર્વેજિયન ગ્રાન્ડમાસ્ટરની એક દુર્લભ ભૂલનો ફાયદો ઉઠાવીને તેને યાદગાર



જીતમાં ફેરવી દીધું. સ્ટાવેન્જરમાં ઘરેલૂ દર્શકોની સામે રમી રહેલ કાર્લસન ગેમમાં મોટા ભાગના સમયમાં ડી ગુકેશ સામે મજબૂત દેખાવ રહ્યો અને તે સારી સ્થિતિમાં દેખાઈ રહ્યો હતો. પરંતુ ગુકેશે શિસ્ત અને ધીરજથી કાર્લસનની દરેક ચાલનો બચાવ કર્યો અને પછી સટીક વળતો હુમલો કરીને આખી ગેમ પલટી નાખી.

### માફી માગી છતાં પોલીસે ધરપકડ કરતા વિરોધ

## એક વાંધાજનક વીડિયો બદલ શર્મિષ્ઠાની ધરપકડથી વિવાદ

। (એજન્સી) કોલકાતા, તા.૨ ।

વિવિધ વિવાદો અંગે સોશિયલ મીડિયા પર વીડિયો બનાવનાર શર્મિષ્ઠા પંચોલીની કોલકાતા પોલીસ દ્વારા ગુરુગ્રામમાંથી ધરપકડ કરવામાં આવી હતી. જોકે આ ધરપકડને લઈને વિવાદ સર્જાયો છે. ભાજપના નેતાઓએ શર્મિષ્ઠાને છોડી મુકવાની માગ કરી છે. શર્મિષ્ઠા પૂણેમાં કાયદાનો અભ્યાસ કરી રહી છે. તેણે તાજેતરમાં પાકિસ્તાન, રણવીર અલ્હાબાદીયા, બોલિવૂડના કલાકારો અંગે વીડિયો બનાવ્યા હતા. જે બાદ તેની ભારે ટિકા થઈ રહી હતી. જોકે હવે તેની ધરપકડ થતા વિવાદ સર્જાયો છે.

પાકિસ્તાન સાથે ઘર્ષણ દરમિયાન શર્મિષ્ઠાના ત્રણ વીડિયો વાયરલ થયા હતા, જેમાં એક વીડિયોમાં તે બોલિવૂડના ત્રણેય ખાન અંગે અબશબ્દો બોલી રહી છે, બીજા વીડિયોમાં તે યુટયુબર રણવીર અલ્હાબાદીયાને અપશબ્દો બોલી રહી છે, જ્યારે ત્રીજા વીડિયોમાં તે આડકતરી રીતે મોહમ્મદ પયગંબર, ઈસ્લામ અંગે વાંધાજનક શબ્દો બોલી રહી છે. શર્મિષ્ઠા સામે કોલકાતામાં ફરિયાદ દાખલ થઈ હતી, જે બાદ કોલકાતા પોલીસે તેની ધરપકડ કરી હતી. કોલકાતાની સ્થાનિક કોર્ટે શર્મિષ્ઠાને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધી છે. જોકે આ ધરપકડનો હવે વિરોધ થઈ રહ્યો છે. ભાજપ સાંસદ અને અભિનેત્રી કંગના રાણાવતે શર્મિષ્ઠાનું સમર્થન કર્યું હતું અને તેને છોડી મુકવા અપીલ કરી હતી. આંધ્ર પ્રદેશના ઉપમુખ્યમંત્રી પવન કલ્યાણે પણ શર્મિષ્ઠાને સમર્થન કર્યું હતું.

# ગુજરાતની શાન એવા ગરબા મેદસ્વિતા મુક્તિ માટે છે શ્રેષ્ઠ કસરત



। કચ્છ, તા.૨ ।

એ હાલો....' આવો સાદ પડે, ગરબા સંભળાય કે દરેક ગુજરાતીઓ ના પગ થીરકવા માંડે છે સાચું ને....! ગરબા, ડાન્સ આ બધું જ આપણે શોખ અને ભરપૂર ઉત્સાહ સાથે કરતાં હોઈએ છીએ. રોજિંદી વ્યસ્ત જિંદગીમાં આજે પોતાના માટે સમય કાઢવો એટલે સૌથી મુશ્કેલ કામ છે ત્યારે મેદસ્વિતાથી પીડાતાં આજના દરેક વર્ગના લોકો માટે ગરબા યોગ, ઝુમ્બા ડાન્સ આ એક અલગ પદ્ધતિ છે જેનાથી મેદસ્વિતામાંથી મુક્ત થઈ શકાય છે. તો ચાલો તમે પણ થઈ જાઓ તૈયાર.... ડાન્સની સાથે ગરબા અને યોગ વિશે વૈશાલીબેન પાસેથી જાણી 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનમાં જોડાવા.....

કચ્છ જિલ્લાના ભુજ શહેરમાં છેલ્લા ૨૫ વર્ષથી ગરબા અને ડાન્સ ક્લાસ ચલાવતા વૈશાલીબેન જેઠી જાની જણાવે છે કે, આજની વ્યસ્ત જિંદગીમાં લોકોને નિયમિતપણે વહેલા ઊઠવું, કસરત કરવી આ બધું મુશ્કેલ લાગે છે. આજનો બદલાતો ખોરાક અને આળસના કારણે માનવી શારીરિક અને માનસિક સમસ્યાઓથી પીડાય રહ્યો છે. નિયમિત રૂપે યોગ કરવા, વોકિંગ કરવું, ફાસ્ટફૂડથી દૂર રહેવું આજના યુવાનો અને બાળકોને આ આભ જેવડી મુશ્કેલી લાગે છે. ત્યારે ગરબા,યોગ અને ડાન્સની મદદથી આરામથી પોતાનું વજન ઘટાડી દરેક મહિલાઓ, યુવાનો અને બાળકો મેદસ્વિતાથી મુક્ત બની શકે છે. મિત્રો, ગરબા રમતા રમતા પણ કસરત થઈ શકે છે. મેદસ્વિતા દૂર કરવા માટે આપણા ગરબા ઉપયોગી છે.

વધુમાં તેઓ જણાવે છે કે, ગરબા રમતી વખતે અને ડાન્સ કરતી વખતે યોગની અનેક મુદ્રાઓ સાથે લયબદ્ધ થતી શ્વાસોચ્છવાસની ક્રિયા થકી શરીરમાં લોહીનું ભ્રમણ સારી રીતે થાય છે અને વધારાની ચરબી પણ ઘટાડી શકાય છે. હાલમાં જ્યારે ઘણા લોકો માનસિક તણાવ સામે ઝઝુમી અનેક રોગનો ભોગ બની રહ્યા છે. ત્યારે આપણે યોગ અને પ્રાણાયામના માધ્યમથી શારીરિક અને માનસિક રીતે જાગૃત બની, હેપ્પી હોર્મોન્સ એક્ટિવ કરવા સાથે સ્વસ્થ રહીએ.

### આગામી પાંચ વર્ષમાં અદાણી ગ્રુપ વિવિધ વ્યવસાયોમાં ૧૫-૨૦ અબજ ડોલરનું રોકાણ કરશે

# કટોકટીમાં કંપની વધુ મજબૂત બનીનેને બહાર આવી: ગૌતમ અદાણી

## ભારતની મહત્વાકાંક્ષાઓ સાથે સુમેળ સાધી અદાણી જૂથની આગેકૂચ

। અમદાવાદ, તા.૨ ।

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ કંપનીના કપરા ચઢાણ અને વ્યાપાર સામ્રાજ્યની વધુ મજબૂતી વિશેના રહસ્યો ખોલ્યા છે એશિયાના બીજા સૌથી ધનિક ઉદ્યોગપતિએ જણાવ્યુ હતું કે, તાજેતરમાં આવેલી તમામ મુશ્કેલીઓનો સામનો કરીને અદાણી ગ્રુપે નોંધપાત્ર મજબૂતી દર્શાવી છે. પીટીઆઈના ૧ જૂનના અહેવાલ મુજબ ગૌતમ અદાણીએ આગામી પાંચ વર્ષમાં તેના વિવિધ વ્યવસાયોમાં ૧૫-૨૦ અબજ ડોલરનું રોકાણ કરવાની નેમ વ્યક્ત કરી છે.

ગૌતમ અદાણીએ કંપનીની મજબૂત બેલેન્સ શીટ અને વૃદ્ધિનો ઉલ્લેખ કરીને આ વાત કહી છે. ગ્રુપની ફ્લેગશીપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝિસના તાજેતરના વાર્ષિક અહેવાલમાં તેમણે જણાવ્યું હતું કે "વિવિધ સંપાદનો અને કડક તપાસનો સામનો કર્યો હોવા છતાં અદાણી ગ્રુપે ક્યારેય પાછીપાની નથી. એટલું જ નહીં, આ જૂથ પોતાની વ્યૂહરચના બદલી વધુ સ્થિતિસ્થાપક, પ્રબળ અને અડીખમ બનીને ઉભરી આવ્યું છે."

**આપનો દૃઢ વિશ્વાસ એ જ અમારી તાકાત**

અદાણી ગ્રુપના ચેરમેને કહ્યું, "અમારા ઉદ્દેશ્યો ભારતની મહત્વાકાંક્ષાઓ સાથે સુમેળ ધરાવે છે. ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે,



અમારા શેરધારકોનો અમારામાં દૃઢ વિશ્વાસ એ જ અમારી તાકાત છે." તેમણે ઉમેર્યું હતું કે "પ્રત્યેક પડકાર અમારા સંકલ્પને વધુ મજબૂત બનાવે છે અને દરેક અવરોધ એક પગથિયું બની જાય છે."

**'નકારાત્મકતા સત્યને ઢાંકે છે'**

ગૌતમ અદાણી જણાવે છે કે "આપણે એવી દુનિયામાં રહીએ છીએ જ્યાં નકારાત્મકતા ઘણીવાર સત્ય કરતાં વધુ પડઘા પાડે છે. પરંતુ અમે કાનૂની પ્રક્રિયાઓને સહકાર આપીએ છીએ. હું એ પણ ભારપૂર્વક કહેવા માંગુ છું કે અમારા જૂથની કામગીરી વૈશ્વિક ધોરણો મુજબની છે. અમારુ માળખુ મજબૂત છે, અમે તેમાં કોઈ સમાધાન કરતા નથી."

વિગત વર્ષોમાં અદાણી જૂથના વિવિધ વ્યવસાયોમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. બંદરોથી લઈને એરપોર્ટ, નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન, ડેટા સેન્ટરો, સંરક્ષણ ઉત્પાદન, શહેરી ગેસ જેવા અદાણી ગ્રુપના વ્યવસાયોએ નવા વિક્રમો સર્જ્યા છે.

**સાચા નેતૃત્વની કસોટી કટોકટીમાં**

ગૌતમ અદાણીએ કહ્યું, "ઈતિહાસ અમને બેલેન્સશીટના કદ માટે નહીં, પરંતુ અમારા નક્કર પાયા માટે યાદ રાખશે; અમે જે બજારોમાં પ્રવેશ્યા તેના માટે જ નહીં, પરંતુ જે વિપદાઓમાંથી મજબૂત બની બહાર આવ્યા તેના માટે યાદ રાખશે. જ્યારે બધી જ પરિસ્થિતીઓ અનુકૂળ હોય ત્યારે નેતૃત્વ કરવું સરળ છે, પરંતુ નેતૃત્વની સાચી કસોટી તો કટોકટીનો સામનો કરવામાં જ થાય છે."

**ઐતિહાસિક નફાનું વર્ષ**

અદાણી ગ્રુપના ચેરમેને કહ્યું કે, "તાજેતરમાં પ્રકાશિત કંપનીના પરિણામો એક રસપ્રદ વાર્તા કહે છે - રેકોર્ડબ્રેક આવક, અભૂતપૂર્વ વૃદ્ધિ અને ઐતિહાસિક નફાનું વર્ષ. જો કે સત્ય એ છે કે આ તમામ સીમાચિહ્નો અમારી અવિરત શક્તિ અને દ્રઢતાનું પ્રતિબિંબ છે. તે એક એવા જૂથનો પુરાવો છે જેણે અવરોધોથી આગળ વધીને સ્વપ્ન જોવાની હિંમત કરી. જે દરેક શ્વાસ સાથે આવતીકાલ માટેની પ્રબળ સંભાવનાઓ ખોલે બનાવે છે."

પોર્ટથી લઈને પાવર સુધીના વ્યવસાયો ધરાવતું આ જૂથ ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ દ્વારા ભારતના સૌથી મહત્વાકાંક્ષી શહેરી પુનર્વસન પ્રયાસનું નેતૃત્વ કરી રહ્યું છે.

# વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે ભાવનગર સાયકલ ક્લબ આયોજિત ૧૫ કી.મી. સાયકલ રાઈડ યોજાઈ

## ફિટ ઇન્ડિયા મૂવમેન્ટના "ફાઇટ ફોર ઓબેસિટી" અને "સન્ડે ઓન સાઇકલ" રાઇડમાં જિલ્લા કલેક્ટર શ્રી ડો. મનીષ કુમાર બંસલ જોડાયા

। ભાવનગર, તા.૨ ।

ભાવનગર સાયકલ ક્લબ દ્વારા તા. ૧ જૂન ૨૦૨૫ રવિવારના રોજ ફિટ ઈન્ડિયા મૂવમેન્ટના "ફાઈટ ફોર ઓબેસિટી" અને "સન્ડે ઓન સાઈકલ" રાઈડ અંતર્ગત શહેરમાં એક વિશિષ્ટ અને પ્રેરણાદાયક કાર્યક્રમ રૂપે ૧૫ કિલોમીટર સાયકલ રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાવનગર સાયકલ ક્લબ આયોજિત ૧૫ કિલોમીટરની સાયકલ રાઈડમા ભાવનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. મનીષ કુમાર બંસલ જોડાયા હતા.

તા. ૩ જૂને વિશ્વ સાયકલ દિવસ આવતો હોય જેની ઉજવણીના ભાગ રૂપે તા. ૧ જૂન ના રવિવારના રોજ રજાના દિવસે શહેરમાં સાયકલ રાઈડનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિવિધ વયજૂથના નાગરિકોને ઉત્સાહપૂર્વક કુલ ૧૫૦ સાયક્લિસ્ટોએ ભાગ લીધો હતો.

વધુમાં કલબના સંસ્થાપક શ્રી કલ્પેશસિંહ ઝાલા સાથે વાત કરતા જણાવ્યું કે, આ રાઈડ સવારે ૬:૩૦ વાગ્યે વેલેન્ટાઇન સર્કલથી, પાણીની ટાંકી, વિરાણી સર્કલ, લીલા સર્કલ, ટોપ થ્રી સર્કલ, અધેવાડા થઈને ઝાંઝરીયા હનુમાનજી મંદિર અને ત્યાંથી પરત એજ રુટ થઈને વેલેન્ટાઇન સર્કલે પૂર્ણ થઈ હતી..



આ સાયકલ રાઈડમાં ભાવનગરના કલેકટરશ્રી ડૉ. મનીષ બંસલ ભાવનગરની આમ જનતા સાથે ૧૫ કિલોમીટર સાયકલ ચલાવી હતી અને ભાવેણાવાસીઓનો પ્રેરણાપૂરી પાડી અને ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ સાયકલ રાઈડનો મુખ્ય ઉદ્દેશ આરોગ્ય જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ તથા ટેક્નોલોજી અને વાહન વ્યવહાર પર થતા અવલંબનને ઓછું કરીને સાયકલનો વધુમાં વધુ લોકો ઉપયોગ કરે તે માટે પ્રેરણા આપવા માટેનો છે.

સાયકલ એ માત્ર યાત્રાનું સાધન નહિ, પરંતુ સ્વાસ્થ્ય અને સ્વચ્છતા તરફનો એક સશક્ત પગથીયું છે સાયકલ ચલાવવી એ ફિટનેસ અને પર્યાવરણ બંને માટે લાભદાયી છે. આવી રાઈડો નવા પેઢીને શારીરિક સશક્તતા અને કુદરત પ્રત્યે પ્રેમ વધારવા માટે ઉત્તમ મંચ મળે છે. આ રાઈડમાં ભાગ લેનાર દરેક સાયકલિસ્ટોને મેડલ, ઈ-પ્રમાણપત્ર અને મંદિર ખાતે લીંબુપાણી આપવામાં આવ્યું હતું.

## સરકારી પોલિટેકનિક દાહોદ ખાતે ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઇજનેરીમાં પ્રવેશ પ્રક્રિયાની માહિતી માટે મફત માર્ગદર્શન કાર્યક્રમ

। દાહોદ, તા.૨ ।

સરકારી પોલિટેકનિક દાહોદ ખાતે ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા ઈજનેરીના વિવિધ અભ્યાસક્રમો હાલ ચાલી રહ્યા છે. વધુમાં ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ મેળવવા માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૫/ ૨૬ માટેની ઓનલાઈન પ્રક્રિયા ૧૫/૦૫/૨૦૨૫થી શરૂ થઈ ગયેલ છે. જેમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને ડિપ્લોમા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની સંપૂર્ણ માહિતી મળી રહે તે હેતુથી તારીખ ૦૫ જૂન ૨૦૨૫ના ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સરકારી પોલિટેકનિક દાહોદ ખાતે મફત માર્ગદર્શન કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

## રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૫ ટકાથી વધારે NFSA રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણ

। વડોદરા, તા.૨ ।

રાજ્યના જરૂરિયાતમંદ નાગરિકને અનાજનો જથ્થો મળી રહે તે માટે શરૂ કરેલ e-KYC એ એક સાચા લાભાર્થીની ઓળખ પ્રસ્થાપિત કરીને તેમને પૂરતો અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટેનું ક્રાંતિકારી પગલું છે. રાજ્ય સરકાર પાત્રતા ધરાવતા તમામ સાચા રેશનકાર્ડ ધારકોને લાભ આપવા સતત પ્રયત્નશીલ છે. પુરવઠા વિભાગની યાદીમાં જણાવાયું છે કે, સાચા નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ-NFSA કાર્ડ ધારકોએ e-KYC કરાવવું જરૂરી છે. અત્યાર સુધીમાં આ અંતર્ગત રાજ્યમાં ૮૫ ટકા કરતા પણ વધારે NFSA રેશનકાર્ડ ધારકોનું e-KYC પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકીના સાચા NFSA રેશનકાર્ડ ધારકોને સમયસર પૂરતો અનાજનો જથ્થો મળી રહે તે માટે સત્વરે e-KYC કરાવી લેવા રાજ્ય સરકાર દ્વારા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. જેથી e-KYCની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ NFSA રેશનકાર્ડ ધારકોને મળવા પાત્ર અનાજના જથ્થાનું સમયસર વિતરણ કરી શકાય.

### બનેવીને બચાવવા જતાં ગુમાવ્યો બંનેએ જીવ

# ગાંધીધામ નજીક તળાવમાં ડૂબી જતાં બે યુવાનોના મોત

## બંને યુવકો બાઇક ધોવા ગયા હતા તે દરમિયાન બનેવી ખાડામાં ડૂબી જતાં સાળાએ બચાવવાનો પ્રયાસ કર્યો હતો

। (એજન્સી) ગાંધીધામ, તા.૨ ।

કચ્છ પંથકમાંથી એક અરેરાટીભર્યા સમાચાર પ્રાપ્ત થયા છે. ગાંધીધામના અંતરજાળ નજીક આવેલા તળાવમાં ડૂબી જતાં બે યુવકોના મોત નીપજ્યા છે. ઘરેથી બાઈક ધોવાનું કહીને નીકળ્યા હતા. પરંતુ મોડી સાંજ સુધી પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ આદરી હતી. આ દરમિયાન તળાવ નજીક બાઈક અને ચંપલ મળી આવતાં પોલીસને જાણ કરી હતી. પોલીસે તરવૈયાની મદદથી બંને મૃતદેહો બહાર કાઢ્યા હતા અને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીધામનાં અંતરજાળ નજીક તળાવમાં ડૂબી જતા બે યુવાનોના મોત નીપજ્યા હતા. આ બંને યુવકો ઘરેથી બાઈક ધોવાનું કહીને નીકળ્યા હતા.

જોકે યુવકો મોડી સાંજ સુધી પરત ન ફરતાં પરિવારજનો આસપાસમાં શોધખોળ આદરી હતી. આ દરમિયાન તળાવ પાસેથી બાઈક અને ચંપલ મળી આવતાં પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થાનિક લોકો અને તૈરવૈયાની મદદથી શોધખોળ આદરી હતી.

જેમાં એક મૃતદેહ ગતરાત્રીના અને બીજો સવારના મળી આવ્યો હતો. બંને યુવકો સાળા-બનેવી હોવાનું જાણવા મળ્યું છે. બાઈક ધોવા ગયા હતા તે દરમિયાન બનેવી ખાડામાં ડૂબી જતાં સાળાએ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. બનેવીને બચાવવા જતાં સાળો પણ પાણીમાં ડૂબી ગયો હતો. બે યુવકોના મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## તારાપુરને આખરે મળ્યો નગરપાલિકાનો દરજ્જો

। (એજન્સી) તારાપુર, તા.૨ ।

આણંદ જિલ્લાના તારાપુર ગામને નગરપાલિકાનો દરજ્જો મળતા તાલુકાભરમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. લાંબા સમયથી તારાપુરના સર્વાંગી વિકાસ માટે તારાપુરને નગરપાલિકાનો દરજ્જો આપવાની માંગણી થઈ રહી હતી, જેને ગુજરાત સરકારે મંજૂરીની મહોર મારી દીધી છે. તારાપુર ગ્રામ પંચાયતને 'ક' વર્ગની નગરપાલિકા જાહેર કરવામાં આવી છે, જે આણંદ જિલ્લાની ૯મી અને રાજ્યની ૧૫૦મી નગરપાલિકા બની છે. સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય દ્વારા તારાપુરના વિકાસને વેગ આપવા માટે રાજ્ય સરકારને સતત રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતો ફળીભૂત થતા તારાપુરના લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# વડોદરાના દિવ્યાંગ વિદ્યાર્થી યેશા મકવાણાને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

। વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરની દિવ્યાંગ વિદ્યાર્થી યેશા મકવાણા, જેણે ધોરણ-૧૨ ની પરીક્ષામાં લહિયાની મદદ વગર ૯૩.૨૩ પર્સેન્ટાઈલ મેળવીને ભવ્ય સફળતા હાંસલ કરી છે, તેને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા અભિનંદન પત્ર પાઠવીને તેના ગૌરવમાં વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા યેશા મકવાણાને સંબોધિત પત્રમાં, "આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શારીરિક-માનસિક ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ માટે 'દિવ્યાંગ' શબ્દ પ્રયોજ્યો છે. જે આપની સફળતામાં ચરિતાર્થ થતો જોઈને આનંદ થાય છે." તેમ જણાવ્યું છે. આ પત્રમાં મુખ્યમંત્રીશ્રીએ યેશાની સિદ્ધિને બિરદાવતા જણાવ્યું હતું કે, "આપની પ્રેરણાથી અન્ય દિવ્યાંગ વિદ્યાર્થીઓને પણ પ્રેરણા મળશે અને તે અન્યો માટે પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે.'' મુખ્યમંત્રીશ્રીએ પાઠવેલા શુભેચ્છા પત્રમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી કન્યા કેળવણીના પરમ હિતેચ્છુ રહ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં તેમણે વર્ષ ૨૦૦૩ થી 'કન્યા કેળવણી' સાથે પ્રવેશોત્સવ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. યેશા મકવાણાએ પોતાની આ સિદ્ધિ માટે દિવસ-રાત સખત મહેનત કરી છે.

## વિશેષ

### ૩ જૂન : વિશ્વ સાયકલ દિવસ

# ફીટ ઇન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર ભાવનગરના સાઈકલિસ્ટ શ્રી કલ્પેશસિંહ ઝાલા

## સાયકલિંગ સાથેનું સગપણ: ઘરના દાદરા નહોતા ચડાતા, આજે ગિરનાર ચડવા સક્ષમ બન્યા કલ્પેશસિંહ ઝાલા સ્વાસ્થ્ય બાબતે આત્મવિશ્વાસ રાખીને અને મહેનત કરીએ તો પરિણામ ચોક્કસ મળે જ છે : કલ્પેશસિંહ ઝાલા

। (માહિતી) ભાવનગર ।

કોરોના (કોવિડ-૧૯) પછી ઘરે દાદરા નહોતા ચડાતા, તેના બદલે આજે ગિરનાર ચડવા સક્ષમ બન્યા છે ભાવનગરના સાઈકલિસ્ટ શ્રી કલ્પેશસિંહ ઝાલા. ૩ જૂન એટલે કે વિશ્વ સાયકલ દિવસ છે ત્યારે ભાવનગરની મહારાજા કૃષ્ણકુમાર યુનિવર્સિટીના કેમ્પસ ઓફિસર, સાઈકલિસ્ટ અને ફીટ ઈન્ડિયાના બ્રાન્ડ એમ્બેસેડર એવા શ્રી કલ્પેશસિંહ ઝાલા દરરોજ સવારે- ૩૦ કિલોમીટર સાયકલ ચલાવે છે. અને રવિવારે તો લોંગ સાયકલિંગ ૬૦ થી ૧૦૦ કિલોમીટર સાઈકલિંગ કરે છે. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં કેમ્પસ ઓફિસર તરીકે ફરજ બજાવતા ૪૧ વર્ષીય શ્રી કલ્પેશસિંહ ઝાલા સાઈકલિંગના અનુભવો વિશે જણાવતા કહે છે કે, કોરોના કાળ (કોવિડ-૧૯)માં મને કોરોના









થયો હતો. જેના કારણે મારે ક્વોરોન્ટાઈન થવું પડયું હતું. જો કે, એ સમયે કોરોનાથી તો યોગ્ય સારવારને કારણે સારું થઈ ગયું હતું. પણ એ પછી શરીરને સતત થાક લાગતો અને થાક અનુભવાતો હતો. થોડીક શારીરિક મહેનત કરીએ કે, ઘરના દાદરા ચડીએ તો હાંફીને થાકી જવાતું હતું. આ બાબતે ડૉક્ટરોની સલાહ લીધી તો તેમણે કહ્યું કે, કોરોનાની આડઅસર થોડા વર્ષો પછી પણ શરીરને અનુભવાતી હોય છે. પણ તેમણે હિંમત હાર્યો વગર અને શરીરને રાબેતા મુજબ ફિઝીકલી એક્ટિવ રાખી વોલીબોલ, ક્રિકેટ, રનીંગ અને પછી સાયકલિંગની કસરત શરૂ કરીદીધી. શ્રી કલ્પેશસિંહેનિયમિત પણે દરરોજ સવારે ૧૦ થી ૧૫ કિલોમીટર સાયકલ ચલાવવાનું શરૂ કર્યું, તેના કારણે શરીરને શુદ્ધ ઓક્સિજન મળ્યો અને ફેફસાંની કસરત થતી હોય અને નવી ઉર્જાનો તેમને અનુભવ થયો, આમ, દરરોજ કિલોમીટર વધારતા ગયા અને ધીમેધીમે ૩૦ કિલોમીટર સુધી સાયકલિંગ કરવા શરીરને તૈયાર કર્યું. તે બાદ રવિવારે લોંગ ડ્રાઈવ સાયકલિંગ ૬૦ થી ૧૦૦ કિલોમીટર કરવાનું નક્કી કર્યું અને ત્યારબાદ સાયકલ ટૂર કરવાનું પણ નક્કી કર્યું. જેમાં ભાવનગર થી દિવ ૨૦૦ કિલોમીટર, ભાવનગર થી લાઠી અને ભાવનગર પરત ૨૦૦ કિલોમીટર, તેમજ દીવ થી ઓખા ૩૫૦ કિલોમીટર સુધી તેઓ સાયકલ ચલાવી ચૂક્યા છે.

શ્રી કલ્પેશસિંહ ઝાલા જણાવે છે કે, સાઈકલિંગને કારણે અત્યારે હું એકદમ ફીટ અને શરીર હળવા ફૂલ જેવું બની ગયું છે, સાયકલિંગને કારણે સંપૂર્ણ પણે થાક ગાયબ થઈ ગયો હોય અને મારા ફેફસાં પણ મજબૂત થઈ ગયા હોય તેવું લાગે છે. શરીરમાં સ્ટેમિના તો વધ્યો છે, એની સાથે શરદી-ઉધરસ પણ ગાયબ થઈ ગયા છે. રોજિંદા કામમાં હવે થાક લાગતો નથી. હાલમાં તેઓ ૪.૩૦ કલાકમાં જૂનાગઢના ગિરનાર પર્વત ના ગુરુ શિખર ચડ્યા હતા, પણ શ્વાસ ચડવો કે થાક લાગવા જેવી કોઈ પણ પ્રકારની મુશ્કેલી નડી નથી, તેના મૂળમાં સાયકલિંગ સાથેનું સગપણ છે, તેમ તેમણે કહ્યું હતું.

સાયકલિંગના આટલા સારા પરિણામો બાદ શ્રી કલ્પેશસિંહ ઝાલાએ ભાવનગર શહેરમાં ભાવનગર સાયકલ ક્લબ શરૂ કરી છે અને વધુમાં વધુ લોકો સાયકલિંગ તરફ આગળ વળે અને આ દિશામાં આગળ વધે તે માટે લોકોને સાયકલિંગનું મહત્વ સમજાવી રહ્યાં છે. આ સાઈકલ ક્લબમાં હાલ ૧૦૦ જેટલાં સભ્યો છે. ભાવનગર શહેરની ૧૦૦ કિલોમીટરની ત્રિજ્યામાં આ સભ્યોની સાયકલ ટુર યોજાતી હોય છે.

સાયકલીસ્ટ શ્રી કલ્પેશસિંહ ઝાલાનું માનવું છે કે, સ્વાસ્થ્ય બાબતે આત્મવિશ્વાસ રાખીને અને મહેનત કરીએ તો પરિણામ ચોક્કસ મળે જ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ઓસ્ટ્રેલિયાને બબ્બે વર્લ્ડ કપ જીતાડનાર મેક્સવેલે લીધો સંન્યાસ




। (એજન્સી) સિડની, તા.૨ ।

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં નિવૃત્તિનો એક તબક્કો છે. રોહિત શર્મા પછી વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટ છોડી દીધું. ત્યારબાદ શ્રીલંકાના એન્જેલો મેથ્યુઝે પણ નિવૃત્તિની જાહેરાત કરી. ત્યારે હવે ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલે ODI ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. ૩૬ વર્ષીય મેક્સવેલે ૨૦૧૨માં ઓસ્ટ્રેલિયા માટે ODI ડેબ્યૂ કર્યું હતું. તે ૨૦૧૫ અને ૨૦૨૩ વર્લ્ડ કપ જીતનાર ટીમનો પણ ભાગ હતો. જોકે, તે હાલ T20 આંતરરાષ્ટ્રીય મેચ રમવાનું ચાલુ રાખશે. વર્લ્ડ કપ ૨૦૨૩માં ગ્લેન મેક્સવેલે અફઘાનિસ્તાન સામે ODI ઈતિહાસની શ્રેષ્ઠ ઈનિંગમાંની એક રમી હતી. ઓસ્ટ્રેલિયાને મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં જીતવા માટે ૨૯૨ રનનો લક્ષ્યાંક હતો. ટીમના ૭ બેટ્સમેન ૯૧ રન બનાવીને આઉટ થઈ ગયા હતા. અહીંથી હાર નિશ્ચિત દેખાતી હતી પરંતુ પછી મેક્સવેલનું તોફાન આવ્યું. તેણે ૧૨૮ બોલમાં ૨૦૧ રનની અણનમ ઈનિંગ રમી. હેમસ્ટ્રિંગને કારણે તે ચાલી પણ શકતો નહોતો. આ પછી પણ બેટ્સમેને ટીમને વિજય તરફ દોરી.

### કોહલીની પબ વન ૮ કમ્યૂન વિરુદ્ધ કર્ણાટક પોલીસે FIR નોંધી




। (એજન્સી) બેંગ્લુરુ, તા.૨ ।

બેંગ્લુરુમાં ક્રિકેટર વિરાટ કોહલીની પબ વન ૮ કમ્યૂન (One8 Commune) વિરુદ્ધ કર્ણાટક પોલીસે FIR નોંધી છે. આ પબ બેંગ્લુરુના રત્નમ કોમ્પ્લેક્સના છઠ્ઠા માળે આવેલું છે. કમ્બન પાર્ક પોલીસે વિરાટના આ પબ એન્ડ રેસ્ટોરાં સામે COTPA એક્ટ (સિગારેટ અને અન્ય તંબાકુ ઉત્પાદક કાયદા)ના ઉલ્લંઘનનો આરોપ મૂકતાં FIR નોંધી છે. વિરાટની આ પબ સામે COTPA એક્ટની કલમ ૪ અને ૨૧ હેઠળ કેસ દાખલ થયો છે કેમ કે રેસ્ટોરાંમાં ધૂમ્રપાન માટે કોઈ સ્મોકિંગ ઝોન નથી. કાયદા હેઠળ જાહેર સ્થળોએ ધૂમ્રપાન માટે કડક નિયમો નક્કી કરાયા છે અને વિરાટની પબ દ્વારા તેનું પાલન નહોતું કરાઇ રહ્યું જે ગુનાની શ્રેણીમાં આવે છે. વન ૮ કમ્યૂન સામે અગાઉ પણ કાર્યવાહી થઇ ચૂકી છે. ગત વર્ષે જૂનમાં પણ તેની સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી.

### ઇનવેસ્ટમેન્ટ પ્લાનની ઓફર આવતી હોય તો બચીને રહેજો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સ્કેમર્સ હાલમાં લોકોને છેતરવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના નામનો ઉપયોગ કરી રહ્યાં છે, જેના કારણે SBI દ્વારા લોકોને સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે. SBIના નામથી અનેકવાર છેતરપિંડી થયેલી છે, તેથી સમય-સમયે બેંક દ્વારા લોકોને જાગૃત કરવામાં આવે છે. હાલમાં SBI દ્વારા ફરી લોકોને જાગૃત કરવામાં આવ્યું છે, કારણ કે તેમના નામનો ઉપયોગ કરીને માર્કેટમાં ઈનવેસ્ટમેન્ટ પ્લાન દ્વારા છેતરપિંડી થઈ રહી છે. છેતરપિંડી કરનારાઓ SBIના નામ અને લોગોનો ઉપયોગ કરીને ખોટી પ્રોફાઈલ બનાવી રહ્યા છે. આ પ્રોફાઈલ દ્વારા લોકોને ઈનવેસ્ટમેન્ટની ટિપ્સ આપવામાં આવી રહી છે, જેની મદદથી ચોક્કસ ફંડમાં રોકાણ કરવાથી મોટું રિટર્ન મેળવવાની વાત કરવામાં આવે છે. આ ખોટી પ્રોફાઈલ દ્વારા એડ્વરટાઇઝમેન્ટ કરવામાં આવે છે અને વોટ્સએપ ગ્રુપ માટે પણ ઈનવાઈટ મોકલાય છે. SBIએ ચેતવણી આપી છે: 'છેતરપિંડી માટે કેટલીક ખોટી એડ્સ આપવામાં આવી રહી છે, જેમાં કહેવામાં આવે છે કે આ તક ચૂકી ન જાવ, વોટ્સએપ ગ્રુપને ફ્રીમાં જોઈન કરો અને સાત દિવસમાં પૈસા ડબલ કરો.' સોશિયલ મીડિયા પર ચાલી રહેલી છેતરપિંડી અંગે SBIએ સ્પષ્ટતા કરી છે કે તેઓ કોઈ પણ પ્રકારની સ્ટોક અથવા માર્કેટ ટિપ્સ આપતા નથી, જે ઓછા સમયમાં ઉંચું રિટર્ન આપી શકે.

# ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં વરસાદથી હજારો ગામો જળબંબાકાર થયા

## વિવિધ ઘટનાઓમાં ૩૦ થી વધુ લોકોના મોત : આસામ, અરુણાચલ અને મણિપુરમાં લાખો લોકો પ્રભાવિત થયા

। (એજન્સી) ઈમ્ફાલ, તા.૨ ।



મણિપુરમાં ભારે વરસાદને કારણે છેલ્લા ૪૮ કલાકમાં પૂર અને ભૂસ્ખલનને કારણે ૩,૮૦૨ લોકો પ્રભાવિત થયા છે અને ૮૮૩ ઘરો તબાહ થઈ ગયા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, નદીઓમાં પાણી ભરાઈ જવાથી અને બંધ તૂટવાથી રાજ્યની રાજધાની ઈમ્ફાલ અને ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના ઘણા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. તેમણે માહિતી આપી હતી કે, મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ ઈમ્ફાલ શહેરના અનેક ડૂબી ગયેલા વિસ્તારોની મુલાકાત લીધી હતી, જ્યારે સેના અને આસામ રાઈફલ્સના જવાનોએ સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લા ઈમ્ફાલ પૂર્વમાં ડૂબી ગયેલા વિસ્તારોમાંથી લગભગ૮૦૦લોકોનેબચાવ્યાહતા. આ ઉપરાંત, ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વિવિધ ઘટનાઓમાં ૩૦ થી વધુ લોકોના મોત થયા છે. IMDના ઈમ્ફાલ સ્થિત હવામાન કેન્દ્ર અનુસાર, ગુરુવારે રાજ્યમાં સૌથી વધુ વરસાદ સરહદી વિસ્તારમાં મોરેહમાં નોંધાયો હતો, જ્યાં ૧૦૨ મીમી વરસાદ પડ્યો હતો. ત્યારબાદ અનુક્રમે કામજોંગ (૯૬ મીમી), ચંદેલ (૭૬ મીમી) અને ઉખરુલ (૬૦.૮ મીમી) વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે કહ્યું છે કે, હાલમાં ૫ જૂન સુધી આ વરસાદથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. IMD મુજબ, આગામી થોડા કલાકોમાં ઉત્તરપૂર્વીય ક્ષેત્રમાં ભારે વરસાદ પડી શકે છે. IMD એ ૪ જૂન સુધી આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વિવિધ સ્થળોએ ભારે વરસાદની આગાહી પણ કરી છે. તે જ સમયે, અરુણાચલ, આસામ અને મેઘાલયમાં પણ ભારે વરસાદની આગાહી છે. રાજભવન દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ભલ્લાએ મુખ્ય સચિવ પીકે સિંહ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે ઈમ્ફાલમાં કાંગલા નોંગપોક થોંગ, લૈરીકિએંગબામ લીકાઈ અને સિંગજામેઈ બ્રિજની મુલાકાત લીધી હતી અને ત્યાંની પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનના પરિણામે છેલ્લા ૪૮ કલાકમાં ઓછામાં ઓછા ૩,૮૦૨ લોકો પ્રભાવિત થયા છે અને ૮૮૩ ઘરોને નુકસાન થયું છે. રવિવારે વરસાદે આસામના આ વિસ્તારોમાં વિનાશ વેર્યો હતો. પાણીની ઉછળતી લહેરો બધે ફેલાઈ ગઈ હતી. ચોમાસાના આગમન સાથે, ભારે વરસાદે સમગ્ર વિસ્તારને સમુદ્રમાં ફેરવી દીધો હતો. દરેક જગ્યાએ પાણી હતું. ઘરો ડૂબી ગયા હતા. ખેતરોમાં પાક નાશ પામ્યો હતો. પ્રાણીઓના જીવ જોખમમાં મુકાયા હતા. માણસો પોતાનો જીવ બચાવવા માટે કુદરતના જાદુ સાથે ઝઝૂમતા જોવા મળ્યા હતા. ગામલોકો નાની હોડીઓ અને વાંસની મદદથી પોતાનો જીવ બચાવવાનો પ્રયાસ કરતા રહ્યા હતા. આસામના નાગાંવ જિલ્લાની આ સ્થિતિ છે. ખરેખર, આ વર્ષે સમગ્ર દેશમાં હવામાન ચક્ર ખોરવાઈ ગયું છે. આ સમયે ઉત્તર ભારતમાં સારો વરસાદ પડી રહ્યો છે, જ્યારે સામાન્ય રીતે આ કાળઝાળ ગરમીનો સમય હોય છે. દેશના ઘણા વિસ્તારોમાં ચોમાસાએ પણ સમય પહેલા દસ્તક આપી દીધી છે. આ કારણે, ત્યાં ભારે વરસાદ પડી રહ્યો છે. આ તસવીરો આસામની છે. અહીં ભારે વરસાદને કારણે ભયંકર પૂર આવ્યું છે.

### ભાભીએ પ્રેમી દિયર સાથે મળીને પત્ની હત્યા કરી

## જેસલમેર જિલ્લામાં એક શખ્સની હત્યાથી હાહાકાર

। (એજન્સી) જેસલમેર, તા.૨ ।



ભારત-પાક સરહદથી અડીને આવેલા જેસલમેર જિલ્લામાં એક શખ્સની હત્યાની ઘટનાએ સમગ્ર વિસ્તારમાં હાહાકાર મચાવી દીધો છે. અહીં દિયર અને ભાભી એકબીજાના પ્રેમમાં એટલા ગળાડૂબ થઈ ગયા કે તેમણે દુનિયાની ચિંતા છોડી દીધી. પ્રેમમાં જે આડે આવ્યા તેમને હટાવવા માટે લોહીની હોળી પણ ખેલી નાખી. ભાભીએ પ્રેમી દિયર સાથે મળીને પોતાના પતિને નિર્દયતાપૂર્વક મારી નાખ્યો. આ બંનેની એક વર્ષથી લવ સ્ટોરી ચાલી રહી હતી. આ પ્રેમી કપલ એક સાથે ખેતીકામ કરતા હતા. મહિલાએ અહીં પોતાના પતિને બોલાવ્યો અને પ્રેમી સાથે મળીને તેને મોતને ઘાટ ઉતારી દીધો.

જેસલમેર જિલ્લાના સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ઘટના વિશે જેણે પણ સાંભળ્યું તે ચોંકી ગયા. કોઈએ પણ વિચાર્યું નહોતું કે ૧૨ વર્ષ પહેલાં અગ્નિની સાક્ષીએ સાત ફેરા લઈને જિંદગીભર સાથે નિભાવવાનું વચન આપનારી પત્ની જશોદા પારકા પુરુષ માટે થઈને પતિ હરદાનરામ સાથે આવું પણ કરી શકે. પોલીસે જશોદા અને તેના પ્રેમી દિયર કલારામ બંનેની ધરપકડ કરી લીધી છે. તેમની સાથે પૂછપરછ કરી રહી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, હચમચાવી નાખતી આ ઘટના જેસલમેરના સદર પોલીસ સ્ટેશન વિસ્તારના ચાંપલા ગામ નજીક થઈ હતી. ત્યાં એક કૂવા પર કલારામ અને જશોદા કામ કરતા હતા. જશોદાના પતિનું નામ હરદાનરામ છે.

કલારામ હરદાનરામનો નાનો પિતરાઈ ભાઈ છે. એક સાથે કામ કરતી વખતે જશોદા અને કલારામ વચ્ચે પ્રેમ પ્રસંગ થઈ ગયો હતો. બંને વચ્ચે લગભગ એક વર્ષથી આ લવ સ્ટોરી ચાલી રહી હતી. પણ બંનેને હરદાનરામ આંખમાં કણાની જેમ ખટકતો હતો. તેથી તેમણે હરદાનરામને રસ્તામાંથી હટાવવાનો નિર્ણય લીધો. બંનેએ રવિવારે હરદાનરામને કૂવા પર બોલાવ્યો. બાદમાં ત્યાં બંનેએ મળીને હરદાનરામ પર ધારદાર હથિયારથી હુમલો કરી હત્યા કરી બાદમાં ફરાર થઈ ગયા. પોલીસે આ ઘટનાની જાણકારી મળતા જ ઘટનાસ્થળ પર પહોંચી. તેણે લાશને કબજામાં લઈ લીધી અને જેસલમેરના શ્રીજવાહિર હોસ્પિટલના મોર્ચરીમાં રખાવી દીધી. પરિવારને સૂચના આપી. બાદમાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી.

હત્યાની ઘટના દરમિયાન કલારામને ગંભીર ઈજા થઈ હતી. પોલીસની દેખરેખમાં તેની સારવાર ચાલી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, હરદાનરામ ચૌધરીના આ બીજા લગ્ન હતા. પહેલી પત્નીનું મોત થઈ ગયું હતું. તેમને એક દીકરો છે. હરદાનરામના બીજા લગ્ન ૧૨ વર્ષ પહેલાં જશોદા સાથે થયા હતા. તેનાથી તેમને એક દીકરી અને બે દીકરા છે. પોલીસ હાલમાં આ સમગ્ર મામલે તપાસ કરી રહી છે.

### ૬ વર્ષ જૂની પરંપરા તૂટે તેવી શક્યતા

## G-7 સંમેલનમાં ભાગ લેવા કેનેડા નહીં જાય પીએમ નરેન્દ્ર મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



કેનેડામાં આયોજિત થઈ રહેલાં G-7 સંમેલનમાં આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાગ નહીં લે. સંમેલન ૧૫-૧૭ જૂનની વચ્ચે કેનેડાના અલ્બર્ટામાં આયોજિત થઈ રહ્યું છે, જેમાં વડાપ્રધાનના સામેલ થવાની સંભાવના નહિવત છે. આવું છ વર્ષમાં પહેલીવાર થશે જ્યારે વડાપ્રધાન મોદી G-7 સંમેલનમાં ભાગ નહીં લે. સંમેલનમાં સામેલ ન થવા પાછળનું કારણ ભારત-કેનેડા તણાવ અને સુરક્ષાની ચિંતાને જણાવવામાં આવી રહ્યું છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વડાપ્રધાન મોદીએ કેનેડા જવા માટેના હાલ કોઈ સંકેત નથી આપ્યા, ન તો કેનેડાના વડાપ્રધાન મોદીએ G-7માં સામેલ થવા માટે ભારતને નિમંત્રણ મોકલ્યું નથી. આ સિવાય ભારતે પણ સંમેલનમાં સામલ થવાની ઈચ્છા વ્યક્ત નથી કરી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ભારત-કેનેડા તણાવને જોતા અત્યાર સુધી બંને દેશોમાં સુધારો નહીં આવે ત્યાં સુધી ભારત તરફથી આવી હાઈ-પ્રોફાઈલ મુલાકાત સંભવ નથી. અહીં વાત G-7ની નથી પરંતુ, ભારત તેની મેજબાની કરી રહેલા દેશને જોતા ભારતે આ પગલું ભર્યું છે. બે વર્ષ પહેલાં ખાલિસ્તાની આંતકી હરદીપ સિંહ નિજ્જર હત્યાકાંડને લઈને બંને દેશોમાં વિવાદ થયો હતો, ત્યારબાદ ભારતે કેનેડાથી પોતાના હાઈ કમિશનરને પરત બોલાવી લીધા હતા અને અત્યાર સુધી તેમની નિયુક્તિ કરવામાં નથી આવી. કેનેડામાં ખાલિસ્તાની કટ્ટરપંથી તત્ત્વોને જોતા વડાપ્રધાન મોદી માટે ત્યાં જવું ચિંતાનો વિષય છે. G-7 દુનિયાની ૭ વિકસિત અર્થવ્યવસ્થાઓમાં કેનેડા, ફ્રાન્સ, ઈટલી, જાપાન, બ્રિટેન અને અમેરિકાનું સંગઠન છે, જેના વાર્ષિક શિખર સંમેલનામાં દુનિયાના અન્ય પ્રભાવશાળી દેશોના નેતાઓને પણ નિમંત્રણ આપવામાં આવે છે. વડાપ્રધાન મોદી ૨૦૧૯થી આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે. જોકે, સંમેલનમાં કયા-કયા દેશ સામેલ થશે તે વિશે કેનેડાએ કોઈ સત્તાવાર જાણકારી નથી આપી, પરંતુ કેનેડાની મીડિયાનું કહેવું છે કે, સંમેલનમાં સભ્ય દેશોના નેતા સિવાય ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, યુક્રેન અને બ્રાઝીલના નેતાઓ ભાગ લઈ શકે છે.



નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે પેરાગ્વેના રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકત કરી.

## શ્રી પદ્મનાભસ્વામી મંદિરમાં થશે દુર્લભ મહાકુંભભિષેક

। થિરૂવનંતપૂરમ્, તા.૨ ।

કેરળના પ્રસિદ્ધ શ્રી પદ્મનાભસ્વામી મંદિરમાં ૨૭૦ વર્ષ પછી એક દુર્લભ મહાકુંભભિષેક થવા જઈ રહ્યો છે. આ દુર્લભ મહાકુંભભિષેક ૮ જૂને થશે. અધિકારીઓએ આ અંગે માહિતી આપી છે. આ મંદિરમાં લાંબા સમયથી બાકી રહેલું જીર્ણોદ્ધાર કાર્ય હાલમાં જ પૂર્ણ થયું છે. આ કાર્ય પૂર્ણ થયા પછી આવતા અઠવાડિયે ભવ્ય મહાકુંભભિષેક થશે. મંદિરમાં રહેતા પૂજારીઓના મતે આ અનુષ્ઠાનનો હેતુ આધ્યાત્મિક ઉર્જાને મજબૂત કરવાનો અને મંદિરની પવિત્રતાને ફરીથી જાગૃત કરવાનો છે. તમને જણાવી દઈએ કે, આ ખાસ પ્રકારનું મહા-અનુષ્ઠાન ૨૭૦ વર્ષ પછી થવા જઈ રહ્યું છે. મંદિરના મેનેજર બી. શ્રીકુમારે આ અંગે જણાવ્યું કે, સદીઓ જૂના મંદિરમાં ૨૭૦ વર્ષથી વધુ સમયના અંતરાલ પછી આ પ્રકારનો વ્યાપક જીર્ણોદ્ધાર અને તેની સાથે સબંધિત વિધિઓ કરવામાં આવી રહી છે અને આગામી કેટલાક દાયકાઓમાં તે ફરીથી થવાની શક્યતા નથી. તેમણે આગળ જણાવ્યું કે, મંદિર પરિસરમાં ૮ જૂનના રોજ મહાકુંભભિષેક અનુષ્ઠાન થશે. આ કાર્યક્રમના ભાગ રૂપે વિવિધ અનુષ્ઠાન કરવામાં આવશે.

### કાશ્મીરી પંડિતોને ઘાટીમાં પાછા લાવવા જોઈએ : મુફ્તી

## ૫ વર્ષમાં પહેલી વાર લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાને મળ્યા મહેબૂબા મુફ્તી

### મહેબૂબા મુફ્તીએ કહ્યું કોઈપણ રાજકીય પ્રક્રિયા સફળ થઈ શકતી નથી, જ્યાં સુધી કાશ્મીરી પંડિતોની ભાગીદારી ન હોય

। (એજન્સી) જમ્મુ, તા.૨ ।



જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP) ના વડા મહેબૂબા મુફ્તી સોમવારે (૨ જૂન) પાંચ વર્ષમાં પહેલી વાર લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા સાથે મુલાકાત કરી. આ ખાસ મુલાકાત બાદ તેમણે કહ્યું કે મેં કાશ્મીરી પંડિતોની વાપસીની માંગણી કરી. તેમણે કહ્યું અમારું માનવું છે કે કોઈપણ રાજકીય પ્રક્રિયા સફળ થઈ શકતી નથી, જ્યાં સુધી કાશ્મીરી પંડિતોની ભાગીદારી ન હોય. મહેબૂબા મુફ્તીએ કહ્યું કે તેમણે ઉપરાજ્યપાલને એક પત્ર આપ્યો, જે મુખ્યમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ મોકલવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ૭૪ હજારથી વધુ વિસ્થાપિત પરિવારોમાંથી ઘણા પાછા ફરવા માંગે છે અને તેમને આમાં મદદ કરવી જોઈએ. જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી પંડિતોનો મુદ્દો તમામ પક્ષો માટે ખૂબ મોટો રહ્યો છે. મહેબૂબા મુફ્તીએ ૨૦૧૯ માં કલમ ૩૭૦ હટાવ્યા પછી પહેલી વાર LG ને મળ્યા ત્યારે કહ્યું, "બધા પરત ફરતા કાશ્મીરી પંડિતોને તેમના ગૃહ જિલ્લામાં અડધી કનાલ જમીન આપવી જોઈએ. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં કાશ્મીરી પંડિતોને આપવામાં આવેલી બે નામાંકિત બેઠકોના બદલામાં, તેમની બેઠક અનામત રાખવામાં આવે. કાશ્મીરી પંડિતોને સન્માન અને શાંતિથી પાછા ફરવામાં મદદ કરવી જોઈએ. અમરનાથ યાત્રામાં સામાન્ય લોકો સાથે પણ કામ કરવું જોઈએ." તેમણે કહ્યું, "ઓમર અબ્દુલ્લા (જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી) સરકારી વિધાનસભામાં કલમ ૩૭૦ પર પ્રસ્તાવ મૂકવાને બદલે ટ્યૂલિપ ગાર્ડનમાં ફરી રહ્યા હતા. અમે બધાને પત્રો લખ્યા અને જો ઓમર સરકાર તેને હળવાશથી લઈ રહી છે તો અમે શું કરી શકીએ છીએ. કાશ્મીરી પંડિતોની વાપસી અમારો રાજકીય એજન્ડા હશે અને સરકાર સાથે, અમે તેમના વાપસી માટે પણ કામ કરીશું." મહેબૂબા મુફ્તીએ કહ્યું, "અમારો એજન્ડા લાવતા પહેલા, અમે કાશ્મીરી પંડિતો સાથે વાત કરી હતી અને તેમાં તેમના સૂચનો પણ સામેલ કર્યા છે. અમે કાશ્મીરી પંડિતોને કાશ્મીરી સમાજમાં પાછા સામેલ થતા જોવા માંગીએ છીએ."

## કાકા અને ભત્રીજાની મુલાકાત બાદ દિગ્ગજ નેતાનું ચોંકાવનારું નિવેદન

### સુપ્રિયા સુલે આ મામલે અંતિમ નિર્ણય લેશે જે સંકેત આપે છે કે, બંને પરિવાર ફરી પાછો એક તાંતણે જોડાઈ શકે છે

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી સમયથી રાજ્યનું રાજકારણ સતત ચર્ચામાં છે. મહારાષ્ટ્રના પવાર પરિવારમાં સત્જાતા અને ઉત્તરાધિકારીનો વિખવાદ હવે પૂર્ણ થવાના આરે હોવાનો સંકેત પરિવારના જ સભ્યે જ આપ્યો છે. મહારાષ્ટ્રના રાજકરણમાં લાંબા સમયથી આ વિષય ચર્ચાઈ રહ્યો છે. શરદ પવારના પૌત્ર અને તેમના ખાસ રોહિત પવારે અજિત પવારની એનસીપી અને શરદ પવારની એનસીપી-એસપી વચ્ચે વિલય થવાની સંભાવના વ્યક્ત કરતાં આ અટકળોને વેગ મળ્યો છે. રોહિત પવારને આ બંને જૂથના વિલય અંગેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેનો જવાબ આપતાં કહ્યું કે, સુપ્રિયા સુલે આ મામલે અંતિમ નિર્ણય લેશે. જે સંકેત આપે છે કે, બંને પરિવાર ફરી પાછો એક તાંતણે જોડાઈ શકે છે. ઉલ્લેખનીય છે, બંને પરિવારના સભ્યો પહેલાંથી જ બંને પરિવારના જોડાણના દાવાઓ ફગાવતાં આવ્યા છે. શરદ પવારે પણ એકતાની વાત પર સ્પષ્ટ જવાબ આપ્યો નથી. પરંતુ બંને પરિવાર વચ્ચે સમાધાન કરાવવાની જવાબદારી સુપ્રિયા સુલેના માથે નાખવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. તેઓ વિદેશ પ્રવાસથી પરત ફર્યા બાદ આ મુદ્દે વાત કરશે. સુપ્રિયા સુલે હાલ ઓપરેશન સિંદૂરની માહિતી વિશ્વ સુધી પહોંચાડવાના કેન્દ્ર સરકારના ડેલિગેશન મિશન પર છે. તેઓ ૫ જૂને ભારત પરત ફરશે. શરદ પવારે કહ્યું કે, અજિત પવાર જૂથ સાથે વિલય મુદ્દે અમારા ધારાસભ્યો કે કાર્યકરો વચ્ચે કોઈ ચર્ચા થઈ નથી. સુપ્રિયા સુલે પરત ફર્યા બાદ ચોક્કસ નિર્ણય લેશે. એવી અટકળો પણ વહેતી થઈ છે કે, શરદ પવાર ભાજપ અને અજિત પવારની એનસીપી સાથે ગઠબંધન કરવા વિચારણા કરી રહ્યા છે. પરંતુ શરદ પવારનો રાજકીય ઈતિહાસ ચોંકાવનારો રહ્યો છે. તેમની કથની અને કરનીમાં ઘણીવાર ફેર જોવા મળ્યો છે. જેથી આ મામલે જ્યાં સુધી સત્તાવાર જાહેરાત ન થાય ત્યાં સુધી કોઈ સ્પષ્ટ ચિત્ર જાણવા મળશે નહીં.

## તંત્રી લેખ...

# યુક્રેનના હુમલાથી રશિયાને ૭ બિલિયન ડોલરનું નુકશાન

જ્યારે વાત ડ્રોન યુદ્ધની આવે છે, ત્યારે યુક્રેને રશિયાને એવો ઝટકો આપ્યો કે દુનિયાના બધા જ સૈન્ય રણનીતિકારોની આંખો ફાટી ગઈ. ભારત માટે આ એક ચેતવણી સાથે શીખ પણ છે. ૧ જૂનના રોજ યુક્રેને 'ઓપરેશન સ્પાઈડર વેબ' હેઠળ રશિયાના પાંચ હવાઈ મથકો પર ડ્રોન હુમલા કર્યા. સાયબેરિયાના ઈર્કુત્સ્ક જેવા દૂરના વિસ્તારો સુધી, જ્યાંથી યુક્રેનની સીમા ૪૦૦૦ કિલોમીટર દૂર છે, ત્યાં સુધી સસ્તા FPV ડ્રોન્સે રશિયાના ૪૧ બોમ્બવર્ષક વિમાનોને આગમાં સળગાવી દીધા. આ કોઈ રાતોરાતની સાજિશ નહોતી, પરંતુ દોઢ વર્ષની ચાલાકીભરી યોજના હતી. સંભાવના છે કે, રશિયામાં યુક્રેનના જાસૂસ આ રમતમાં સામેલ હશે. ડ્રોન્સને ટ્રકમાં છુપાયેલા લાકડાના કેબિન્સમાં તસ્કરી કરીને રશિયાના અંદર પહોંચાડવામાં આવ્યા, અને પછી રિમોટથી છત ખોલીને આ ડ્રોન્સને ઉડાવવામાં આવ્યા. રશિયાના રણનીતિક બોમ્બવર્ષક, જેમ કે Tu-95 અને Tu-22M3, જે હવે બનાવવામાં પણ નથી આવતા, ધૂ-ધૂ કરીને બળી ઉઠ્યા. યુક્રેનની ગુપ્તચર એજન્સીએ તેને 'સુંદર રીતે બળતું' ગણાવ્યું, અને ખરેખર, આ હુમલો યુદ્ધની પુસ્તકોમાં નોંધવા લાયક છે. યુક્રેને ૧૧૭ નાના FPV ડ્રોન્સ, જેની કિંમત ૫૦ હજાર રૂપિયાથી પણ ઓછી માનવામાં આવી રહી છે, તેનો ઉપયોગ કરીને રશિયાના મોબાઈલ નેટવર્કનો ઉપયોગ કરીને સચોટ નિશાન પર મોકલ્યા. આ ડ્રોન્સ ટ્રકમાં લદાયેલા લાકડાના કન્ટેનરમાંથી બહાર આવ્યા. સંભવ છે કે ડ્રાઈવરોને પણ ખબર ન હોય કે તેઓ શું લઈ જઈ રહ્યા છે. યુક્રેને પહેલા રશિયાને ચકમો આપ્યો, તેમના વિમાનોને પસંદગીના હવાઈ મથકો પર એકઠા કરવા માટે મજબૂર કર્યા, અને પછી એક સાથે ધમાકો કર્યો. રશિયાને આ હુમલામાં ૭ બિલિયન ડોલરનું નુકસાન થયું છે, જે કોઈ નાની વાત નથી. હવે વાત ભારતની કરીએ તો યુક્રેનનો આ હુમલો ભારત માટે ચેતવણી જેવો છે. ભારત, જે પાકિસ્તાન અને ચીન જેવા પડોશીઓ સાથે સાથે આતંકી ખતરાઓથી ઘેરાયેલું છે, તેને આ હુમલાથી શીખ લેવી પડશે. તાજેતરમાં 'ઓપરેશન સિંદૂર' પછી ઘણા પાકિસ્તાની જાસૂસ પકડાયા. પંજાબ, હરિયાણા, ઓડિશા, ઉત્તર પ્રદેશ સુધી ફેલાયેલા જાસૂસી નેટવર્કની ખબર બતાવે છે કે પાકિસ્તાન ભારતને નુકસાન પહોંચાડવાની દરેક કોશિશ કરી રહ્યું છે. જો યુક્રેન રશિયાના અંદર એટલી ઊંડી સેનધ લગાવી શકે છે, તો વિચારો, પાકિસ્તાન અથવા અન્ય દુશ્મન ભારતમાં શું કરી શકે છે. તાજેતરમાં મળેલા જાસૂસોના નેટવર્ક આ ખતરા તરફ ઈશારો કરે છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોલકાતામાં સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (CFSL) નાં નવા મકાનનું ઉદ્ઘાટન કર્યું

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે પશ્ચિમ બંગાળમાં કોલકાતા સ્થિત સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (CFSL)ના નવા મકાનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, ભારત સરકાર સુરક્ષિત, પારદર્શક અને પુરાવા આધારિત ફોજદારી ન્યાય વ્યવસ્થા બનાવવાના વિઝન સાથે કામ કરી રહી છે. તેમણે કહ્યું કે આજે આ પ્રયાસમાં બીજી એક મહત્વપૂર્ણ કડી ઉમેરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે કોલકાતામાં રૂ. ૮૮ કરોડના ખર્ચે બનેલી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) પશ્ચિમ બંગાળ, ઝારખંડ, બિહાર, ઓડિશા, આસામ, સિક્કિમ અને પૂર્વોત્તરના તમામ રાજ્યોને પુરાવા આધારિત ફોજદારી ન્યાય વ્યવસ્થા વિકસાવવામાં અને સર્વાંગી અભિગમ સાથે ભૂમિકા ભજવવામાં મદદ કરશે. શ્રી શાહે કહ્યું કે અમારા ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણમાં, આ FSL પુરાવા, ફોરેન્સિક વિજ્ઞાનના મહત્વને સમજવા, અપનાવવા અને પહોંચાડવામાં અને દરેક પોલીસ સ્ટેશન સુધી પહોચાડવામાં અને દોષસિદ્ધિ સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે મોદી સરકાર ૩-૪ રાજ્યોના ક્લસ્ટર બનાવીને દેશભરમાં FSLનું નેટવર્ક સ્થાપિત કરવા માટે કામ કરી રહી છે. જેથી તેમની ફોજદારી ન્યાય પ્રણાલી પુરાવા-આધારિત બને. તેમણે કહ્યું કે આ ક્લસ્ટર અભિગમ સાથે, જાન્યુઆરી ૨૦૨૬ થી ફોરેન્સિક સાયન્સને પોલીસ સ્ટેશન સ્તર સુધી લઈ જવા, દરેક કોર્ટમાં પુરાવા તરીકે તેનું મહત્વ સ્થાપિત કરવા અને પોલીસ સ્ટેશનોમાં દરેક તપાસ અધિકારીને તેનું મહત્વ સમજાવવા માટે એક અભિયાન શરૂ કરવામાં આવશે. જેથી દેશભરમાં ફોજદારી ન્યાય પ્રણાલી દલીલ પર આધારિતથી પુરાવા-આધારિત બનશે, ખાતરી કરશે કે દોષિતોને શંકાના લાભનો ફાયદો ન મળે અને પીડિતને ન્યાય મળે. શ્રી શાહે કહ્યું કે આ સમગ્ર પ્રક્રિયા ત્યારે જ શક્ય છે, જ્યારે પોલીસ સ્ટેશનો, સરકારી વકીલો અને અદાલતો તેનું મહત્વ સમજે, તેને અપનાવે અને તેને તેમના કાર્યમાં પ્રાથમિકતા આપે. તેમણે ઉમેર્યું હતું કે FSL નેટવર્ક બનાવીને અને ક્લસ્ટર અભિગમ અપનાવીને, જટિલ કેસોમાં નિષ્ણાતોની સંડોવણીથી નિર્ણયો વધુ કાર્યક્ષમ રીતે લેવામાં આવશે. જેના પરિણામે સમગ્ર ફોજદારી ન્યાય પ્રણાલીમાં ધરમૂળથી પરિવર્તન આવશે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો કે આજે, નાર્કોટિક્સ વર્ઝન ૨.૦ અને એક્સપ્લોઝિવ વર્ઝન ૨.૦ ઔપચારિક રીતે લોન્ચ કરવામાં આવ્યા છે, જે દેશભરની ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ માટે વિવિધ કાર્યોને સરળ બનાવશે. અમિત શાહે કહ્યું કે આજે, ૨૧મી સદીમાં, જ્યારે આપણા વ્યવહારો, સંદેશાવ્યવહાર, ઓળખ અને મૂળભૂત વિગતો એક જ જગ્યાએ સંગ્રહિત થઈ રહી છે, ત્યારે ગુનાનું સ્વરૂપ પણ ઝડપથી બદલાઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ગુના અટકાવનારાઓ ગુનેગારોથી બે ડગલાં આગળ રહે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે અને જો આપણે આ પ્રયાસમાં વિજ્ઞાન અને સ્પષ્ટ કાયદાઓનો ઉપયોગ નહીં કરીએ, તો આપણે ગુનેગારોથી આગળ રહી શકીશું નહીં. તેમણે જણાવ્યું હતું કે ફોરેન્સિક ઓડિટ દ્વારા હવે મોટા નાણાકીય કૌભાંડોનો પર્દાફાશ થઈ રહ્યો છે અને આપણી ફોજદારી ન્યાય વ્યવસ્થા એક નવા યુગમાં પ્રવેશી રહી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે ભારતીય ન્યાય સંહિતા (BNS), ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ (BSA) એ ભારતના લોકોના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા માટે ભારતના લોકો દ્વારા ચૂંટાયેલા સંસદ દ્વારા બનાવવામાં આવેલા કાયદા છે. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં, ભારત સરકારે બ્રિટિશરો દ્વારા બનાવવામાં આવેલા ૧૬૦ વર્ષ જૂના કાયદાઓને રદ કર્યા છે.

**જાગૃતિ વગર જરૂરિયાત પર કાબુ આવી શકતો નથી, એ નીતાંત સત્ય છે, અને હાલના સાંપ્રત સમયમાં આપણી જરૂરિયાતો પર કાબુ નથી**

# ઈચ્છા કે ઈર્ષાનું ઇંધણ નાંખી નાંખીને આપણે જીવન યજ્ઞ બગાડી રહ્યા છીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણે સૌ ગણિત અને વિજ્ઞાન ભણ્યા છીએ પ્રમેય અને પ્રયોગ બંનેમાં પદ્ધતિનું ખૂબ જ મહત્વ છે, તો અધ્યાત્મ એક વિજ્ઞાન છે, અને વિજ્ઞાન પ્રયોગ વગર સિદ્ધ થતું નથી, એટલે અમુક પ્રકારના પ્રયોગોને જીવનમાં સ્થાન આપવું હોય તો, એને પદ્ધતિ વાર સમજાવીએ ત્યારે જ તે સફળતાથી પાર પડે, સદગુરુ કૃપાથી અનેક લોકો આવાં પ્રયોગો કરતાં થયાં છે! જીવનનાં ધ્યેયને બદલ્યા છે.**

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં કેટલાં સમયથી પ્રાર્થનાના ક્રમમાં નરસિંહના પદ વિશે ચિંતન થાય છે, અને નરસિંહ આપણને જાગૃતિથી ખુદનાં જયકારા સુધીના જ્ઞાનની સફર કરાવે છે. સંસારીઓ માટે સરળતાથી સહજ થઈને બ્રહ્મજ્ઞાનને પામી શકાય એવી સુંદર સુંદર રચનાઓ આપણે જોઈ. આપણને ઘણીવાર વિચાર આવે કે આવા પહોંચી ગયેલા સાધુપુરુષની રચનાનો આસ્વાદ કરવાથી આજે પણ આપણને ઈશ્વરના હોવા વિશેની સુખદ અનુભૂતિ થાય છે, તો જેમણે એનાં વિરાટ વ્યાપક અસ્તિત્વને કે પૂર્ણ સ્વરૂપને માણ્યું હશે, એ તો એ જ જાણે!! કોઈ પણ સત્ય હોય એને શબ્દમાં કંડારવાથી એ સત્યની માત્રા ઓછી થઈ જાય છે, પણ છતાં આ શબ્દો આપણને યથાર્થ જ્ઞાન આપવામાં સફળ નિવડ્યા છે. એટલે શબ્દ એજ પરબ્રહ્મ, અને પરબ્રહ્મ એજ સત્ય છે, એમ કહેવું એ જરા પણ ખોટું નથી!: પણ આપણી આ અનૂભૂતિ પાછળ આપણો અનુભવ જોડાયેલ નથી માટે એ શબ્દ બ્રહ્મ આપણને જીવનભર પ્રકાશ આપી શકતો નથી. તો એવું સત્ય શું છે? અથવા આપણે અનુભવ શું કામ કરી શકતા નથી? જાગૃતિ વગર જરૂરિયાત પર કાબુ આવી શકતો નથી, એ નીતાંત સત્ય છે, અને હાલના સાંપ્રત સમયમાં આપણી જરૂરિયાતો પર કાબુ નથી, માટે જ આપણે સુખનો અનુભવ કરી શકતા નથી, આપણાં જીવનનું એ જ સત્ય છે, જે પરબ્રહ્મનો અનુભવ થવા દેતું નથી. દિવસે ને દિવસે ઈચ્છા અથવા



ઈર્ષાનું ઇંધણ નાંખી નાંખીને આપણે આપણો જીવન યજ્ઞ બગાડી રહ્યા છીએ, એ વિશે ધ્યાન કેન્દ્રિત કરવા માટે જાગૃતિ બહુ જરૂરી છે. આજે અનુભવ, અનૂભૂતિ, અને પ્રતિતિનાં વિસ્તાર મુજબ જ્ઞાનની તીવ્રતા હોય, અને એ તીવ્રતાની નીપજ રુપે જે શબ્દ બ્રહ્મ મળે, કે સત્ય મળે એ જ પરબ્રહ્મ છે.

આપણે સૌ ગણિત અને વિજ્ઞાન ભણ્યા છીએ પ્રમેય અને પ્રયોગ બંનેમાં પદ્ધતિનું ખૂબ જ મહત્વ છે. તો અધ્યાત્મ એક વિજ્ઞાન છે, અને વિજ્ઞાન પ્રયોગ વગર સિદ્ધ થતું નથી, એટલે અમુક પ્રકારના પ્રયોગોને જીવનમાં સ્થાન આપવું હોય તો, એને પદ્ધતિ વાર સમજાવીએ ત્યારે જ તે સફળતાથી પાર પડે. સદગુરુ કૃપાથી અનેક લોકો આવાં પ્રયોગો કરતાં થયાં છે! જીવનનાં ધ્યેયને બદલ્યા છે, સ્વાર્થ છોડી પરમાર્થ વિશે વિચાર્યું, અને અમલ પણ કરતાં થયાં છે. અધ્યાત્મ વિજ્ઞાનમાં જ્ઞાનને પ્રકાશ કહેવામાં આવે છે, અને પ્રકાશ એટલે ઉર્જા. પ્રકાશ એટલે સકારાત્મક ઉર્જા અથવા સત્યની ઊર્જા એવું પણ કહી શકીએ! અસ્તિત્વમાં તો પ્રકાશ સ્વરૂપે ચાંદો સુરજ નિત્ય પ્રકાશમાન છે. પ્રકાશ ત્રણ સ્તરે ઉર્જા પ્રદાન કરે છે, પણ આપણી લાયકાત કે આપણી પાત્રતા મુજબ આપણે એને ગ્રહણ કરી શકીએ છીએ. આપણે અજવાળું જોઈતું હોય તો,બહુ સ્વાભાવિક રીતે જ દિપક પ્રગટાવવો પડે, અને દિપક પ્રગટાવવા વાટ તેમજ તેલ કે ઘી જોઈએ છીએ. કાયા એક માટીનું કોડિયું છે, અને એમાં પ્રાણ તત્વ રૂપે એક વાટ રહેલી છે, એને પ્રજ્વલિત કરવી હોય તો એમાં ઈંધણ નાખવું પડે. યજ્ઞ જેમ આપણને દીવો પ્રગટાવી સકારાત્મક ઉર્જા જોઈએ છીએ, માટે ઘી જરૂરી છે. ઘી એટલે જ્ઞેય પદાર્થ, અથવા જ્ઞાનને ધારણ કરનાર ધૃત પણ એને કહેવામાં આવે છે. જે માનવી પોતાને સવર્શ્રેષ્ઠ સમજતો હતો એ જ માનવી જ્યારે ઈશ્વર સત્તાને સર્વ શ્રેષ્ઠ સમજે, અને એના ચરણોમાં શરણાગત થાય એના જેવું બીજું શ્રેષ્ઠ જ્ઞાન કયું હોય, કે જ્યાં ખુદ સિવાય બીજાના અસ્તિત્વને મહત્વ અપાય. એટલે આવાં જ્ઞાનને ધારણ કરવાં માટે "હું પણું" ઘટવું અને પછી ધીરેધીરે મટવું જોઈએ. દીપક પ્રગટાવીએ એટલે પ્રકાશ થાય, પણ બહુ સ્વાભાવિક રીતે જ વાટ બળે છે, અને ઘી વપરાય છે. આપણો આત્મ દીપ પ્રગટે તો એ પ્રકાશ ઉર્જા આપણને સકારાત્મક ઉર્જા જરૂર આપે છે, પણ એની માટે સતત પ્રકાશતો રહે, એ પણ જરૂરી છે. આપણે સંસારી છીએ એટલે આપણું જ્ઞાન શુદ્ધ ક્યાં સુધી રહી શકે? મમતા મરે નહીં! અને મોહ જાય નહીં! તો આપણે આ દીપકમાં મમતાનાં જ શુદ્ધ સ્વરૂપ એવા સ્નેહનું કે પ્રેમનું ઈંધણ નાખીએ તો પરિણામે જે પ્રકાશ ઉર્જા પ્રાપ્ત થાય એ સહજતાથી સમર્પણ, અને સમાધાન કરતાં શીખવે છે.પણ પરિવારનો દરેક સદસ્ય એમ માને છે કે અમારા જેટલું કોઈ સમર્પણ કરે નહીં! હું તો ચાલીસ વર્ષથી.. તો કોઈ કહેશે અમે તો સુતરાઉ કપ ડાંમાં જીંદગી કાઢી નાખી! અને કોઈ કોઈ કહેશે ઓવર ટાઈમ કરવામાં છોકરાવ ક્યારે મોટા થઈ ગયાં એ ખબર જ ન પડી! અને એ જ છોકરાંવને અમારી પડી નથી! ટૂંકમાં સમાજનું આ વાસ્તવિક દર્શન છે, કે જ્યાં દરેકને ખુદનું મહત્વ દર્શાવવામાં જ સૌથી વધુ રસ છે ! તો નરસિંહનાં કહેવા પ્રમાણે તો હું કરું હું કરું એ જ અજ્ઞાનતા છે! એટલે જ્ઞાન સુધી પહોંચવું હોય તો જેમ જેમ અજ્ઞાન છોડતા જઈએ એમ જ્ઞાન તરફ આપણી ગતિ થાય .આમ પણ પ્રેમ તો મૌનની પરિભાષા કહેવાય એમાં બોલવાનું ન્હોય.

જ્ઞાનને ઊંચાઈ સાથે સરખાવવામાં આવે છે, એ જ રીતે પ્રેમને ગહેરાઈ સાથે સરખાવીએ છીએ. તો આપણે બાપુ કહે છે, એમ વસુધા વંશજ છીએ, અને ઉપર સુધી પહોંચવું એટલું સહેલું નથી, ત્યારે ધરા પર રહીને પ્રેમ એટલે જ પરમાત્મા! એ રીતે આપણે પ્રેમ નામના આ સાગરમાં ડૂબકી લગાવીએ, તો કદાચ કંઈક પ્રાપ્ત થાય! બીજી રીતે જોઈએ તો બ્રહ્માંડ ગોળ છે, અને શૂન્ય પણ ગોળ છે. બ્રહ્માંડ રુપી ગોળાકાર ગેબનાં રહસ્યને જાણવા હોય તો શૂન્ય થવું પડે! કે પછી પૂર્ણ પરમતત્વને જાણવાં ને માણવા માટે પ્રતિત કરવા માટે આપણે શૂન્ય થવું પડે. જ્યાં સુધી આ હું પણાનું લેબલ નહીં છૂટે, ત્યાં સુધી બધું જ વ્યર્થ! જે દિવસે હું પણું છૂટ્યું, પરમાત્મા આપણને પૂર્ણપણે અનુભવાય છે,અને એ રીતે એ સચરાચર સૃષ્ટિમાં પરસ્પર પ્રેમ આપણને વ્યાપક બ્રહ્મના દર્શન કરાવે છે, જે જ્ઞાનનું સર્વોચ્ચ શિખર છે. પૂજ્ય પાદ ડોંગરે મહારાજ કહેતાં, કે પરમાત્મા જ્યારે મળે ત્યારે પૂર્ણ મળે છે, અધૂરામાં એની ઉપલબ્ધિ ક્યારેય થતી નથી, અને પૂર્ણ પરમાત્મા કે પરબ્રહ્મ સુધી પહોંચાડનાર જ્ઞાન પણ જ્યારે મળે ત્યારે પૂર્ણ મળે છે, ત્યાં સુધી એ જાણકારી કે અધકચરી સમજ રૂપે આપણામાં અટવાતું રહે છે.

જ્ઞાન એટલે ઉંચાઈ એ રીતે જોઈએ, તો તો હું પણું વધારતી વાત થઈ, અને આપણે જાણીએ છીએ કે કોઈ વિષયનું જ્ઞાન અહંકાર કરાવે છે, અને એ રીતે ઉંચાઈ પર ટકી રહેવું મુશ્કેલ છે. પણ કોઈ તારનારાનું શરણું પકડી આ પ્રેમ રુપી સાગરમાં ડુબકી લગાવીએ, તો અનુભવ, અનૂભૂતિ કે પ્રતિતિ રૂપે કંઈક તો નીજી સંપદા પ્રાપ્ત થાય જ! તો આપણાં જેવાં સંસારીઓ માટે ઈચ્છા, ઈર્ષા, નિંદા, દ્વેષ, લોભ, લાલચ, મોહ, માયા, ક્રોધ, કપટ, ચતુરાઈ, અને મત્સર, એટલે કે અહંકાર જેવા અજ્ઞાનથી દુર રહેવું, એ જ જ્ઞાન છે, એ રીતે જ આપણે જ્ઞાનને સિદ્ધ કરી શકીશું, અને એ રીતે જ આપણે જ્ઞાનની ઉંચાઈ પર ટકી શકીશું. તો સત્ય પ્રેમ અને કરુણા રુપી પરબ્રહ્મને પ્રતિત કરાવતી ત્રિવેણીનું ઉદ્ગમ સ્થાન આપણું હૃદય બને એવું ઈચ્છતા હોઈએ તો આ રીતના જ્ઞાનને જીવન યજ્ઞનું તેજ બનાવી પ્રકાશ ઉર્જા પ્રાપ્ત કરીએ, કે જે પૂરા સમાજને પ્રકાશિત કરે, તેમજ એવું જીવન જીવવા પ્રેરણા આપે. આપણે સૌ આ રીતે જ્ઞાનને અર્જીત કરી જીવન યજ્ઞ અજવાળતા રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**મનુષ્ય જીવનમાં લક્ષ્ય નક્કી કરવાની બહુ જરૂર છે લક્ષને ધ્યાનમાં રાખી બધો વ્યવહાર કરો ઘર ભક્તિમાં ભજન છે**

# વિચારો અને પાણી હંમેશા સ્વચ્છ હોવા જોઈએ..! ખરાબ પાણી સ્વાસ્થ્યને બગાડે છે અને ખરાબ વિચારો જીવનને બગાડે છે..



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો ભાગવત સર્વને માટે છે ઘર છોડી તપશ્ચર્યા કરનાર માટે અને ઘરમાં રહેનાર માટે ભાગવતની કથાએ માર્ગદર્શક છે એવું નથી કે ઘર છોડનારને ભગવાન મળે છે, પ્રહલાદજીને ઘરમાં જ ભગવાન ના દર્શન થયા છે ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું તેમ છતાં પ્રહલાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે.**

કાળઝાળ ગરમી બફારો લોકોને ત્રાહિમામ પોકરાવી રહયો છે ત્યારે પાણી અને વાણીનો વિવેક બુદ્ધિથી ઉપયોગ કરવો જોઈએ આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભાગવત સર્વને માટે છે ઘર છોડી તપશ્ચર્યા કરનાર માટે અને ઘરમાં રહેનાર માટે ભાગવતની કથાએ માર્ગદર્શક છે એવું નથી કે ઘર છોડનારને ભગવાન મળે છે. પ્રહલાદજીને ઘરમાં જ ભગવાન ના દર્શન થયા છે ઘરનું વાતાવરણ પ્રતિકૂળ હતું તેમ છતાં પ્રહલાદ ઘરમાં જ ભજન કરી શક્યા છે.

મનુષ્ય જીવનમાં લક્ષ્ય નક્કી કરવાની બહુ જરૂર છે લક્ષને ધ્યાનમાં રાખી બધો વ્યવહાર કરો ઘર ભક્તિમાં ભજન છે એમ માની ભરતજી ઘર છોડીને વનમાં ગયા હતો ત્યાં પણ ભક્તિ કરી શક્યા નથી જ્યાં જીવ ત્યાં આ પચવીશયો સાથે આવે છે ઘરમાં રહીને ભક્તિ કરવી હોય તો પ્રહલાદનો આદર્શ નજર સમક્ષ રાખો વનમાં રહીને ભક્તિ કરવી હોય તો ભરતનું જીવન લક્ષમાં રાખો જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ જ છ ચોરો પડેલા છેકામ, ક્રોધ, લોભ મોહ મધ અને મત્સર આ વિકારો પાછળ આવે છે આ વિકારોને વર્ષ ન થઈ ઘરમાં રહે તો ઘર બાધક થતું નથી આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવાનું સહેલું છે. ફસાતા નથી. ગૃહસ્થને પૈસો છોડવો કામ સુખ છોડવુંએ અઘરું છે. પણ એનાથીયે અધમહાત્મા ઓએ આ સિદ્ધિઓમાંથી છૂટવું



તે છે. જ્ઞાની મહાત્માઓને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે, ઊભા થાય છે, બળદની જેમ ભાજી આરોગે છે. કોઈ મારે તો માને શરીરને માર પડે છે. મને શું? હું કાંઈ શરીર નથી. શરીરથી આત્મા જુદો છે. તે જાણે છે. પણ અનુભવે છે કોઈક નાળિયેરમાં કાચલી-કોપરું એક નથી,છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરા ને છોડતી નથી. તેમ મનુષ્યમાં જ્યાં સુધી વિષયરસ છે, વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું પાણીએ વિષય રસ છે. સંસારની કોઈ વસ્તુમાં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છે એમ લાગતું નથી

નામ રૂપને મૌહ છૂટતો નથી, ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે. એમ દેખાતું નથી. ઊલટો દેહા ધ્યાસ વધે છે સંસારના જડ પદાર્થો સાથે અતિસ્નેહ કરવાથી જડા વ્યાસ પણ વધે છે. તપથી અંતઃ કરણની જડશુદ્ધિ થાય છે, ને બ્રહ્મસુખ મળે છે.ને બ્રહ્મજ્ઞાન ની વાતો કરે,પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી. ખરો જ્ઞાનીએ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિનાસંસારના જડપ દાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકે નહીં. હું શરીર નથી. હું સર્વનો સાક્ષી ચેતન આત્માનંદરૂપ છું, એવું બ્રહ્મ જ્ઞાન થયા પછીપણ તેને સંસારના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્માનંદ મળશે નહીં બ્રહ્મ જ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઈપણ વસ્તુ માં સ્નેહ કરવો નહીં. કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં. જેઓ મૃત્યુરૂપ સંસારમાં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુ એ ગુરુ નથી, સ્વજનએ સ્વજન નથી, પિતા એ પિતા નથી અને માતાએ માતા નથી એટલે કે માતા થવાને લાયક નથી. ગુરુ, સ્વ જન, પિતા-જ્ઞાનની સાતભૂમિકા ઓ યોગ વિશષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છેઃ શુભેચ્છા, સુવિચારણા, તનુ, માનસા, સત્તવા પતિ, અસંસકિત. પદાર્થ ભાવિની, તુમગા. શુભેચ્છા : ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમના માર્ગદર્શન પ્રમાણે આત્મા નો સાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા સુવિચારણા સદગુરુએ ઉપદેશ કરેલ વચનોનો તથા શાસ્ત્રોનો વારંવાર વિચાર તે વિચારણા.તનુ માનસાઃ શ્રવણ, મનનનિદિ ધ્યાસનથી શબ્દાદિ વિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે બુદ્ધિના તત્તુતા સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. ૪.સત્ત્વાપત્તિ ઉપરના ત્રણથી સાક્ષાત્કાર પર્યતની સ્થતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વાપત્તિ. જ્ઞાનની ચોથી ભૂમિકાવાળો પુરુષ બ્રહ્મવિતા કહેવાય છે. ૫. અસંસ ક્તિચિત્ત વિશે પરમાનંદ અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્માત્મ ભાવનાનો સાક્ષાત્કાર તે અસંસ ક્તિ.એમાં અવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ. ૬.પદાર્થ ભાવિની પદાર્થોની દૃઢ અપ્રતીતિ થાય છે તે. ૭. તુયંગા ત્રણ અવસ્થાથી મુક્ત,બ્રહ્માને જે અવસ્થામાં આત્મારૂપે અખંડ જાણે તે અવસ્થા. આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે.બાકીની ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો, જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે, અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે.ઋષભ દેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી

જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો. બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા. ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગ્નિમાં સમજપૂર્વક પ્રવેશ કર્યો. દેહ બળે છે, આત્માને કંઈ થતુંનથી આવી આત્મનિષ્ઠા એ પરમ હંસો માટે છે. ઋષભદેવનું શરિરણામાન્ય માટે અનુકરણીય નથી. ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા. જેના નામ પરથી આ દેશનું નામ ભરત ખંડ પડ્યું છે. ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે.તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવત ભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો.

ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી. ભરતજી મહાવૈષ્ણવ હતા, તો પણ યજ્ઞ કરતા હતા. અગ્નિ તો ઠાકોરજીનું મુખ છે. ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રીકૃષ્ણના ચરણમાં અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભુને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી. ઈશ્વરની સાથે ખૂબ પ્રેમ કરો તો જ કરેલાં ત્યાં કર્મનું પુણ્ય પરમાત્માને અર્પણ કરી શકો પુત્રી મહેનત વધુ કરે છે પણ તેનું ફળ આપે છેપતિને,તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભુને સમર્પે છે સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે. સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી. ભરત નિષ્કામ ભાવથી કર્મ કરતાં અને તેનું પુણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, સમય સમયનું કામ કરે છે.આપણે તેની સાથે ચાલવા પ્રયત્ન કરીશું તો જ નિર્ધારિત મંજિલ સુધી પહોંચવા માં કોઈ જાતની તકલીફ નહીં પડે બાકી તો ભટકતા જ રહેવાનું છે.




# અભિનેતા અજય દેવગનની 'દ્રશ્યમ ૩' પર ખતરાના વાદળો છવાયા

## પેનોરમા સ્ટુડિયોઝ ઇન્ટરનેશનલ લિમિટેડે 'દ્રશ્યમ ૩' માટે ડિજિટલ ૧૮ મીડિયા પ્રાઇવેટ લિમિટેડ સાથે હાથ મિલાવ્યા છે

સુપર સ્ટાર મોહનલાલે એપ્રિલ ૨૦૨૫ માં તેમની સુપરહિટ ક્રાઈમ સસ્પેન્સ થ્રિલર 'દ્રશ્યમ' ફ્રેન્ચાઈઝી એટલે કે 'દ્રશ્યમ ૩' ના ત્રીજા ભાગની જાહેરાત કરી, ત્યારે તે અજય દેવગન માટે એક મોટો ફટકો માનવામાં આવ્યો. આનું કારણ એ છે કે મોહનલાલે તેમની મૂળ 'દ્રશ્યમ ૩' હિન્દી સહિત સમગ્ર ભારતમાં મલયાલમમાં રિલીઝ કરવાનું નક્કી કર્યું. તે જ સમયે, અજય દેવગણે ૨૦૨૨ માં 'દ્રશ્યમ ૨' ની રિલીઝ સાથે 'દ્રશ્યમ ૩' ની પણ જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં, અજય દેવગન માટે તણાવનો વિષય હતો કારણ કે જ્યારે મૂળ 'દ્રશ્યમ ૩' હિન્દીમાં રિલીઝ થશે, ત્યારે બીજી 'દ્રશ્યમ ૩' હિન્દીમાં કોણ જોશે? આ કારણે, અજય દેવગનની 'દ્રશ્યમ ૩' પર ખતરાના વાદળો છવાયા. પરંતુ હવે અજય દેવગનની 'દ્રશ્યમ ૩' પણ કન્ફર્મ થઈ ગઈ છે, અને તે તેમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.એક અહેવાલ મુજબ, પેનોરમા સ્ટુડિયોઝ ઈન્ટરનેશનલ લિમિટેડે 'દ્રશ્યમ ૩' માટે ડિજિટલ ૧૮ મીડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે હાથ મિલાવ્યા છે. ૨૯ મે, ૨૦૨૫ ના રોજ બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર સેબીના લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સના નિયમન ૩૦ હેઠળ ફાઈલ કરાયેલી ઔપચારિક જાહેરાતમાં, પેનોરમા સ્ટુડિયોઝે પુષ્ટિ આપી હતી કે ફિલ્મ 'દ્રશ્યમ ૩'નું નિર્માણ ચાલી રહ્યું છે.આ ફિલ્મમાં, અજય દેવગન મુખ્ય ભૂમિકામાં હશે અને વિજય સાલગાંવકરના પાત્રમાં પરત ફરશે. આ ફિલ્મનું દિગ્દર્શન અભિષેક પાઠક દ્વારા કરવામાં આવશે. તેમણે 'દ્રશ્યમ ૨'નું પણ દિગ્દર્શન કર્યું હતું જે ૨૦૨૨ માં આવ્યું હતું. પરંતુ અહીં એક મોટો ટ્વિસ્ટ છે, અને તે છે મોહનલાલની 'દ્રશ્યમ ૩'નો ટ્વિસ્ટ. વાસ્તવમાં, એપ્રિલમાં, અહેવાલ આવ્યા હતા કે મોહનલાલ તેમની 'દ્રશ્યમ ૩' મલયાલમ અને હિન્દીમાં એકસાથે રિલીઝ કરશે, અને બંનેની વાર્તા પણ અલગ હશે.'દ્રશ્યમ ૩' ના મલયાલમ વર્ઝનની વાર્તા પૂર્ણ થઈ ગઈ છે, ત્યારે હિન્દી વર્ઝનની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું હતું. આવી સ્થિતિમાં, અજય દેવગન સામે સૌથી મોટો પડકાર એ હશે કે તેઓ તેમની 'દ્રશ્યમ ૩' માં કંઈ અલગ વાર્તા લાવશે. એ વાત જાણીતી છે કે મોહનલાલની 'દ્રશ્યમ' ફ્રેન્ચાઈઝીની જેમ, અજય દેવગનની 'દ્રશ્યમ' અને 'દ્રશ્યમ ૨' સુપરહિટ રહી હતી. તેમની બંને ફિલ્મો મોહનલાલની ક્રાઈમ સસ્પેન્સ થ્રિલરની હિન્દી રિમેક હતી. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે 'દ્રશ્યમ ૩' પણ રિલીઝ પર હલચલ મચાવશે

# 'ધ રોયલ ઇગ્નોર' બરોડાનાં મહારાણી રાધિકા રાજેએ 'ધ રોયલ્સ'ની ટીકા કરી

## ઇન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા ઇશાન ખટ્ટર અને ભુમિ પેડનેકરની ટીકા કરી



ઈશાન ખટ્ટર અને ભુમિ પેડનેકરની 'ધ રોયલ્સ'માં રાજ પરિવારના સભ્યો અંગેના ખોટાં અર્થઘટન અને ગરીબ પરિવારની ધનવાન દેખાવાની વિચારધારાની ઘણી ટીકા થઈ છે. આ ટીકા છતાં નેટફ્લિક્સ દ્વારા આ શોની નવી સીઝન જાહેર કરવામાં આવી છે. ત્યારે હવે વડોદરાનાં મહારાણી રાધિકા રાજે ગાયકવાડે આ સિરીઝમાં ભારતીય રાજકીય વારસાનાં ખોટાં અર્થઘટનની ટીકા કરી છે. મહારાણી રાધિકા રાજેએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી અને રાજકીય પરિવારને જે રીતે દર્શાવાય છે, તે અંગે પોતાના વિચાર રજૂ કર્યા હતા. પોસ્ટમાં એક નિવેદન રજુ કરીને તેમણે લખ્યું હતું, "ધ રોયલ ઈગ્નોર. લોકો દેશના રજવાડાઓના સમુદાયને વ્યાપક પણે એવું માને છે કે તસવીરોમાં સજતાં, દંતકથાઓમાં દેખાતા અને રાજકારણથી લઈને સેવાઓ, મેગેઝનના કવર પર, એવાં વિવિધ ક્ષેત્રમાં સારી રીતે સ્થાન ધરાવવાથી લઈને ધ રોયલ્સમાં દર્શાવાયા છે, તે રીતે દર્શાવીને જ ટકાવી શકાશે. દુખની વાત છે કે, એવું થવાનું નહોતું, ૧૯૪૨થી..આઝાદી પછી જે બન્યું, વ્હીસ્કી અને બેદરકારીમાં રચ્યા પચ્યા રાજાઓ અને શિફોનની સાડીઓ અને મોતીના ઘરેણામાં સજેલી રાણીઓનાં ચિત્રણ દ્વારા રાજકિય રીતે પ્રેરિત અપપ્રચારથી જ અમને ઓળખવામાં આવ્યાં છે."આગળ રાધિકા રાજેએ જમાવ્યું કે ભારતની આઝાદી રજવાડાઓ માટે એવો વળાંક લઈને આવી કે તેના કારણે આંતરરાષ્ટ્રિય સ્તરે માન્યતા અને સંબંધ ધરાવતાં રજવાડાઓની રાજાશાહીનો અંત આવી ગયો. આ સંદર્ભે સરદાર વલ્લભભાઈ પટેલની રક્તવિહિન ક્રાંતિને યાદ કરીને તેમણે કહ્યું કે તેમણે ૫૬૫ રજવાડાઓએ આઝાદી પહેલા તેઓ જ્યાં ૪૦ટકા વિસ્તારો પર આધિપત્ય ધરાવતાં હતાં, તે પોતાના મહેલો, જમીનો અને ઓળખ તેમણે દેશની એકતા અને લોકશાહી રાષ્ટ્ર માટે સમર્પિત કરી દીધી. તેમણે એવું પણ કહ્યું કે, કેટલાંકે વિરોધ કર્યો, પરંતુ મોટા ભાગના રાજ પરિવારોએ અનિશ્ચિત ભવિષ્યને સ્વીકારી લીધું. ભારતીય રજવાડાઓએ યુરોપના સમૃદ્ધ દેશો સુધી પોતાનું ઉદાર અને કુશળ રાજ્ય વિસ્તાર્યું હતું, જેના ઈતિહાસમાં પુરાવા છે.

### બરોડાનાં મહારાણીએ એક પોસ્ટ શેર કરી હતી અને રાજકીય પરિવારને જે રીતે દર્શાવાય છે, તે અંગે પોતાના વિચાર રજૂ કર્યા હતા

આગળ તેમણે કહ્યું ભારતમાં કોઈ પણ દેશ કરતાં રજવાડાઓ વધુ હતા, સાથે તેઓ કોઈ એક પ્રદેશ, જાતિ કે ધર્મના નહોતા. તેમણે કહ્યું, "ભારતીય રજવાડાઓમાં બ્રાહ્મણો, રાજપુતો, મરાઠા, સિખો, મુસ્લિમો દરેક વૈવિધ્ય ધરાવતા સમાજના રાજાઓ હતા, ભારતે તેમના કેટલાક શ્રેષ્ઠ રાજકારણીઓ, રાજદ્વારીઓ, વન્યજીવન સંરક્ષણવાદીઓ, અમલદારો, લશ્કરી અધિકારીઓ, શિક્ષણવિદો, રમતવીરો, હોટેલિયરો અને ઉદ્યોગસાહસિકોને રાજવી પરિવારમાંથી ઉભરતા જોયા છે અને આજે આપણા મહેલો, કિલ્લાઓ અને સંગ્રહાલયો કદાચ ભારતના અખંડ, બિનરાજકીય સમર્થન અને સાંસ્કૃતિક ઈતિહાસના છેલ્લા કેટલાંક રક્ષકો છે, ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા ઈશાન ખટ્ટર અને ભુમિ પેડનેકરની ટીકા કરી, જે બધાંની તેઓ અંગત ક્ષમતા મુજબ જાળવણી છે. છતાં આટલા દાયકાઓ પછી પણ આપણો પોતાનો દેશ અમને - બધા ૫૬૫ પરિવારોને અને થોડા હજાર ખાનદાની - વિસ્મય, અજ્ઞાન અને અણગમાના વિચિત્ર મિશ્રણ સાથે જ જુએ છે."તેમણે એવું પણ કહ્યું હતું કે આજે પણ દેશના મોટાં તહેવારો અને તેમની ઉજવણીઓ રાજ પરિવારોએ જ જાળવી રાખી છે, ભલે વહિવટ કે સરકારમાં કોઈ પ્રતિનિધિત્વ ન હોય છતાં સ્થાનિકો આજે પણ તેમનાં પ્રદેશના રાજ પરિવારોને પહેલાં જેટલું જ માન સન્માન આપે છે.

# કર્ણાટકમાં ફિલ્મ ઠગ લાઈફ પર પ્રતિબંધની માંગણી

દક્ષિણના સુપરસ્ટાર કમલ હાસન હાલ તેમની ફિલ્મ ઠગ લાઈફને મુદ્દે ચર્ચામાં છે. ત્યારે ભાષાકીય વિરોધમાં કમલ હાસનનું નામ પણ પ્રકાશમાં આવ્યું છે. જેમાં થોડા દિવસો પહેલા કન્નડ ભાષા અંગે આપેલા નિવેદન બાદ કમલ હાસનનો ભારે વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.કન્નડ ભાષાના સમર્થકોએ ગઈકાલે કમલ હાસનનું પૂતળા દહન કરીને વિરોધ પણ કર્યો છે. કમલ હાસનના આ વિવાદ બાદ કર્ણાટકના મંત્રી શિવરાજ તંગડગીએ પણ કમલ હાસનને માફી માંગવા કહ્યું છે. આ ઉપરાંત શનિવારે કમલ હાસન વિરુદ્ધ કર્ણાટકમાં ઘણી જગ્યાએ ઉગ્ર વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા કમલ હાસન તેમની આગામી ફિલ્મ ઠગ લાઈફનું પ્રમોશન કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે એક નિવેદન આપ્યું હતું જેના પછી




હોબાળો થયો હતો. કમલ હાસને કહ્યું હતું કે કન્નડ ભાષા તમિલમાંથી જન્મી છે. આ નિવેદન બાદ કન્નડ ભાષાના લોકોએ તેનો વિરોધ કરવાનું શરૂ કર્યું અને કમલ હાસનને માફી માંગવા પણ કહ્યું હતું.આ પછી કમલ હાસનને પણ માફી માંગવા માટે કહેવામાં આવ્યું હતું. પરંતુ કમલ હાસન પોતાના નિવેદન પર અડગ રહ્યા અને માફી માંગવાનો ઈનકાર કર્યો. કમલ હાસને કહ્યું કે હું તમિલ, તેલુગુ અને કન્નડ ભાષા અને તેના લોકોનો હૃદયથી આદર અને પ્રેમ કરું છું. પરંતુ હું માફી નહીં માંગું. કમલ હાસનના આ નિવેદન પછી લોકો ગુસ્સે ભરાયા અને વિરોધ શરૂ કર્યો. લોકસભા સાંસદ એલઆર શિવરામ ગૌડા અને અન્ય કાર્યકરોની આગેવાની હેઠળ કન્નડ સમર્થક જૂથોએ કમલ હાસનની આગામી ફિલ્મ ઠગ લાઈફ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. કન્નડ ભાષાના કેટલાક સમર્થકોએ તેમનો જોરદાર વિરોધ કરતા કમલ હાસનના પુતળા પણ બાળ્યા છે. કમલ હાસનની ફિલ્મ ઠગ લાઈફ ૫ જૂને સિનેમા ઘરોમાં રિલીઝ થવાની છે.





અભિનેત્રી-કાર્તિક આર્યન ડેટ કરી રહ્યા હોવાની પણ ચર્ચા થઇ રહી છે

# શ્રીલીલાની 'હલદી'ની તસવીરો વાયરલ, ચાહકોમાં અટકળો

કાર્તિક આર્યન અને શ્રીલીલા ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા લાંબા સમયથી થઈ રહી છે. જોકે બોલીવૂડના નિષ્ણાંતોનું કહેવું છે કે કાર્તિક આર્યનનો આ એક પબ્લિસિટી સ્ટંટ છે. અનુરાગબાસુની એર ફિલ્મમાં કાર્તિક આર્યન અને શ્રીલીલાની જોડી જોવા મળવાની છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન તેઓ નજદીક આવી ગયા હોવાની પણ ચર્ચા છે. તેવામાં અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ પર પોતાની અંગત તસવીરો શેર કરીને ચાહકોમાં ખળભળાટ મચાવી દીધો છે. કાર્તિક આર્યનની માતાએ પણ એક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે, તેમના પરિવારને કાર્તિક માટે એક ડોકટર પુત્રવધુ જોઈએ છીએ શ્રીલીલાએ પોતાના મેકઅપ્આર્ટસ્ટ સાથે પોઝ આપતી હોવાની જોવા મળે છે જ્યારે અન્ય એક તસવીરમાં તે હલદી લગાવતી જોવા મળી રહી છે. આ સાથે અભિનેત્રીએ કમિગ સૂન એવું કેપ્શન આપીને લોકોને વિચારતા કરી મુક્યા છે. શ્રીલીલના ચાહકો અભિનેત્રી કાર્તિક સાથે લગ્નની તૈયારી કરી રહી હોવાની અથવા તો તેની આગામી ફિલ્મના એક શૂટિંગનો હિસ્સો હોવાનું માની રહ્યા છે. શ્રીલીલાનું નામ હાલ કાર્તિક આર્યન સાથે જોડાયુ




છે. બન્ને જણાએ હાલમાં જ ફિલ્મનં એક મોટું શેડયુલ પુરુ કર્યુ છે. થોડા દિવસો પહેલા જ શ્રીલીલાએ એક મિરર સેલ્ફી શેર કરી હતી જેની સાથે લખ્યું હતું કે, લાંબુ પરંતુ બહુ જ સંતુષ્ટિ દાયક શેડયુલ પુરુ થયું.કાર્તિક આર્યનની માતાએ પણ એક વાતચીત દરમિયાન જણાવ્યું હતુ ંકે, તેમના પરિવારને કાર્તિક માટે એક ડોકટર પુત્રવધુ જોઈએ છીએ.શ્રીલીલા મેડિકિલનો અભ્યાસ પણ કરી રહી હોવાથી લોકો માની રહ્યા છે કે કાર્તિકના પરિવારે શ્રીલીલાને પુત્રવધુ તરીકે સ્વીકારી છે. જોકે લોકોએ ત્યારે પણ આ વાતને પબ્લિસિટી સ્ટંટમાં ખપાવી હતી.

# અક્ષયની 'હાઉસફુલ ૫'ના શૂટિંગમાં થયો વિરોધ

## તરુણે છેલ્લે ૨૦૧૯માં ડ્રાઇવ નામની ફિલ્મ બનાવી હતી, પછી તે ઇન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગયા હતા

અક્ષય કુમારની ફિલ્મ 'હાઉસફુલ ૫' આજકાલ ચર્ચામાં છે, તાજેતરમાં જ તેનું ટ્રેલર લોંચ કરવામાં આવ્યું છે ફિલ્મમાં ૧૧ સેકન્ડની કાતર સાથે સેન્સર બોર્ડની મંજુરી પણ મળી ગઈ છે. ત્યારે હવે આ ફિલ્મના ડિરેક્ટર તરુણ તાહિલાની દ્વારા એક રસપ્રદ ખુલાસો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે આ ફિલ્મનું શૂટિંગ ક્રુઝ પર કરવા માટે કૅપ્ટને વાંધો ઉઠાવ્યો હતો. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં હાઉસફુલ ૫ના ડિરેક્ટર તરુણ મનસુખાનીએ ખુલાસો કર્યો હતો, તેમણે જણાવ્યું હતું કે ૧૯ કલાકારો સુધી ૪૦ દિવસ સુધી શૂટ કરવાનું હતું. તેમણે કહ્યું કે પહેલાં તો તેમણે આખા ક્રૂઝની ભુગોળ યાદ કરી લીધી હતી, જેથી કોઈ પણ પ્રકારનું ડિલે રોકી શકાય સાથે શોટ લેતી વખતે બલેન્સ પણ



જાળવી શકાય. સાથે તેમણે એમ પણ કહ્યું કે વારંવાર બદલાતી હવામાનની પરિસ્થિતિને કારણે પણ ઘણી મુશ્કેલીઓનો સાનવો કરવો પડ્યો હતો. એટલે સુધી કે ફિલ્મની ટીમે ભયંકર તોફાનનો પણ સામનો કરવો પડ્યો હતો. તેમણે આગળ જણાવ્યું, "મને યાદ છે, તોફાન દરમિયાન લોકો ઉભા પણ નહોતા રહી શકતા. કૅમેરા પણ ઉડી જાય એવી સ્થિતિમાં હતા. તોફાનના બીજા દિવસે તો કેપ્ટને અમને શૂટ કરવાની ના પાડી દીધી, તેમણે જણાવ્યું કે સુરક્ષાના કારણોસર અમારે શૂટ અટકાવવું પડશે." તરુણે છેલ્લે ૨૦૧૯માં ડ્રાઈવ નામની ફિલ્મ બનાવી હતી, પછી તે ઈન્ડસ્ટ્રીમાંથી ગાયબ થઈ ગયા હતા. તેમણે જણાવ્યું કે તેમને હાઉસફુલ ૫ની સ્ક્રિપ્ટ ફાઈનલ કરતા એક વર્ષ લાગી ગયું હતું. આ ફિલ્મમાં તેની નવી એન્ટ્રી થઈ છે તે અંગે પણ તેમણે વાત




કરી હતી. તેમણએ કહ્યું, આ ફ્રેન્ચાઈઝી માટે એનો આઈડિયા અને વાર્તા તેને સહજ જ મળી ગયા હતા. તરુણ મનસુખાનીએ એવું પણ કહ્યું કે તેણે આ ફિલ્મમાં દરેક કલાકારને યોગ્ય સ્ક્રીન ટાઈમ આપવાની કોશિશ કરી છે. તેણે કહ્યું કે નાના રોલ માટે મોટા કલાકારોને કાસ્ટ કરવા યોગ્ય નથી, તેથી તેણે બધાને મહત્વના રોલ આપવા કોશિશ કરી છે.

### ફિલ્મ આ વર્ષની સૌથી ચર્ચિત ફિલ્મ બની છે


# રજનીકાંતની ફિલ્મ 'કૂલી'એ રિલીઝ પહેલા 'રેડ ૨' ને હંફાવી

### આ ફિલ્મ વિશેનો દ્રષ્ટિકોણ એ છે કે રજનીકાંતની ફી એકલા ફિલ્મ વોર-૨ ના બજેટ જેટલી જ છે

રજનીકાંતની ફિલ્મે રિલીઝ પહેલા જ બમ્પર રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ફિલ્મે રિલીઝ પહેલા જ ૨૫૦ કરોડ કમાઈને બોલિવૂડની મોટા બજેટની ફિલ્મોને પાછળ છોડી દીધી છે. રજનીકાંતની આગામી ફિલ્મ કુલી ટ્રેન્ડિંગમાં છે. આ ફિલ્મે રિલીઝના અઢી મહિના પહેલા જ ૨૪૦ કરોડનો બમ્પર બિઝનેસ કર્યો છે.રજનીકાંતની ફિલ્મ આ વર્ષની




સૌથી ચર્ચિત ફિલ્મ બની છે. રજનીકાંત લોકેશ કનાગરાજ સાથે ફિલ્મ 'કુલી' લઈને આવી રહ્યા છે. તે જ સમયે, આ ફિલ્મની નવીનતમ અપડેટ એ છે કે ફિલ્મે રિલીઝ પહેલા જ કરોડોની કમાણી કરીને રેકોર્ડ તોડી નાખ્યો છે. અહેવાલ અનુસાર, ૩૭૫ કરોડના બજેટમાં બનેલી રજનીકાંતની ફિલ્મે રિલીઝના અઢી મહિના પહેલા જ ૨૪૦ કરોડનું બ્લોકબસ્ટર એડવાન્સ કલેક્શન કર્યુ છે. કુલી ફિલ્મના ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમે તેના રાઈટ્સ ૧૩૦ કરોડમાં ખરીદ્યા છે. આ ઉપરાંત, સન ટીવીએ સેટેલાઈટ રાઈટ્સ ૯૦ કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. સંગીત રાઈટ્સ પણ ૨૦ કરોડ રૂપિયામાં વેચાયા છે. ૩૭૫ કરોડના બજેટમાં બનેલી રજનીકાંતની ફિલ્મે રિલીઝના અઢી મહિના પહેલા જ ૨૪૦ કરોડનું બ્લોકબસ્ટર એડવાન્સ કલેક્શન કરી લીધું છે. ફિલ્મ કુલીના ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઈમએ ૧૩૦ કરોડમાં તેના રાઈટ્સ ખરીદ્યા છે. આ ઉપરાંત, સન ટીવીએ ૯૦ કરોડ રૂપિયામાં સેટેલાઈટ રાઈટ્સ ખરીદ્યા છે. સંગીત રાઈટ્સ પણ ૨૦ કરોડ રૂપિયામાં વેચાયા છે.આ ફિલ્મની રિલીઝ ડેટ ફિલ્મ વોર ૨ ની રિલીઝ ડેટ જેવી જ છે, એટલે કે રિતિક રોશન સીધા થિયેટરમાં રજનીકાંતનો સામનો કરવા જઈ રહ્યો છે. વોર ૨ માં રિતિક સાથે જુનિયર એનટીઆર પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. એનટીઆરની હાજરીને કારણે દક્ષિણ ફિલ્મ પ્રેમીઓમાં એક અલગ જ ક્રેઝ છે.રજનીકાંતની ફિલ્મ કુલી રિલીઝ થાય ત્યાં સુધીમાં તેનું બજેટ રિકવર કરે તેવી અપેક્ષા છે. અહેવાલ મુજબ, રજનીકાંતની ફિલ્મ કુલી રિલીઝ થાય ત્યાં સુધીમાં તેનું બજેટ રિકવર કરે તેવી અપેક્ષા છે.આ ફિલ્મ વિશેનો દ્રષ્ટિકોણ એ છે કે રજનીકાંતની ફી એકલા ફિલ્મ વોર ૨ ના બજેટ જેટલી જ છે.



# “વિશ્વ સાયકલ દિવસ” આરોગ્ય, પર્યાવરણ અને અર્થતંત્ર એમ ત્રણેય પાસાઓમા ખૂબ લાભદાયક છે સાયકલ

। (માહિતી) ડાંગ, તા.૨ ।

દર વર્ષે તારીખ ૩ જી જૂનના રોજ સમગ્ર વિશ્વમાં ‘વિશ્વ સાયકલ દિવસ‘ (World Bicycle Day) ઉજવવામાં આવે છે. આ દિવસ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૨૦૧૮માં જાહેર કરવામાં આવ્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં સાયકલના ઉપયોગ માટે જાગૃતિ લાવવાનો, અને સાયકલના ફાયદાઓ વિશે માહિતી આપવાનો છે. સાયકલ એ માત્ર યાત્રાનુસાધનનથી, પરંતુતેઆરોગ્ય, પર્યાવરણ અને અર્થતંત્ર એમ, ત્રણેય પાસાઓમા ખૂબ લાભદાયક છે. સાયકલ ચલાવવાથી શરીર તંદુરસ્ત રહે છે. તે હૃદયરોગ, ડાયાબિટીસ અને સ્થૂળતા જેવી ગંભીર બીમારીઓથી બચાવે છે. રોજિંદા જીવનમા સાયકલ ચલાવવી એ કસરતનો શ્રેષ્ઠ વિકલ્પ છે.




પર્યાવરણની દૃષ્ટિએ પણ સાયકલ ઉત્તમ વાહન છે. તે કોઈ પણ પ્રકારના વાયુ કે ધ્વનિ પ્રદૂષણ ઉત્પન્ન કરતુ નથી. આજના યુગમા વાહનોના ધુમાડાથી થઈ રહેલુ વાયુ પ્રદૂષણ જળવાયુ પરિવર્તનનુ મોટું કારણ બન્યુ છે. આવા સંજોગોમા સાયકલ એક હરિત અને સ્વચ્છ પરિવહન સાધન છે.

સાયકલની સૌથી મોટી ખાસિયત એ છે કે તે તમામ માટે સરળ અને સસ્તુ સાધન છે. તેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પણ સરળતાથી યાત્રા કરી શકે છે. શહેરોમા પણ ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને ઓછી કરવા માટે સાયકલ સારો વિકલ્પ બની શકે છે.

વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે ઘણી શાળાઓ, સંસ્થાઓ અને સંગઠનો રેલી, ચર્ચા, ક્વિઝ અને વિવિધ પ્રવૃત્તિઓનુ આયોજન કરે છે. વિદ્યાર્થીઓને સાયકલના ફાયદા સમજાવવામા આવે છે, અને સાયકલ ચલાવવા માટે પ્રોત્સાહિત કરવામા આવે છે.

નિષ્કર્ષરૂપે, સાયકલ માત્ર એક વાહન નથી, પરંતુ સ્વસ્થ જીવનશૈલી તરફનુ એક પગથિયુ છે. આપણે સૌએ સાયકલનો ઉપયોગ વધારવો જોઈએ અને પર્યાવરણને બચાવવા અને સ્વસ્થ જીવન જીવવા માટે દૈનિક જીવનમા તેને સ્થાન આપવું જોઈએ.

સાયકલ ચલાવવુ એ ઘણા પ્રકારે ફાયદાકારક છે. જેમ કે,

૧) શારીરિક આરોગ્ય માટે ફાયદાઃ હૃદયસંબંધિત આરોગ્ય સુધારે છે. નિયમિત સાયકલિંગ હૃદયને મજબૂત બનાવે છે, અને હૃદયરોગનો ખતરો ઘટાડે છે. તંદુરસ્ત વજન જાળવે છે. સાયકલ ચલાવવાથી કેલેરી બળે છે, જે વજન ઘટાડવા માટે મદદરૂપ બને છે. માંસપેશીઓ મજબૂત થાય છે. ખાસ કરીને પગ, જાંઘ અને પીઠની પેશીઓ માટે ખૂબ જ લાભદાયક છે. સાયકલ સાંધા અને હાડકા પર રનિંગ કરતા ઓછુ દબાણ લાવે છે. તેથી ઘૂંટણ અને સાંધાના દર્દમા પણ તે ઉપયોગી છે.

૨) માનસિક આરોગ્ય માટેના ફાયદાઃ દબાણ ઘટાડે છે, શારીરિક પ્રવૃત્તિ માનસિક તણાવ ઘટાડવામા મદદરૂપ બને છે. મૂડ સુધારે છે. એન્ડોર્ફિન (સુખદ હોર્મોન)ની વૃદ્ધિ થાય છે. આત્મવિશ્વાસ વધે છે. નિયમિત કસરતથી આત્મવિશ્વાસ અને આત્મસન્માન વધે છે.

૩) પર્યાવરણ માટે ફાયદાઃ પ્રદૂષણ ઓછુ થાય છે. સાયકલ ચલાવવાથી ઈંધણનો ઉપયોગ નથી થતો. તેથી વાયુપ્રદૂષણ ઓછુ થાય છે. શહેરી ટ્રાફિકમા રાહત આપે છે. ટ્રાફિક જામ ઓછો થાય છે, અને ટ્રાન્સપોર્ટ વધુ ટકાઉ બને છે.

૪) આર્થિક ફાયદાઃ પેટ્રોલ-ડીઝલનો ખર્ચ બચાવે છે. વાહનનો મેન્ટેનન્સ ખર્ચ ઘટે છે. પાર્કિંગની મુશ્કેલી ઓછી થાય છે.

### ભરત ટાવર પર ટ્રાફિક જામ જેવા પ્રશ્નોથી રાહદારીઓને મુક્તિ મળશે

# ઝાલોદ નગર ભરત ટાવર પર આવેલ એસ.બી.આઈ બેંકના સ્થળ બદલાવવાની ગણાતી ઘડિયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરના ભરત ટાવર પાસે એસ.બી.આઈ બેંકની મુખ્ય બ્રાંચ આવેલ છે. આ બેંકોમાં નોકરી કરતા સરકારી કર્મચારીઓના પગાર તેમજ સરકાર દ્વારા ચાલતી વિવિધ યોજનાઓની રકમ જમા થતી હોય છે. તેથી આ બેંકમા પોતાની કામગીરી કરવા આવનાર ગ્રાહકોની સંખ્યા પણ વધુ જોવા મળે છે. આ ભરત ટાવર પર બેંકમા આવનાર ગ્રાહકો પોતાના વાહનો લઈને આવતા હોવાથી આ વિસ્તારમાં નિયમિત રીતે અવારનવાર ટ્રાફિકની સમસ્યા સર્જાતી હતી. આ બેંકમા ટ્રાફિકને લઈ નડતર તેમજ વધતા બેંકના ગ્રાહકોને લઈ આ બેંક નવી જગ્યા સોધી રહી હતી. બેંક ને આ બધી સમસ્યાના સમાધાન સ્વરૂપ હાલ આ બેંકને ગ્રાહક સુવિધા વધારવા માટે બસ સ્ટેશન થી દાહોદ જતા રોડ પર શિવમ પેટ્રોલપંપની સામે દિપ હોસ્પિટલ પાસે બેંક ટૂંક સમયમાં ત્યાં ખસેડવામાં આવનાર છે. જેથી ત્યાં ગ્રાહકોને જરૂરી સુવિધાઓ ત્યાં મળી રહે.

# ઝાલોદ સંજીવની હોસ્પિટલમાં (Guillian-barre syndrome) નામક રોગના દર્દીની સફળ રીતે સારવાર કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

GBS (Guillian-barre syndrome) નામક રોગ લાખોમા એક વ્યકિતમા આ ગંભીર બિમારી જોવા મળી આવે છે... આ બિમારીનો નિદાન મોટા સેન્ટરોમા લાખોના ખર્ચે થતો હોય છે... આવા દર્દીઓને હાથ પગે લકવો જોવા મળી આવે છે શ્વાસ ચડતો હોય છે તાવ આવતો હોય છે દર્દીને વેન્ટિલેટર ઉપર રાખવા આવતો હોય જેમા દર્દી ગંભીર બિમારીનો શિકાર થતો હોય છે..ત્યારે આ રોગનુ નિદાન ઝાલોદ જેવા તાલુકા લેવલ લકવા-એટેક- ડાયાબીટીસ સ્પેશિયાલિસ્ટ ડો. દતેશ દેવડા સાહેબ સંજીવની હોસ્પિટલ ખાતે આ ગંભીર રોગનુ સફળતા પુર્વક સારવાર કરી અને દર્દીને મોટી ખામી માથી બચાવી લેવામા આવ્યો હતો..

# સેવાનિવૃત્ત કર્મચારીઓને નિવૃત્તિના દિવસે જ તેઓને મળતા તમામ લાભો આપી સન્માનિત કરતી અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી

## સેવકથી લઈ આચાર્ય સુધીના ૧૩૦ જેટલા તમામ સેવાનિવૃત્ત કર્મચારીઓનો સત્કાર સમારોહ યોજાયો




। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી (શહેર) દ્વારા દર વર્ષે સેવાનિવૃત્ત કર્મચારીઓને સન્માનિત કરી બિરદાવવા માટે અનોખી પહેલ કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા શહેરની તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના સેવકથી લઈને આચાર્ય સુધીના તમામ સેવાનિવૃત્ત કર્મચારીઓને નિવૃત્તિના દિવસે જ તેઓને મળતા લાભો આપી પ્રમાણપત્ર સાથે સન્માનિત પણ કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ વર્ષે પણ ૧૩૦ જેટલા સેવાનિવૃત્ત કર્મચારીઓનો સત્કાર સમારોહ યોજાયો હતો. જેમાં ૧૨ સેવકો, ૧૬ ક્લાર્ક, ૯૫ શિક્ષકો અને ૭ જેટલા આચાર્યો ને તેઓની સેવાનિવૃત્ત બદલ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ તેઓને મળતા લાભો પણ નિવૃત્તિના દિવસે જ મળી જાય તેવી કામગીરી અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી (શહેર) દ્વારા કરવામાં આવી હતી.

# વડાપ્રધાનશ્રીની “એક ભારત - શ્રેષ્ઠ ભારત” સંકલ્પના સાકાર કરતો ત્રિ-દિવસીય ઇન્ડિયન ફોક કાર્નિવલ અમદાવાદમાં સંપન્ન

## દેશભરના રાજ્યોના ૧ હજારથી વધુ લોક કલાકારો દ્વારા પારંપારિક નૃત્યોની પ્રસ્તુતિ

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

દેશભરના રાજ્યોના લોક કલાકારોએ ઇન્ડિયન ફોક કાર્નિવલમાં પોતાના પારંપારિક લોકનૃત્યો અને લોકકલાની અમદાવાદમાં પ્રસ્તુતિ કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની “એક ભારત, શ્રેષ્ઠ ભારત” સંકલ્પના સાકાર કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ કાર્નિવલના સમાપન અવસરે ઉપસ્થિત રહીને વિવિધ કલા પ્રસ્તુતિઓ માણી હતી. તેમણે આવી પરંપરાગત લોકકલાને નવી પેઢી સુધી પહોંચાડવા આધુનિક આયામો સાથેના આ ઇન્ડિયન ફોક કાર્નિવલને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા “વિરાસત ભી, વિકાસ ભી”ના ધ્યેયને પાર પાડનારું પ્રસંશનીય આયોજન ગણાવ્યું હતું.

લોકકલા ફાઉન્ડેશન દ્વારા રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સહયોગથી અમદાવાદમાં યોજાયેલા ત્રિ - દિવસીય ઇન્ડિયન ફોક કાર્નિવલમાં



દેશભરના ૧ હજારથી વધુ લોક કલાકારો સહભાગી થયા હતા.

આપણી ભવ્ય અને ભાતીગળ ઇતિહાસ ધરાવતી લોકકલાને મલ્ટી મીડિયાના મેગા શો દ્વારા નવી જનરેશન સુધી પહોંચાડવા માટે આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ માટે લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ અને તેમની ટીમને અભિનંદન પણ પાઠવ્યા હતા.

આ કાર્નિવલમાં પહેલા દિવસે ગુજરાતના લોકનૃત્યો, બીજા દિવસે આદિવાસી લોકનૃત્યો અને ત્રીજા દિવસે દેશના જુદાં જુદાં રાજ્યોના પરંપરાગત લોકનૃત્યોની કલા પ્રસ્તુતિ લોકોએ મનભરીને માણી હતી. કાર્નિવલના દિવસો દરમિયાન બે વર્કશોપ, બે આર્ટ ગેલેરી, ૧૦થી વધુ એવોર્ડ્સ અને ૧ હજારથી વધુ કલાકારો દ્વારા વિવિધ પ્રદેશોના ૫૦થી વધુ લોકનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા.

પાંચ હજારથી પણ વધુ લોક કલાકારો સાથે જોડાણ ધરાવતું લોકકલા ફાઉન્ડેશન આવા તળના કલાકારોની ટોચની કળા પીરસવાનું વિશાળ મંચ છે અને દેશ વિદેશમાં લોકકલા મંચન માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. અમદાવાદમાં યોજાયેલા આ ઇન્ડિયન ફોક કાર્નિવલના ત્રીજા અને અંતિમ દિવસે સમાપન સમારોહમાં અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન, ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક તથા પદ્મશ્રી જોરાવરસિંહ જાદવ, પદ્મશ્રીથી સન્માનિત વિખ્યાત લોક કલાકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવી, શહેર ભાજપ પ્રમુખ શ્રી પ્રેરક શાહ અને મોટી સંખ્યામાં લોકકલાકારો, કલાજગત સાથે સંકળાયેલા લોકો અને કલાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વૈદિક જીવનશૈલી, નૈતિક શિક્ષણ અને પ્રાકૃતિક કૃષિ જ આત્મનિર્ભર ભારતની આધારશીલા છે : આચાર્ય દેવવ્રતજી

## નવી દિલ્હીમાં ૪૨મી વૈચારિક ક્રાંતિ શિબિરનું સમાપન : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનો યુવાનોને વૈદિક મૂલ્યો આધારિત જીવન જીવવાની શીખ

। રાજભવન, તા.૨ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવી દિલ્હીમાં ડૉ. આંબેડકર ઈન્ટરનેશનલ સેન્ટરમાં આયોજિત ૪૨મી વૈચારિક ક્રાંતિ શિબિરના સમાપન સમારંભમાં યુવાનોને સંબોધતાં જણાવ્યું કે, વૈદિક જીવનશૈલી, નૈતિક શિક્ષણ અને પ્રાકૃતિક ખેતી — આ ત્રણ આત્મનિર્ભર ભારતની આધારશિલા છે. તેમણે યુવાનોને આહ્વાન કર્યું કે, તેઓ રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભાગીદાર બને અને પોતાના જીવનમાં વૈદિક મૂલ્યોને આત્મસાત કરે. અખિલ ભારતીય દયાનંદ સેવાશ્રમ સંઘ દ્વારા આયોજિત આ શિબિરમાં ભારતના નવ રાજ્યો; આસામ, નાગાલેન્ડ, ત્રિપુરા, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને બિહારમાં થી આવેલા યુવાનોએ ભાગ લીધો હતો. શિબિરનો ઉદેશ્ય યુવાનોને રાષ્ટ્રવાદ, સમાજસેવા અને આર્યસમાજના સિદ્ધાંતો આધારિત



નેતૃત્વ નિર્માણ તથા જીવન મૂલ્યોનું પ્રશિક્ષણ આપવાનો હતો.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના સંબોધનમાં ગુરુકુલ પદ્ધતિની પુનઃસ્થાપના, ચરિત્ર નિર્માણ અને પ્રાકૃતિક ખેતી વિષયક બાબતોની ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે છેલ્લા ઘણા વર્ષોથી તેઓ વૈદિક શિક્ષણ પદ્ધતિને પુનર્જીવિત કરવા પ્રયત્નશીલ છે અને ગુરુકુલોના માધ્યમથી નૈતિક જીવનશૈલીને સામાન્ય જનસમુદાય સુધી પહોંચાડી રહ્યા છે. તેમણે પ્રાકૃતિક ખેતીને ભારતની કૃષિ ક્રાંતિનું પ્રથમ ચરણ ગણાવતાં કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી પદ્ધતિ નથી, પરંતુ સમાજ પરિવર્તનનું શક્તિશાળી સાધન છે. રાજ્યપાલશ્રીએ આ અવસરે જણાવ્યું કે, “શિક્ષણ, સેવા અને સંસ્કાર — એ જ ભારતનો આત્મા છે. જ્યારે યુવા પેઢી વૈદિક વિચારો સાથે જોડાશે, ત્યારે જ સાચા અર્થમાં રાષ્ટ્રજાગૃતિ થશે.” આ સમારોહમાં દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ શ્રી વિજયેન્દ્ર ગુપ્તા, દિલ્હી સરકારના શિક્ષણમંત્રી શ્રી આશિષ સૂદ, જે.બી.એમ. જૂથના અધ્યક્ષ શ્રી એસ.કે. આર્ય, દિલ્હી આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ શ્રી ધર્મપાલ, મહામંત્રી શ્રી વિનય આર્ય અને સંઘવાહ શ્રી અનિલ ગુપ્તા સહિત અનેક ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# અંધારી ઓરડીમાં ઊગે છે ઉજળા પાક : આધુનિક ખેતી થકી મશરૂમનું મબલખ ઉત્પાદન

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

પિત્ઝાથી લઈને પ્રોટીન પાવડર તેમજ સૂપ, શાક અને અથાણાંમાં વપરાતા મશરૂમનું માતબર ઉત્પાદન વર્ષાબહેન આલોકે અમદાવાદ જિલ્લામાં કન્ટ્રોલ્ડ ફાર્મ યુનિટ લગાવીને શરૂ કર્યું છે. મશરૂમ ઠંડા ભેજવાળા વાતાવરણમાં જ ઉછરે છે તેથી આપણે ત્યાં સામાન્ય રીતે તેની ખેતી શક્ય બનતી નથી. જોકે, વર્ષાબહેને ધોળકામાં આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ખાસ યુનિટ સ્થાપીને બારેમાસ મશરૂમ ઉગાડવાની ફેસિલિટી વિકસાવી છે. ઉલ્લેખનીય છે કે, મશરૂમ એ વનસ્પતિ કે છોડ નથી, તેથી તેને સૂર્યપ્રકાશની જરૂર નથી. મશરૂમ એક ફૂગ



છે, સજીવ છે, જે ગાઢ જંગલમાં ઉછરે છે. ખાદ્ય મશરૂમ અનેક પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તાજેતરમાં વિકસિત ખેતી સંકલ્પ અભિયાનનો શુભારંભ કરાવ્યો છે. આ અભિયાનનો હેતુ ખેડૂતોને આધુનિક ખેત પદ્ધતિઓ અને સમયને અનુરૂપ ટેકનોલોજી વિશે માહિતગાર કરીને ખેત ઉત્પાદનમાં વૃદ્ધિ કરવાનો છે. કંટ્રોલ્ડ એન્વાયરમેન્ટ ફાર્મિંગ એટલે કે નિયંત્રિત વાતાવરણમાં ખેતી કરવાનાં નિષ્ણાત વર્ષાબહેને બટન મશરૂમની ખેતીના એક તીરથી ઘણા નિશાન સાધ્યા છે. ખાસ તો ફ્યુચરિસ્ટિક ફાર્મિંગ, વિકસિત ખેતીની આગવી કેડી કંડારી છે. વર્ષાબહેન આલોક પહેલા બેંકિંગ વ્યવસાયમાં હતા. અમદાવાદ અને મુંબઈમાં વિવિધ બેંકોમાં તેમણે નોકરી કરી છે. વર્ષાબહેન ‘કંટ્રોલ્ડ એન્વાયરમેન્ટ ફાર્મિંગ‘માં પીએચડીની ડિગ્રી ધરાવે છે. તેમણે આઈઆઈએમ, અમદાવાદમાંથી ‘ફૂડ એન્ડ એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ’નો અભ્યાસ પણ કર્યો છે. ઉત્તરાખંડના વતની વર્ષાબહેનને આધુનિક અને નવીનતમ ખેતી પ્રત્યે રુચિ હોવાથી તેમણે બેંકરમાં થી ફાર્મર બનવાનો નિર્ણય લીધો હતો. વર્ષાબહેને જણાવ્યું કે, ગુજરાતમાં ‘ઈઝ ઓફ બિઝનેસ‘ની જેમ ’ઈઝ ઓફ ફાર્મિંગ‘પણ છે. કાયદો વ્યવસ્થાની ઉત્તમ સ્થિતિ અને વ્યવસાય કરવા માટેની વિશાળ તકોની ઉપલબ્ધિને કારણે એક મહિલા તરીકે મેં મશરૂમની ખેતી માટે ગુજરાત અને તેમાંય અમદાવાદની પસંદગી કરી અને બે વર્ષ પહેલાં ધોળકામાં મશરૂમની ખેતી માટે કન્ટ્રોલ્ડ એન્વાયરમેન્ટ ફાર્મ યુનિટ સ્થાપ્યું છે. અમદાવાદ બાગાયત નિયામક કચેરીના માર્ગદર્શન મુજબ વર્ષાબહેને ધોળકામાં જે આધુનિક ફેસિલિટી વિકસાવી છે તેમાં કુલિંગ પ્લાન્ટ લગાવી ખૂબ જ ઠંડા વાતાવરણમાં મશરૂમ ઉગાડાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો અને તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પૂરું કરી શકશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે. ટૅક્સ તથા વીમાને લગતી બાબતમાં ધ્યાન આપવાની જરૂર પડશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો. પ્રવાસને કારણે તમારા વ્યાપારી સંપર્કો વધવાની શક્યતા છે. ઘરમાં વિધી-હવન-મંગળ સંસ્કાર કરાવશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ કેમ કે તેમને અચાનક કેટલોક અણધાર્યો લાભ થશે. મફત સમય નો સંપૂર્ણ આનંદ માણવા માટે, તમારે લોકો થી દૂર થવું જોઈએ.

**કર્ક (ડ,હ) :**
આજે તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. મોટી વયની વ્યક્તિની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારા પ્રેમની બિનજરૂરી માગણીઓ સામે ઝૂકતા નહીં. તમારા એક સારા કામને કારણે, કામના સ્થળે તમારા શત્રુઓ આજે તમારા મિત્ર બની શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા નિરાશાવાદી અભિગમને કારણે તમે પ્રગતિ કરી શકતા નથી. સમય પાકી ગયો છો કે તમે એ બાબતને સમજી લો કે ચિંતાએ તમારી વિચાશક્તિને મંદ પાડી દીધી છે. ઉજળી બાજુ તરફ જુઓ અને તમે ચોક્કસ જ તમારી વિવેકશક્તિમાં પરિવર્તન લાવી શકશો. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બૉસ નોંધ લે એ પૂર્વે બાકી રહેલા કાયર્યો પૂરાં કરો. આજે તમે તમારો મોટાભાગ નો સમય ઘરે સૂઈ ને વિતાવી શકો છો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો ના આશીર્વાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. બાળકો સાથે તમારો કઠોર વ્યવહાર તેમને નારાજ કરશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે. તમારી આસપાસ શું થઈ રહ્યું છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારા માતા-પિતાની અવગણના કરવી એ બાબત તમારી ભાવિ શક્યતાઓને હાનિ પહોંચાડી શકે છે. સારો સમય ક્યારેય લાંબો ટકતો નથી. માણસના કર્મો અવાજના મોજાં જેવા હોય છે. આ મોજાં પાછાં ફરે છે અને મેલોડી અથવા ધ્રૂજાવનારૂં સંગીત રચે છે. તે બીજ છે-આપણે જેવું વાવીએ છીએ તેવું જ લણીએ છીએ. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્દીગ્ન કરી મુકશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારો થોડો સમય અન્યોને આપ વા માટે સારો દિવસ. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. તમે તમારી યોજનાઓ વિશે સૌને જણાવ્યા કરશો તો તમે તમારા પ્રૉજેક્ટને બરબાદ કરી મુકશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. પાડોશી સાથેનો ઝઘડો તમારો મૂડ બગાડી નાખશે.

શ્રેયસ અય્યરની તોફાની બેટિંગે અપાવી જીત

# મુંબઇ ઈન્ડિયન્સને હરાવીને પંજાબ કિંગ્સ ફાઇનલમાં પહોંચી

## આઇપીએલઃ ક્વોલિફાયર-૨માં મુંબઈ ઇન્ડિયન્સનો પાંચ વિકેટથી પરાજય, શ્રૈયસ ઐયરના અણનમ ૮૭ રન



। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

પંજાબના કેપ્ટન શ્રૈયસ ઐયરે તનાવભરી સ્થિતિમાં અડીખમ બેટિંગ કરીને રવિવારે અહીં રમાયેલી ક્વોલિફાયર-૨ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સને પાંચ વિકેટથી હરાવીને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ૨૦૨૫ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલમાં પ્રવેશ કરી લીધો હતો. આમ મંગળવારે અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાનારી ફાઈનલમાં તેનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે થશે. શ્રેયસ ઐયરે ૪૧ બોલમાં અણનમ ૮૭ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા તથા આઠ સિક્સરનો સમાવેશ થતો હતો. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી એલિમિનેટર મેચમાં મુંબઈ ઈન્ડિયન્સે પ્રથમ બેટિંગ કરીને તેની ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૦૩ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં પંજાબ કિંગ્સે ૧૯ ઓવરમાં ૫ ાંચ વિકેટે ૨૦૭ રન કર્યા હતા.મેચ જીતવા માટે



૨૦૪ રનના ટારગેટ સામે રમતાં પંજાબે શરૂઆતમાં જ વિકેટ ગુમાવી દીધી હતી. ઓપનર પ્રભસિમરન સિંઘ છ રનના અંગત સ્કોરે ટ્રેન્ટ બોલ્ટના બોલે આઉટ થયો હતો. રિસે ટોપલેએ ફાઈન લેગ પર શાનદાર કેચ ઝડપ્યો હતો.જોશ ઈંગ્લિસ ૨૧ બોલમાં આક્રમક ૩૮ રન ફટકારીને આઉટ થયા બાદ કેપ્ટન શ્રેયસ ઐયર અને ડાબેરી બેટ્સમેન નેહલ વઢેરાએ મજબૂત ભાગીદારી નોંધાવીને મુંબઈની ચિંતામાં વધારો કર્યો હતો. બંનેએ આઠ ઓવરમાં ૮૪ રનની ભાગીદારી કરી દીધી હતી. અંતે ૧૬મી ઓવરમાં અશ્વિની કુમારે ટીમને સફળતા અપાવતાં નેહલને આઉટ કર્યો હતો. તેણે ૨૯ બોલમાં ૪૮ રન ફટકાર્યા હતા જેમાં બે સિક્સર અને ચાર ચોગ્ગાનો સમાવેશ થતો હતો. નેહલની વિકેટ બાદની ઓવરમાં ઐયરે તેની અડધી સદી ૨૭બોલમાં પૂરી કરી હતી. લગભગ સવા બે કલાકના વિલંબ બાદ રાત્રે ૯.૪૫ કલાકે મેચનો પ્રારંભ થયો હતો. અગાઉ પંજાબ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ ટોસ બાદ તરત જ વરસાદનું આગમન થઈ ગયું હતું. ત્યાર બાદ વારંવાર વરસાદ પડતો રહ્યો હતો જેને કારણે ગ્રાઉન્ડ સ્ટાફની મહેનત વધી ગઈ હતી. આમ છતાં હવામાન સ્વચ્છ થયા બાદ મેદાન રમત માટે સજ્જ થઈ ગયું હતું. મુંબઈ ઈન્ડિયન્સ માટે જોની બેરસ્ટોએ ઝડપી શરૂઆત કરી હતી. રોહિત શર્મા તો ત્રીજી ઓવરમાં જ આઉટ થઈ ગયો હતો પરંતુ બેરસ્ટો અને તિલક વર્માએ બેટિંગ કરી હતી.

ન્યૂઝ બ્રિફ

### હસીનાએ હત્યાનો આદેશ આપ્યો હતો : પૂર્વ PM પર આરોપ

। (એજન્સી) ઢાકા, તા.૨ ।

બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ ટ્રિબ્યુનલ (ICT) ભૂતપૂર્વ વડાપ્રધાન શેખ હસીના અને અન્ય બે લોકો પર ગયા વર્ષે વિદ્યાર્થી ઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો પર હિંસક કાર્યવાહીમાં તેમની કથિત ભૂમિકા બદલ સામૂહિક હત્યા સહિત અનેક આરોપો હેઠળ અભિયોગ લગાવ્યો છે. સરકારને હટાવ્યાના લગભગ ૧૦ મહિના પછી રવિવારની કાર્યવાહીમાં હસીના સામે માનવતા વિરુદ્ધ ગુનાઓ માટે ટ્રાયલ શરૂ થઈ હતી. ફરિયાદ પક્ષ દ્વારા ઔપચારિક રીતે આરોપો દાખલ કર્યા પછી ન્યાયાધીશ ગોલામ મોર્તુઝા મજુમદારની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની ICT બેન્ચે કહ્યું, 'અમે આરોપોની નોંધ લઈએ છીએ.'

### દિલ્હીમાં ટેક્સી ડ્રાઈવરે પોલીસકર્મીને બોનેટ પર ૧૦૦ મીટર સુધી ઢસેડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશની રાજધાની દિલ્હીના બે જુદા-જુદા વિસ્તારોમાં ટ્રાફિક પોલીસ કર્મીઓને ટક્કર મારવાની જુદી-જુદી ઘટના બની છે. પહેલી ઘટનામાં આરોપી ડ્રાઈવરે કારના બોનેટ પર પોલીસકર્મીને લટકાવીને લગભગ ૧૦૦ મીટર સુધી ઢસેડ્યો હતો. જોકે, લોકોએ બાઈક પાછળ દોડાવીને ટેક્સીના ડ્રાઈવરને પકડી લીધો હતો. જ્યારે બીજી ઘટનામાં આરોપી ડ્રાઈવર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે બંને મામલામાં ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે. પ્રથમ ઘટના દિલ્હીના દયાલપુર વિસ્તારની છે. દિલ્હી પોલીસને કરેલી ફરિયાદમાં ધર્મેન્દ્ર જણાવ્યું કે એ હેડ કોન્સ્ટેબલ છે અને પોતાની ફરજ ટ્રાફિક સર્કલમાં છે. ૨૭મી મેએ સાંજે લગભગ છ કલાકે એ એએસઆઈની સાથે ભજનપુર ચોકની પાસે ગાડીઓની તપાસ કરી રહ્યો હતો.

### ગાઝામાં મદદ કેન્દ્રમાં ટેન્ક લઈને ઘૂસી ઈઝરાયલની સેના

। (એજન્સી) ગાઝા, તા.૨ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધના કારણે ગાઝાવાસીઓ ભારે સંકટમાં મુકાઈ ગયા છે. અહીં અવાર નવા મિસાઈલ હુમલા, ગોળીબારની ઘટનાઓને કારણે અનેક લોકો ઘર વિહોણા થઈ ગયા છે. એટલું જ નહીં અહીંના મોત સામે ઝઝૂમવાની સાથે ભૂખમરો અને પાણી સંકટનો પણ સામનો કરી રહ્યા છે. અહીં મદદ કરતી સંસ્થાઓ પણ અનેક હુમલાઓનો સામનો કરી રહ્યા છે. ત્યારે ગાઝામાં મદદ કરતું કેન્દ્ર ઈઝરાયલની સેનાનો શિકાર થયું હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઈઝરાયલી સેના ટેન્ત સાથે દક્ષિણ ગાઝાના રફામાં ઘૂસી ગયું છે અને અહીં ગાઝા માનવીય ફાઉન્ડેશન પાસે આજે (૧ જૂન) અંધાધૂંધ ગોળીબાર કર્યો છે, જેમાં ૩૦થી વધુ લોકોના મોત અને ૧૭૫ લોકોને ઈજા થઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. ઈજાગ્રસ્તોને ખાન યુનિસની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સમગ્ર ઘટના ખૂબ વાયરલ થયો

## ચીનમાં એરપોર્ટ પર મહિલાની ઓળખ માટે મેકઅપ ધોવડાવાયો

### એરપોર્ટ અધિકારીઓએ સ્કેનરની મદદથી મહિલાની ઓળખ કરવાની કોશિશ કરી હતી, પરંતુ ઓળખ થઈ શકી નહીં

। (એજન્સી) શાંઘાઇ, તા.૨ ।

આંતરરાષ્ટ્રીય હવાઈ યાત્રા કરવા માટે એરપોર્ટ પર દરેક યાત્રીએ પાસપોર્ટ લઈ જવો પડે છે. એરપોર્ટ પર લાગેલા મશીનો દ્વારા યાત્રીઓની ઓળખ કરવામાં આવે છે. એરપોર્ટના અધિકારીઓ પણ યાત્રીઓની તલાશી લે છે, પરંતુ જો તમે તમારા પાસપોર્ટથી ઓળખાઈ શકો નહીં તો ચોક્કસપણે તમારા માટે સમસ્યા પેદા થઈ શકે છે. આવી જ એક ઘટના ચીનના શાંઘાઈ એરપોર્ટ પર બની છે, જ્યાં હવાઈ યાત્રા કરવા



માટે આવેલી મહિલાનો ચહેરો તેના પાસપોર્ટ સાથે મેચ થતો ન હતો. ત્યાર પછી એરપોર્ટ અધિકારીઓએ મહિલા યાત્રીઓને મેકઅપ ધોવાનું કહેવામાં આવ્યું હતું. મીડિયા અહેવાલ મુજબ, એરપોર્ટ અધિકારીઓએ સ્કેનરની મદદથી મહિલાની ઓળખ કરવાની કોશિશ કરી, પરંતુ ઓળખ થઈ શકી નહીં. ત્યાર પછી અધિકારીઓએ મહિલાને મેકઅપ હટાવવા કહ્યું. આ આખી ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ. ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સમગ્ર ઘટના ખૂબ વાયરલ થઈ છે. આ વીડિયોમાં મહિલા સ્કેનરમાં પોતાના ચેહરો મેચ થતો ન હોવાથી પરેશાન જોવા મળી રહી છે. અધિકારીઓ માન્યા નહીં તો મહિલા પેપરની મદદથી પોતાનો ચહેરો સાફ કરી રહી છે. જ્યારે કેમેરાની પાછળ એક અધિકારી મહિલાને ધમકાવી રહ્યો હોવાનું સંભળાઈ રહ્યું છે.

બીએલએફે પણ હુમલો કર્યો

## પાકિસ્તાનમાં બલુચ બળવાખોરોએ કરાચી નેશનલ હાઇવે પર કબ્જો કર્યો

### પોલીસ સ્ટેશનમાં પોલીસની ગાડીઓને પણ આગ લગાડી દીધી : હથિયારો લૂંટ્યા પાકિસ્તાનની સેનાની પકડ નબળી પડવા માંડી

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨ ।

પાકિસ્તાનમાં બલુચિસ્તાનના બળવાખોર સંગઠન બલુચ લિબરેશન આર્મી (બીએલએ) એ મોટી કાર્યવાહીને અંજામ આપ્યો છે. આ સશસ્ત્ર જૂથે ક્વેટા-કરાંચી હાઈવેને જામ કરીને મુખ્ય નેશનલ હાઈવે પર કબજો કરી લીધો છે. 'ધ બલુચિસ્તાન પોસ્ટ'ના રિપોર્ટ મુજબ, હથિયારધારી લડવૈયાઓએ લેવી પોલીસ સ્ટેશ પર હુમલો કર્યો અને બિલ્ડિંગ પર કબજો કરી લીધો છે. હુમલાખોરોએ પોલીસ અધિકારીઓને બંધક બનાવી લીધા



અને બિલ્ડિંગમાં આગ લગાડી દીધી છે. પોલીસ સ્ટેશનમાં પોલીસની ગાડીઓને પણ આગ લગાડી દીધી અને હથિયારો લૂંટી લીધા છે. આ પહેલા બીએલએના લડવૈયાઓએ સોરાબમાં મોટો હુમલો કરીને શહેર પર કબજો કરી લીધો છે. બીએલએના પ્રવક્તા જીયાંદ બલુચે જણાવ્યું કે તેમના કમાન્ડરોએ સોરાબ શહેર પર સંપૂર્ણ કંટ્રોલ કરી લીધો છે. પોલીસ સ્ટેશન, ડીસી ઓફિસ, ગેસ્ટ હાઉસ અને બેંકો પર કબજો કર્યો છે અને વ્યવસ્થા સંપૂર્ણપણે પાંગળી બનાવી દીધી છે. બલુચિસ્તાનમાં સતત થઈ રહેલા ઓપરેશનોથી સ્પષ્ટ છે કે બલુચ વિદ્રોહી સતત મજબૂત થઈ રહ્યા છે અને પાકિસ્તાનની સેનાની પકડ નબળી પડી રહી છે. બલુચિસ્તાનના બીજા સશસ્ત્ર જૂથ બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટે(બીએલએફ) ખુજદાર નાલમાં પાકિસ્તાનના સશસ્ત્ર દળો પર હુમલાની જવાબદારી લીધી છે.

## દેશમાં કોરોનાનો વધી રહેલો ખતરો, છેલ્લા ૪૮ કલાકમાં ૨૧ દર્દીઓનાં મોત

### કેરળ પછી મહારાષ્ટ્રમાં સૌથી વધુ વધુ સક્રિય કેસોની સંખ્યા ૪૮૫ હતી, જેમાં ૧લી જૂને ૧૮ નવા કેસો નોંધાયા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યા છે. છેલ્લા આંકડા પ્રમાણે વર્તમાન સમયમાં કોવિડ-૧૯ના સક્રિય કેસોની સંખ્યા ૩૦૦૦થી ઉપર પહોંચી ગઈ છે. કેરળમાં કોરોનાના સૌથી વધુ કેસો નોંધાઈ રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા પરથી જાણવા મળે છે કે ૨૫મી મે પછીથી દેશમાં કોવિડ-૧૯ના આંકડાઓમાં ૧૦ ઘણો વધારો થયો છે.કેરળ ઉપરાંત મહારાષ્ટ્ર, કર્ણાટક અને દિલ્હી કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત છે. છેલ્લા ૯ દિવસોમાં દેશમાં કોરોનાના કેસમાં ૧૩૦૦ ટકાનો વધારો થયો છે. જ્યારે દેશમાં છેલ્લા ૪૮ કલાકમાં ૨૧નાં મોત થયા છે. હાલ દેશમાં કોરોના વાયરસના સક્રિય કેસોની સંખ્યા ૩૭૮૩ છે. જ્યારે ચોંકાવનારી વાત એ છે કે બેંગલુરુમાં



વેક્સીનના ત્રણ ડોઝ લઈ ચુકેલા દર્દીના પણ મોત થયા છે. કેરળમાં કોવિડ-૧૯ના સૌથી વધુ સક્રિય કેસો છે અને અહીંયા લગભગ ૧૪૦૦ દર્દીઓ છે. રવિવારે કેરળમાં વધુ ૬૪ કેસો નોંધાયા છે. કેરળ પછી મહારાષ્ટ્રમાં સૌથી વધુ વધુ સક્રિય કેસોની સંખ્યા ૪૮૫ હતી, જેમાં ૧લી જૂને ૧૮ નવા કેસો નોંધાયા છે. જ્યારે દિલ્હીમાં રવિવારે સવારે આઠ વાગ્યા સુધીમાં સક્રિય કેસોની સંખ્યા ૪૩૬ હતી, જેમાં ૬૨ નવા કેસો રવિવારે નોંધાયા છે. કોરોનાના કેસોમાં ચિંતાજનક વધારો હોવા છતાં સરકાર કહે છે કે ચિંતાની કોઈ જરૂર નથી. કોવિડ-૧૯ની સ્થિતિ પર ચુસ્ત દેખરેખ રાખવામાં આવી રહી છે. ચેપનું પ્રમાણ ઓછું છે અને મોટાભાગના દર્દીઓની સારવાર પોતાના ઘરમાં જ ચાલી રહી છે. સામાન્ય નાગરિકોને વિનંતી છે કે તેમણે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. આઈસીએમઆરના ડાયરેક્ટર જનરલ ડો.રાજીવ બહલે જણાવ્યું કે પશ્ચિમ અને દક્ષિણમાં સેમ્પલોના જીનોમ સીક્સવેંસિંગથી ખબર પડે છે કે મામલાઓમાં વર્તમાન વૃદ્ધિને વધારનાર વેરિયન્ટ ગંભીર નથી અને એ ઓમીક્રોનના સબવેરિયન્ટ છે.

## ટ્રમ્પ મસ્કના ખાસ ઈસાકમેનને નાસાના પ્રમુખપદેથી હાંકી કાઢશે

### ઈસાકમને ૨૦૨૧માં એલન મસ્કની સ્પેસએક્સ કંપનીની સૌપ્રથમ ચાર્ટર્ડ ફ્લાઈટમાં અવકાશની યાત્રા કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

યુએસના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ટેક અબજોપતિ એલન મસ્કના નિકટના એવા જેરેડ ઈસાકમેનનું નાસાના પ્રમુખ તરીકેનું નામાંકન પરત ખેંચી લેશે. સૂત્રોના મતે આ બાબતે વ્હાઈટ હાઉસ તથા નાસા દ્વારા કોઈ નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. ટ્રમ્પે ગત ડિસેમ્બરમાં ઈસાકમેનને નાસાના પ્રમુખ બનાવવાની જાહેરાત કરી હતી.ડોનાલ્ડ ટ્રમ્પે તેના સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું હતું કે, ગહન સમીક્ષા કર્યા બાદ, હું નાસાના પ્રમુખ તરીકે જેરેડ ઈસાકમેનનું નામાંકન પરત ખેંચું છું. ટૂંક સમયમાં હું નવા વ્યક્તિનું નામ આ પદ માટે જાહેર કરીશે જે મિશન સાથે જોડાયેલો હોય તથા અવકાશ ક્ષેત્રમાં અમેરિકાને પ્રાથમિકતા આપશે. ઈસાકમને ૨૦૨૧માં એલન મસ્કની સ્પેસએક્સ કંપનીની સૌપ્રથમ ચાર્ટર્ડ ફ્લાઈટમાં અવકાશની યાત્રા કરી હતી અને ત્યારથી બંને વચ્ચે સારી મિત્રતા રહી છે. મસ્કે તાજેતરમાં ટ્રમ્પ સરકારમાં દક્ષતા વિભાગના વડાનું પદ છોડ્યું હતું.

CDS જનરલ અનિલ ચૌહાણે કહ્યું

## ઓપરેશન સિંદૂર વખતે 'ફેક ન્યૂઝ'નો સામનો કરવામાં ૧૫ ટકા સમય બગડ્યો

### ભારતને 'માહિતી યુદ્ધ' એટલે કે ઈન્ફોર્મેશન વોરફેર માટે એક અલગ અને ખાસ પ્રકારની શાખાની જરૂર

। (એજન્સી) સિંગાપોર, તા.૨ ।

સિંગાપોરમાં યોજાયેલી વિશ્વભરના સંરક્ષણ નેતાઓની મીટિંગ 'શાંગરી-લા ડાયલોગ'માં ભારતના 'ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ' (CDS) જનરલ અનિલ ચૌહાણે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન લગભગ ૧૫ 'ફેક ન્યૂઝ'નો જવાબ આપવામાં બગડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આના પરથી સ્પષ્ટ થાય છે કે ભારતને 'માહિતી યુદ્ધ' એટલે કે ઈન્ફોર્મેશન વૉરફેર માટે એક અલગ અને ખાસ પ્રકારની શાખાની જરૂર છે. જનરલ અનિલ ચૌહાણે કહ્યું હતું કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતની વ્યૂહરચના તથ્ય-આધારિત સંદેશાવ્યવહાર પર આધારિત રહી હતી, જેના કારણે જવાબ આપવામાં થોડો વિલંબ થયો. વરિષ્ઠ લશ્કરી અધિકારીઓ ઓપરેશનમાં વ્યસ્ત હોવાથી શરૂઆતમાં બે મહિલા અધિકારીએ મીડિયા સાથે વાત કરી હતી. જનરલ ચૌહાણે જણાવ્યું હતું કે, એવું માનવામાં આવે છે કે પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન ચીનની કોમર્શિયલ સેટેલાઈટ છબીનો ઉપયોગ કર્યો હશે, પરંતુ અત્યાર સુધી એવા



કોઈ પુરાવા નથી કે તેને રિયલ-ટાઈમ લક્ષ્ય (ટાર્ગેટિંગ)ની મદદ મળી હોય. ટેક્નોલોજીની વાત કરતા તેમણે કહ્યું કે, ભારતે આ ઓપરેશનમાં 'આકાશ મિસાઈલ સિસ્ટમ' જેવી સ્વદેશી સિસ્ટમનો ઉપયોગ કરીને મોટી સફળતા મેળવી હતી. ભારતે સ્વદેશી અને વિદેશી રડાર સિસ્ટમોને જોડીને એક મજબૂત અને સંકલિત સંરક્ષણ માળખું બનાવ્યું હતું, જેથી યુદ્ધ દરમિયાન યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લઈ શકાયા હતા. આ યુદ્ધ એક 'નોન-કોન્ટેક્ટ, મલ્ટી-ડોમેન' સંઘર્ષ જેવું હતું, જેમાં જમીન, હવા, સાયબર અને અન્ય ક્ષેત્રોનો ઉપયોગ કરાયો હતો. આમ, તેમાં ગતિશીલ અને બિન-ગતિશીલ શસ્ત્રોનો ઉપયોગ પણ થયો.

## અયોધ્યામાં બીજો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

। (એજન્સી) અયોધ્યા, તા.૨ ।

ઉત્તર પ્રદેશના અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં ભગવાન રામના બાળસ્વરૂપના વિગ્રહની ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. હવે આ જ મંદિરમાં બીજી વખત પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ થવા જઈ રહ્યો છે. ભગવાન રામને રાજા સ્વરૂપે વિરાજમાન કરવામાં આવશે. રામ મંદિરના મુખ્ય ગર્ભગૃહમાં બાળસ્વરૂપની પૂજા થઈ રહી છે, હવે પહેલા માળે રામ દરબારના દર્શન થશે. રામ દરબારમાં ભગવાન રામની માતા સીતા, હનુમાનજી તથા લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્નના પણ દર્શન થશે. આગામી પાંચમી જૂને ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમ માટે તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ગર્ભગૃહમાં તો દર્શન ચાલુ જ રહેશે. જેથી ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી રહી છે તથા સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. રામ મંદિરની આસપાસ અન્ય મંદિરોના પણ નિર્માણ કરવામાં આવ્યા છે, એવામાં પાંચમી જૂને સાત મંદિરોમાં પણ પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. રામ મંદિરના સમગ્ર પરિસરમાં ભગવાન ભોળાનાથ, ગણેશજી, મહાબલી હનુમાન, સૂર્ય દેવ, મા ભગવતી, અન્નપૂર્ણા માતાજીના મંદિરની સ્થાપના કરશે. આ વખતે અયોધ્યાના જ પ્રખ્યાત વિદ્વાનોએ પ્રાણ પ્રતિષ્ઠાનું મુહૂર્ત કાઢ્યું છે. પાંચમી જૂને ગંગા દશેરા પણ છે, આ જ દિવસે દ્વાપર યુગની શરૂઆત થઈ હતી અને આ જ દિવસે રામેશ્વરમની સ્થાપના થઈ હતી. પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવની શરૂઆત બીજી જૂને થશે જેમાં સરયૂ નદીથી કળશ યાત્રા યોજાશે.

IAEAના રિપોર્ટ બાદ પશ્ચિમી દેશોમાં હડકંપ

## ઈરાન પણ હવે ટૂંક સમયમાં બનાવી લેશે પરમાણુ બોમ્બ

### ઈરાને પરમાણુ શસ્ત્રો બનાવવા પૂરતું યુરેનિયમ એકઠું કર્યું

। (એજન્સી) તહેરાનો, તા.૨ ।

યુનાઈટેડ નેશન્સની ઈન્ટરનેશનલ એટોમિક એનર્જી મોનિટરિંગ એજન્સી (IAEA) એ ઈરાન વિશે ચોંકાવનારો અહેવાલ આપ્યો છે. IAEA અનુસાર, ઈરાને પરમાણુ શસ્ત્રો બનાવવા માટે પૂરતું યુરેનિયમ એકઠું કર્યું છે. આ અહેવાલમાં, ઈરાનને અપીલ કરવામાં આવી છે કે તે તાત્કાલિક પોતાનો પરમાણુ ઈરાદો બદલે અને એજન્સીની તપાસમાં સંપૂર્ણ સહયોગ કરે. IAEAના આ અહેવાલે સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી દીધી છે. આખું વિશ્વ ઈરાનની આ ગતિવિધિથી અચંબામાં છે કે, શું વાસ્તવમાં ઈરાન પરમાણુ બોમ્બ બનાવવા જઈ રહ્યું છે. કારણકે, તાજેતરમાં તેણે બે મોટા સંકેતો આપ્યા છે, જે એ હકીકત તરફ ઈશારો કરી રહ્યા છે કે ઈરાન કંઈક મોટું કરવાની તૈયારી કરી રહ્યું છે. IAEAના અહેવાલમાં જણાવાયું છે કે ઈરાને ૬૦%ની શુદ્ધતાનું યુરેનિયમ એકઠું કર્યું છે. આ સ્તર શસ્ત્ર-સ્તર (૯૦%) થી થોડું ઓછું છે, પરંતુ નિષ્ણાતો માને છે કે આનાથી પરમાણુ બોમ્બ બનાવવા તરફ આગળ વધવું ખૂબ જ સરળ બને છે. આ યુરેનિયમનો ઉપયોગ કેટલાક અન્ય



સંસાધનોની સાથે પરમાણુ શસ્ત્રો બનાવવા માટે થઈ શકે છે. બીજો મોટો સંકેત એ છે કે ઈરાને તાજેતરમાં અચાનક તેના ઘણા વિસ્તારોના હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધા છે. આવી સ્થિતિ સામાન્ય રીતે યુદ્ધ કવાયત, મિસાઈલ પરીક્ષણ અથવા મોટા લશ્કરી કાર્યવાહી પહેલા જોવા મળે છે. એવા અહેવાલો પણ છે કે ઈરાન મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે, જે આ શંકાને વધુ મજબૂત બનાવે છે કે તે તેની પરમાણુ ક્ષમતા અંગે કોઈ મોટું પગલું ભરવા જઈ રહ્યું છે. IAEA એ ઈરાનને તેના યુરેનિયમ કાર્યક્રમને તાત્કાલિક બંધ કરવાની માંગ કરી છે. રિપોર્ટ અનુસાર, ઈરાને ઘણી વખત IAEA મોનિટરિંગ ટીમોને રોકવાનો પ્રયાસ કર્યો છે.

## અમદાવાદ-ઇન્દોર હાઇવે પર અકસ્માતઃ એકનું મોત

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ-ઈન્દોર હાઈવે પર કાનભાના ચંદિયાલ ગામ નજીક ઈન્દોરથી અમદાવાદ જતી એક કાર ફૂલ સ્પિડમાં ત્યાં ઊભેલી ટ્રક સાથે અથડાઈ હતી. પહેલી જૂને સર્જાયેલા આ અકસ્માતમાં કારમાં પાછળ બેઠેલા એક યુવકનું મોત નિપજ્યું હતું અને અન્ય ત્રણ ઈજાગ્રસ્ત થયા હતાં. મળતી માહિતી મુજબ, આ યુવકો એક આઈસ્ક્રીમ પાર્લરના ઉદ્ઘાટનમાં હાજરી આપવા અમદાવાદ જતા હતા. પોલીસે આપેલી માહિતી મુજબ, ઈન્દોરથી કેટલાક યુવકો અમદાવાદમાં એક આઈસ્ક્રીમ પાર્લરના ઉદ્ઘાટન કાર્યક્રમમાં આવી રહ્યા હતા. આ દરમિયાન કારચાલકે અચાનક કાર પરથી કાબૂ ગુમાવતા ગાડી ત્યાં પાર્ક કરેલી મીનિ ટ્રક સાથે જોરથી અથડાઈ હતી. આ દરમિયાન તેણે એક બાઈકચાલકને પણ અડફેટે લીધો હતો. આ અકસ્માતમાં ટક્કર એટલી જોરથી થઈ હતી કે, કારમાં પાછળ બેઠેલા એક યુવકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અકસ્માતના મૃતકની ઓળખ રજ્જુ ગૌડ તરીકે થઈ છે, જે પાછળની સીટ પર બેઠો હતો. આ સિવાય અન્ય ત્રણ ઈજાગ્રસ્તની ઓળખ અજય રાજપૂત, રાહુલ રાજપૂત અને પુષ્પક યાદવ તરીકે થઈ છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ, ડ્રાઈવર પુષ્પકની સ્થિતિ ગંભીર હોવાનું માલુમ પડ્યું છે. આ વિશે વધુ માહિતી આપવા પોલીસે જણાવ્યું હતું કે, આ ચારેય યુવકો મિત્રો છે, જે વહેલી સવારે ઈન્દોરથી અમદાવાદ આવવા નીકળ્યા હતા. તેઓ અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં પુષ્પક યાદવના નવા આઈસક્રીમ પાર્લરના ઉદ્ઘાટનમાં જતા હતા.

# ડભોઇનું બાણેજ ગામ બન્યું પાણીના મિટર મૂકનારૂ જિલ્લાનું પ્રથમ ગામ

### ૨૪ કલાક પાણી વિતરણ છતાં મિટર મૂકવાથી ગ્રામજનોમાં પાણીના વિવેકપૂર્ણ વપરાશ માટે આવી સ્વયંશિસ્ત

। વડોદરા, તા.૨ ।

ડભોઈ તાલુકામાં આવેલા ઐતિહાસિક ગામ બાણજમાં જલ જીવન મિશન હેઠળ ગ્રામજનોને હવે ૨૪ કલાક પાણી મળતું થયું છે. ગામમાં પાણીના વપરાશ માટે મિટર મૂકવામાં આવ્યા છે. પાણી બચાવવા માટે ઘરે ઘરે મિટર મૂકવાની વ્યવસ્થામાં બાણજ ગામ જિલ્લામાં પ્રથમ છે. જેના કારણે પાણીની બચત થવાની સાથે ગ્રામજનોમાં પાણીના વિવેકપૂર્ણ વપરાશ કરવાની સ્વયંશિસ્ત પણ આવી છે. બાણજ ગામના તોરણ ગાયકવાડ સરકારના કાળમાં બંધાયા હતા. ગામના પાદરમાં જ ૨૨ વિઘાનું ક્ષેત્રફળ ધરાવતું તળાવ ભરઉનાળે પણ ભરાયેલું રહે છે. તેના કાંઠે જ પ્રાચીન વડલો ગામને ભવ્યતા બક્ષે છે. તળાવની સામે નાની ટેકરી છે.



ત્યાં પણ ગામના લોકો વસે છે. તેના કારણે વર્ષ ૨૦૧૭ પૂર્વે પાણી વિતરણની સમસ્યા રહેતી હતી. ઉંચાણ વાળા વિસ્તારમાં પાણી પૂરતા ફોર્સથી મળે નહી. ગ્રામજનોએ ઘર સુધી પાણી મેળવવા મોટર મૂકવી પડે એવી સ્થિતિ હતી. વળી પંચાયતની સ્થિતિ પણ કપરી હતી. કારણ કે, સમગ્ર ગામમાં પાણી પહોંચાડવા માટે ૫૦ હજાર લિટરની ઓવરહેડ ટાંકી ભરવા માટે ૧૬થી ૧૮ કલાક મોટર શરૂ રાખવી પડતી હતી. એમાં ક્યારેક લાઈન ના હોય કે મોટર બળી જવાના કારણે પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાઈ જતી હતી. આવા સંજોગોમાં પાણી વિતરણ વ્યવસ્થાને દુરસ્ત કરવામાં મદદે આવી રાજ્ય સરકારની સંસ્થા વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) ! ગામના સરપંચ શ્રીમતી મોનાબેન રાજેશભાઈ બારોટ કહે છે, વર્ષ ૨૦૧૭માં ગ્રામ પંચાયતે પાણી વિતરણ વ્યવસ્થાને નવી કરવાનું નક્કી કર્યું. જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ દ્વારા રૂ.૧૧.૨૧ લાખ કિંમતની યોજના મંજુર કરવામાં આવી. જેમાં ૯૦ ટકા રકમ સરકારશ્રી દ્વારા તથા ૧૦ ટકા રકમ ગ્રામજનોએ ઘર ઘરથી ઉઘરાવીને લોકફાળા રૂપે રૂ. ૧.૧૨ લાખની રકમ એકઠી કરી હતી.

## નાગરિકોની સુરક્ષા અને જાગૃત્તિ અંગે સુરતની ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ ખાતે ‘ઓપરેશન શિલ્ડ’ મોકડ્રીલ યોજાઈ

। સુરત, તા.૨ ।

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દુશ્મન દેશના હુમલા સામે નાગરિક સંરક્ષણની તૈયારીઓને વધારવા માટે નાગરિક સંરક્ષણ કવાયત ‘ઓપરેશન શિલ્ડ’નું આયોજન કરવાનો નિર્દેશ આપ્યો હતો. જેના અનુસંધાને સુરત શહેરના ઉમરવાડા સ્થિત ગ્લોબલ ટેક્ષટાઈલ માર્કેટ ખાતે સિવિલ ડિફેન્સ અંતર્ગત ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ યોજાઈ હતી. સંભવિત યુદ્ધની સ્થિતિમાં નાગરિકોને સુરક્ષિત અને જાગૃત્ત રાખવા માટે ‘ઓપરેશન શિલ્ડ’ નામથી આ સામૂહિક કવાયત હાથ ધરાઈ હતી. એર સ્ટ્રાઈકના કારણે ગ્લોબલ માર્કેટમાં આગ લાગી હતી. ઈમરજન્સી ઓપરેશન ખાતેથી ફાયર, ૧૦૮ એમ્બ્યુલન્સ તથા પોલીસ સહિતના વિભાગોને તત્કાલ ઘટનાસ્થળે પહોચવાનો નિર્દેશ અપાયો હતો. આગ થોડા જ સમયમાં વિકરાળ બની હતી. સાયરન વગાડી હવાઈ હુમલો થવાનો સંકેત આપી માર્કેટના વેપારીઓ, ગ્રાહકો, આસપાસના રહેણાંક સોસાયટીઓના



લોકોને સુરક્ષિત સ્થળે ખસી જવા એલર્ટ કરવામાં આવ્યા હતા. તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ફાયર ફાયટરોએ પાણીનો મારો ચલાવી આગ બુઝાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. ૧૦૮ અને સ્મીમેર હોસ્પિટલની એમ્બ્યુલન્સો ઘટનાસ્થળે પહોંચીને હવાઈ હુમલામાં ઘાયલ થયેલા ઈજાગ્રસ્તોને નજીક આવેલી સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ફાયર તેમજ SDRFની ટીમ દ્વારા તત્કાલ રેસ્ક્યુની કામગીરી હાથ ધરાઈ હતી. સિવિલ ડિફેન્સ વોલન્ટીયરોની ટીમે માનવ સાંકળ બનાવવા તેમજ ઈજાગ્રસ્તોને સ્ટ્રેચર પર લાવી તત્કાલ સારવાર માટે જોડાયા હતા.

# ત્રણ વર્ષ બાદ ગુજરાતમાં કોરોનાથી પ્રથમ મૃત્યુ

### ભારતમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે : ૧૦ દિવસ પહેલા ફક્ત ૨૫૭ હતા, જે વધીને ૩૫૦૦ થી વધુ થયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ફરી એકવાર દુનિયાને કોરોના ડરાવવા લાગ્યો છે, વર્ષ ૨૦૨૦માં ભયાનક તબાહી મચાવનારા કૉવિડ-૧૯એ દેશ અને ખાસ કરીને ગુજરાતમાં માથુ ઉંચક્યુ છે. હાલમાં તાજા અપડેટ પ્રમાણે, ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યામાં સતત વધારો નોંધાઈ રહ્યો છે, એટલું જ નહીં આજે એટલે કે ત્રણ વર્ષ બાદ કોરોનાથી ગુજરાતમાં પ્રથમ મૃત્યુ નોંધાયુ છે, આ મૃત્યુની સાથે જ તંત્ર પણ પણ દોડતુ થઈ ગયુ છે. હાલમાં ગુજરાતમાં કોરોનાના ૩૨૦ દર્દીઓ છે જે સારવાર હેઠળ છે.

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. છેલ્લા ૧૦ દિવસમાં કોરોના કેસોમાં ઝડપથી વધારો નોંધાઈ રહ્યો છે.



તાજા હેલ્થ અપડેટમાં સામે આવેલી માહિતી ચોંકાવનારી છે, ગુજરાતમાં ત્રણ વર્ષ બાદ કોરોનાથી પ્રથમ મૃત્યુ નોંધાયુ છે. અમદાવાદની ૪૬ વર્ષીય કોરોના સંક્રમિત મહિલાનું મૃત્યુ થયુ છે. કોરોનાની વાત કરીએ તો રાજ્યમાં અત્યારે કોરોનાના ૩૨૦ એક્ટિવ કેસો છે, કોરોનાના એક્ટિવ કેસમાં ગુજરાત દેશમાં ચોથા ક્રમે પહોંચી ગયુ છે, આ લિસ્ટમાં કેરળ, મહારાષ્ટ્ર, દિલ્લી બાદ ગુજરાતનો ચોથા ક્રમાંક છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતમાં એક્ટિવ કેસમાં ૫૫નો વધારો નોંધાયો છે. જો આ સ્થિતિ યથાવત રહી તો ગુજરાતમાં પરિસ્થિતિ વિકટ બની શકે છે. ભારતમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. ૧૦ દિવસ પહેલા ફક્ત ૨૫૭ હતા, જે હવે વધીને ૩૫૦૦ થી વધુ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૬૦ નવા કેસ નોંધાયા છે, જયારે બે લોકોના મોત પણ નોંધાયા છે.

હાલમાં, સક્રિય દર્દીઓની સંખ્યા ૩૭૫૮ પર પહોંચી ગઈ છે અને પોઝિટિવિટી રેટમાં પણ થોડો વધારો થયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૩૬૩ નવા કેસ નોંધાયા છે, જે પછી દેશમાં સક્રિય કેસોની સંખ્યા ૩૭૫૮ થઈ ગઈ છે. રવિવારે મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ ના ૬૫ નવા કેસ નોંધાયા, જેનાથી આ વર્ષે ૧ જાન્યુઆરીથી રાજ્યમાં કુલ કેસની સંખ્યા ૮૧૪ થઈ ગઈ છે. એક આરોગ્ય અધિકારીએ આ માહિતી આપી.

આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું કે આ ૬૫ કેસમાંથી ૩૧ પુણેના, ૨૨ મુંબઈના, ૯ થાણેના, બે કોલ્હાપુરના અને એક નાગપુરનો છે. આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે બધા કેસ હળવા પ્રકૃતિના છે અને દર્દીઓને નિયમિત સારવાર આપવામાં આવી રહી છે. કેરળ, મહારાષ્ટ્ર અને દિલ્હીમાં કોવિડ-૧૯ના સૌથી વધુ કેસ નોંધાયા છે. કેરળમાં કોરોના વાયરસના સૌથી વધુ સક્રિય કેસ ૧૪૦૦ છે, જયારે દિલ્હીમાં ૪૩૬ કેસ થઈ ગયા છે.

## સુરતમાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ અને હત્યા

। (એજન્સી) સુરત, તા.૨ ।

ગુજરાતમાં મારામારી, હત્યા, દુષ્કર્મની ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે સુરતના પલસાણા તાલુકાના વાંકાનેડા ગામની શ્રમજીવી પરિવારની પાંચ વર્ષની બાળકી પર દુષ્કર્મનો પ્રયાસ કરીને હત્યા નીપજાવી હોવાની ઘટના સામે આવી છે. મૂળ રાજસ્થાનના પાડોશી હેવાને બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બાળકી તાબે ન થતા તેને પથ્થર મારીને મોતને ઘાટ ઉતારી હતી. સમગ્ર મામલે પરિવારે કડોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે CCTV ફૂટેજના આધારે તપાસ કરીને ગણપતલાલ ચંદ્રપ્રકાશ નામના આરોપીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, સુરત જિલ્લાના પલસાણા તાલુકાના વાંકાનેડા ગામે રાધા રાણી ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં શ્રમજીવી પરિવારની ૫ વર્ષની બાળકી ગત રવિવારે ઘરેથી ગુમ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે પરિવારે પોલીસને જાણ કરી હતી. પોલીસ તપાસમાં પાડોશી ગણપતલાલ ચંદ્રપ્રકાશ નામનો શખ્સ બાળકીને લઈને જતો CCTV ફૂટેજમાં નજરે પડે છે. આ પછી પોલીસે શોધખોળ કરીને આરોપી ગણપતને ઝડપી પાડ્યો હતો.

## આજે વિશ્વ સાયકલ દિવસઃ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત વલસાડના તબીબ દંપતીએ લોકોમાં સાયકલ પ્રત્યે પ્રેમ જગાવ્યો

### ડો. કલ્પેશ જોશીએ વિશ્વની સૌથી મુશ્કેલ ૧૧૦૦૦ મીટરની ઊંચાઈ સાથે ૧૪૫૦ કિમીની પેરિસ-બ્રેસ્ટ-પેરિસ રાઇડ પૂર્ણ કરી સિધ્ધિ મેળવી

। વલસાડ, તા.૨ ।

સમાજને તંદુરસ્ત રાખવા માટે તબીબોની ખૂબ જ મહત્વની ભૂમિકા છે અને આ ભૂમિકા પોતાની હોસ્પિટલ કે દવાખાના સુધી સીમિત રહી નથી. પોતાના સ્વાસ્થયની તંદુરસ્તી બાબતે સમાજમાં જાગૃતિ કેળવાય, લોકો સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ રહે તે માટે વલસાડમાં એક તબીબ દંપતિ છે કે, જેઓ સમાજના દરેક વર્ગના લોકોને તંદુરસ્ત અને હેલ્ધી લાઈફ સ્ટાઈલ આપવા માટે વહેલી સવારથી સાંજ સુધી કાર્યરત રહે છે. પોતાની તબીબી ફરજની સાથે હેલ્થ પ્રત્યે સમાજને જાગૃત કરવાનું ભગીરથ કાર્ય કરી રનીંગ અને સાયકલિંગ માટે લોકોને પ્રોત્સાહિત કરે છે. વલસાડ જિલ્લા વહીવટી તંત્ર સાથે મળીને વર્ષ દરમિયાન અનેકવાર સાયકલોથોન અને મેરેથોનનું આયોજન કરે છે. આજે તા. ૩ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં સાયકલ ડે યોજાવા જઈ




રહ્યો છે ત્યારે વલસાડમાં એક દાયકા ઉપરાંતથી આ તબીબ દંપતીએ વલસાડવાસીઓમાં સાયકલિંગ પ્રત્યે જબરજસ્ત પ્રેમ જગાવ્યો છે. વલસાડમાં વસતા લોકોમાં પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવે તે માટે ડો. કલ્પેશ જોશીએ ૧૨ વર્ષ પહેલા વલસાડ રેસર્સ ગૃપની મિત્રો સાથે મળી સ્થાપના કરી હતી. ત્યારબાદ આ ગૃપના નેજા હેઠળ સાયકલોથોન અને સાયકલિંગ ઈવેન્ટસનું અનેકવાર સફળ આયોજન કરી લોકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરી દીધા છે. આજે વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે સાયકલિંગ પ્રત્યે તેમની વ્યક્તિગત સિદ્ધિઓઓ પર નજર કરીએ તો, ફ્રાન્સના પેરિસથી સુપર રેન્ડોન્યુર ટાઈટલ જીતીને ત્રણ વખત લાંબા અંતરની બ્રેવેટ શ્રેણી (૨૦૦, ૩૦૦, ૪૦૦, ૬૦૦ કિમી) પૂર્ણ કરી છે. બે વાર ૧૦૦૦ કિમી રાઈડ્સ પૂર્ણ કરી, ૨૦૧૯માં પેરિસ-બ્રેસ્ટ-પેરિસ (PBP) સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી જે ૧૧૦૦૦ મીટરની ઊંચાઈ સાથે ૧૪૫૦ કિમીની રાઈડ હતી. આ વિશ્વની સૌથી મુશ્કેલ સાયકલિંગ ઈવેન્ટ્સમાંની એક છે. ડો. કલ્પેશભાઈ જોશીના પત્ની અને તબીબ ડો.ભૈરવીબેન જોશીએ આરોગ્ય, શિક્ષણ અને પર્યાવરણ ક્ષેત્રે કામ કરવા માટે ૨૦૧૫માં ત્રયમ ફાઉન્ડેશનની સ્થાપના કરી ખાસ કરીને બાળકો અને મહિલાઓમાં સાયકલ પ્રેમ જાગે તે માટે ભગીરથ પ્રયાસ કર્યા છે. વ્યવસાયે ડો. ભૈરવી ડેન્ટિસ્ટ છે, પણ તેમનું વ્યક્તિત્વ માત્ર તબીબી ક્ષેત્રમાં જ સીમિત નથી રહ્યું, તેઓ તંદુદરસ્ત પર્યાવરણ માટે નિષ્ઠાવાન અને કાર્યદક્ષ રહ્યા છે. (BYCS) બાઈક્સ ઈન્ડિયા ફાઉન્ડેશનના તેઓ પ્રથમ બાયસીકલ મેયર હતા અને હવે (CEO) સી.ઈ.ઓ છે.

## ઓપરેશન સિંદુરથી પ્રેરાઇને વડોદરાના ૧૦ વર્ષના બાળકે પોતાની ચાર વર્ષની બચત સૈનિકોના કલ્યાણ માટે દાન આપી

। વડોદરા, તા.૨ ।

આતંકવાદ સામે ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદુર થકી કરાયેલી કાર્યવાહીથી પ્રેરાઈને વડોદરા શહેરના માત્ર ૧૦ વર્ષના એક બાળકે તેમની ચાર વર્ષની બચતની ગુલખ સૈનિકોના કલ્યાણ માટે અર્પણ કરી છે. આ બાળકની દેશભક્તિ નિહાળીને વડોદરાના કલેક્ટર ડો. અનિલ ધામેલિયા પણ આશ્ચર્ય ચકિત રહી ગયા હતા.



અહીંના અકોટા વિસ્તારમાં રહેતા અને શેર બજારના પોર્ટફોલિયો મેનેજમેન્ટનો વ્યવસાય કરતા નયન શાહ અને આનંદા શાહનો ૧૦ વર્ષનો પુત્ર અંશ શાહ ખાનગી શાળામાં અભ્યાસ કરે છે. અંશની આયુ ભલે નાની હોય પણ ભગવાને તેમને હૃદય દરિયા જેવું વિશાળ આપ્યું છે. અંશની દરિયાદિલી એટલી છે કે, તે પોતાના જૂના પુસ્તકો, વસ્ત્રો સહિતની વસ્તુ સમયાંતરે દાન કરતો રહે છે. તેમની દાનવૃત્તિ પણ ગજબ છે. તેમના માતાપિતા તેમના આવા સદ્કાર્યો માટે પ્રેરણા આપતા રહે છે અને સખાવતી સદ્ગુણને પોષતા રહે છે. તાજેતરમાં પહલગામમાં થયેલા આતંકી હુમલા અને તે બાદ તેનો જવાબ આપવા ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદુર થકી કરાયેલી કાર્યવાહીની વિગતો અંશને સમાચાર માધ્યમોથી મળી અને તેમાં તીવ્ર દેશભક્તિ જાગૃત થઈ ઉઠી. હું આપણા આવા વીર સૈનિકો માટે શું કરી શકું ? એવો પ્રશ્ન તેમણે પોતાના માતાપિતાને પૂછ્યો. સવાલ સાંભળી નયનભાઈ અને આનંદાબેન પણ ચોકી ઉઠ્યા. માતાપિતાએ કહ્યું કે, તારી ગુલખ સૈનિકોના કલ્યાણ માટે દાનમાં આપીએ ! આ સાંભળી અંશ રાજી થઈ ગયો.

## વલસાડ જિલ્લાના ૮૧૫ પેન્શનરોએ ઘર બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફીકેટનો લાભ મેળવ્યો

### ૪૨૩ રેશન કાર્ડ ધારકોને ડોર ટુ ડોર NFSAE-KYC ની મફત સેવા આપવામાં આવી



। વલસાડ, તા.૨ ।

ગુજરાત સરકારના નાણાં વિભાગ અને ભારતીય ડાક વિભાગ વચ્ચે થયેલી સમજૂતી કરાર મુજબ ગુજરાતના પેન્શનરોના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં પેન્શનરોને મુસાફરીમાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને પોસ્ટ વિભાગની તમામ પોસ્ટ ઓફિસો દ્વારા પેન્શનરોને માટે Digital Life Certificate - DLC સેવા મફતમાં પૂરી પાડવામાં આવી રહી છે. કોઈપણ પેન્શનર (જેનું પેન્શન ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે) તે ૩૧ જુલાઈ, ૨૦૨૫ સુધી આ સેવાનો લાભ લઈ શકે છે. ગુજરાત સરકારના તમામ NFSA રેશનકાર્ડ ધારકો માટે e-KYC જનરેટ કરવાની સેવા પણ પોસ્ટ વિભાગ દ્વારા મફતમાં આપવામાં આવી રહી છે. NFSA રેશન કાર્ડ ધારકોને આ સેવા ઘર બેઠા મળી રહે તે માટે આ કામગીરી ડોર ટુ ડોર તથા કેમ્પ દ્વારા કરવામાં આવી રહી છે. આ અંતર્ગત વલસાડ પોસ્ટ વિભાગની ૩૨૫ પોસ્ટ ઓફિસો (શહેર તેમજ ગામ વિસ્તારો) માં અત્યારસુધીમાં પોસ્ટમેન તથા બ્રાંચ પોસ્ટમાસ્ટર દ્વારા ૮૧૫ જેટલા પેન્શનરોને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) અને ૪૨૩ રેશન કાર્ડ ધારકોને ત્યાં NFSA E-KYC ની મફત સેવા આપવામાં આવી છે.

આ બંને સેવાનો લાભ લેવા માટે પેન્શનર ધારકો અને NFSA રેશન કાર્ડ ધારકો નજીકની પોસ્ટ ઓફિસના પોસ્ટમેન તથા બ્રાંચ પોસ્ટમાસ્ટરનો સંપર્ક કરી શકે છે.




સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

LIVE
cnngujarat.co.in

આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

